અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૧ મે ૨૦૨૪, શનિવાર
વિક્રમ સંવત ૨૦૮૦, વૈશાખ સુદ ૪

વર્ષ : ૧૫
અંક : ૨૮૦

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

# કેજરીવાલને કોર્ટથી મળી રાહત, ૧ જૂન સુધીના વચગાળાના જામીન મંજૂર

## કેજરીવાલની ૨૧ માર્ચે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા ૨૧ માર્ચે રદ કરાયેલી દિલ્હી એક્સાઈઝ પોલિસી કેસમાં ધરપકડ કરવામાં આવી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

દિલ્હીના શરાબ કૌભાંડ કેસમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને અંતે વચગાળાના જામીન મળી ગયા છે. કેજરીવાલના વચગાળાના જામીન પર સુપ્રીમ કોર્ટે આજે પોતાનો ચુકાદો આપ્યો છે. જોકે, ૨ જૂને તેમને ફરીથી આત્મસમર્પણ કરવી પડશે. કેજરીવાલે મત ગણતરી સુધી તેમને જામીન આપવા વિનંતી કરી હતી પરંતુ સુપ્રીમ કોર્ટે તેમની અરજી ફગાવી દીધી હતી અને તેમને ૨ જૂને આત્મસમર્પણ કરવાનો નિર્દેશ આપ્યો હતો. એટલે કે તેમને ૧ જૂન સુધીના જામીન મળ્યા છે. કેજરીવાલની ૨૧ માર્ચે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા ૨૧ માર્ચે રદ કરાયેલી દિલ્હી એક્સાઈઝ પોલિસી ૨૦૨૧-૨૨માં કથિત અનિયમિતતાઓને લગતી મની લોન્ડરિંગ તપાસના સંબંધમાં ધરપકડ કરવામાં આવી હતી. મંગળવારે બેન્ચે કેજરીવાલને આગામી લોકસભા ચૂંટણી માટે પ્રચાર કરવા સક્ષમ બનાવવા માટે વચગાળાના જામીન આપવાનો સંકેત આપ્યો હતો. જોકે, બેન્ચે એમ પણ કહ્યું હતું કે, જો વચગાળાના જામીન આપવામાં આવશે, તો પણ કેજરીવાલને મુખ્યમંત્રી તરીકે કોઈપણ સત્તાવાર ફરજો નિભાવવાની મંજૂરી આપવામાં આવશે નહીં. સૂત્રોના જણાવ્યા



અનુસાર ED કેજરીવાલને દારૂ કૌભાંડ કેસમાં આરોપી બનાવશે અને તેમની સામે પૂરક ચાર્જશીટ દાખલ કરી શકે છે. આ પહેલીવાર બનશે જ્યારે કોઈ રાષ્ટ્રીય પાર્ટીને આરોપી બનાવવામાં આવશે. EDની ચાર્જશીટમાં કેજરીવાલને મુખ્ય કાવતરાખોર અને તેમની પાર્ટીને આરોપી તરીકે દર્શાવવામાં આવી છે.

દારુ કૌભાંડના આરોપમાં જેલમાં બંધ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની વચગાળાની જામીન અરજી પર સુપ્રીમ કોર્ટના નિર્ણયના એક દિવસ પહેલા જ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ ગુરુવારે તેમના જામીનનો વિરોધ કર્યો હતો. EDએ કહ્યું હતું કે, રાજકારણી સામાન્ય નાગરિકની સરખામણીમાં કોઈ વિશેષાધિકારનો દાવો કરી શકે નહીં. જો તે ગુનો કરે છે તો અન્ય નાગરિકોની જેમ તેની ધરપકડ કરી શકાય છે અને અટકાયત કરી શકાય છે. EDના ડેપ્યુટી ડાયરેક્ટર દ્વારા દાખલ કરવામાં આવેલા સોગંદનામામાં કહેવામાં આવ્યું હતું કે રાજકારણી સાથે ખેડૂત અથવા બિઝનેસમેનથી અલગ વર્તન કરવું યોગ્ય નથી.

એફિડેવિટમાં કહેવામાં આવ્યું છે હતું કે, જો ચૂંટણી પ્રચારને વચગાળાના જામીન માટેનો આધાર બનાવવામાં આવે તો તે કલમ ૧૪નું ઉલ્લંઘન ગણાશે. આ આધારે ગુનામાં જેલમાં રહેલા ખેડૂત પણ તેના પાકની કાપણી માટે જામીન માંગી શકે છે અને કંપનીના ડિરેક્ટર કંપનીની વાર્ષિક સામાન્ય સભામાં હાજરી આપવા માટે જામીન માંગી શકે છે. એજન્સીએ કહ્યું હતું કે, પ્રચારનો અધિકાર ન તો મૂળભૂત છે, ન તો બંધારણીય કે કાયદાકીય અધિકાર. અત્યાર સુધી કોઈ પણ રાજકારણીને ચૂંટણી પ્રચાર માટે વચગાળાના જામીન આપવામાં આવ્યા નથી. વધુમાં ઈડીએ દલીલ કરી હતી કે પાંચ વર્ષમાં લગભગ ૧૨૩ ચૂંટણીઓ થઈ છે અને જો ચૂંટણી પ્રચાર માટે વચગાળાના જામીન આપવામાં આવશે, તો કોઈપણ રાજકારણીની ધરપકડ કરી શકાશે નહીં અથવા ન્યાયિક કસ્ટડીમાં મોકલી શકાશે નહીં કારણ કે ચૂંટણી આખા વર્ષ દરમિયાન થતી રહેશે.

### ન્યૂઝ બ્રિફ

#### આ વખતે ઈવીએમમાં ગડબડ ન થઈ તો પરિણામો નિશ્ચિતરૂપે સારા આવશે



। (એજન્સી) લખનૌ, તા.૧૦ ।

લોકસભા ચૂંટણીમાં અત્યાર સુધીમાં ત્રણ તબક્કામાં કુલ ૨૮૩ બેકો પર મતદાન થયું છે અને હજુ ચાર તબક્કા બાકી છે. ચોથા તબક્કામાં ૧૦ રાજ્યોની ૯૬ બેઠકો માટે ૧૩મી મેએ મતદાન થવાનું છે. તમામ પક્ષોના સ્ટાર પ્રચારકો, દિગ્ગજ નેતાઓ અને ઉમેદવારો ધમધોકાટ ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે, ત્યારે બહુજન સમાજવાદી પાર્ટીના વડા માયાવતીએ આજે કાનપુરમાં જાહેરસબા સંબોધી હતી. આ દરમિયાન તેમણે ઈફસ્નો મુદ્દો ઉછાળી ભાજપ અને કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. માતાવતીએ રમઈપુરના મગરાસા ગામમાં ચૂંટણી સભામાં કહ્યું કે, જો આ વખતે ઈવીએમમાં ગડબડ ન થઈ તો પરિણામો નિશ્ચિતરૂપે સારા આવશે.

#### મહિલા રેસલર્સના જાતીય શોષણ મામલે બ્રિજભૂષણને લાગ્યો ઝટકો



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

મહિલા રેસલર્સના કથિત જાતીય શોષણ મામલે કુસ્તી સંઘના પૂર્વ અધ્યક્ષ અને બીજેપી નેતા બ્રિજ ભૂષણ શરણ સિંહને રાઉઝ એવન્યુ કોર્ટમાંથી મોટો ઝટકો લાગ્યો છે. કોર્ટે બ્રિજ ભૂષણ સામે આરોપ ઘડવાનો આદેશ આપ્યો છે. આ સાથે બ્રિજ ભૂષણના સચિવ વિનોદ તોમર સામે આરોપો ઘડવાના પણ આદેશ આપવામાં આવ્યા છે. રાઉઝ એવન્યુ કોર્ટના એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ પ્રિયંકા રાજપૂતે આ આદેશ આપ્યો હતો. કોર્ટે કહ્યું કે બ્રિજ ભૂષણ સામે આરોપ ઘડવા માટે પૂરતા પુરાવા છે. બ્રિજ ભૂષણ વિરુદ્ધ કલમ ૩૫૪ (કોઈ મહિલાની ગરીમાને ઠેસ પહોંચાડવાના ઈરાદા સાથે તેના પર હુમલો અથવા ફોજદારી બળ), ૩૫૪-છ (જાતીય સતામણી) અને કલમ ૫૦૬ (ગુનાહિત ધમકી) હેઠળ આરોપો ઘડવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

# મને જીવતો દાટવાની વાતો કરે છે નકલી શિવસેનાવાળા : વડાપ્રધાન મોદી

। (એજન્સી) નંદુરબાગ, તા.૧૦ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મહારાષ્ટ્રના નંદુરબાગમાં આજે વિશાળ ચૂંટણી રેલીને સંબોધન કર્યું હતું. આ દરમિયાન તેમણે કોંગ્રેસની સાથે સાથે શિવસેના યુબીટી પર પણ નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે, નકલી શિવસેનાના લોકો મને જીવતો દાટવા માંગે છે.

વડાપ્રધાને કહ્યું કે, 'આ લોકો કહે છે કે, મોદી તારી કબર ખોદાશે. તેઓ તૃષ્ટિકરણ માટે આવી ભાષા બોલી રહ્યા છે. તેઓ મોદીને જમીનમાં દાટવાના સપના જોઈ રહ્યા છે. તેમની રાજકીય જમીન ખસી ગઈ છે. તેઓ જાણતા નથી કે, દેશની માતાઓ અને બહેનો મોદીની સુરક્ષા કરશે.' તેમણે વધુમાં કહ્યું કે, 'મહાવિકાસ અઘાડી (MVA) અનામતનું મહાભક્ષણ કરવા મહાઅભિયાન ચલાવી રહ્યા છે. જ્યારે મોદી SC-ST-OBCના અનામતને બચાવવા, મહારક્ષણ કરવા મહાયક્ષ કરાવી રહ્યો છે. હું કોંગ્રેસના શાહી પરિવારની જેમ મોટા પરિવારમાંથી આવ્યો નથી. હું તો ગરીબીમાં મોટો થયો છું. હું જાણું છું કે, તમે અહીં કેટલી તકલીફો વેઠી છે, તમારા જીવનમાં પણ મુશ્કેલીનો પહાડ હતો, ઘણા આદિવાસીઓ પાસે પાકુ મકાન ન હતું, આઝાદીના ૬૦ વર્ષ



વિતવા છતાં ગામડાઓમાં વીજળી પહોંચી નહતી.' વડાપ્રધાને કહ્યું કે, 'મોદીએ સંકલ્પ કર્યો હતો કે, તમામ ગરીબો-આદિવાસીઓને ઘર, તમામ આદિવાસીઓના ઘરમાં પાણી, તમામ પરિવારને પાણીની સુવિધા, તમામ ગામડાઓમાં વીજળીની સુવિધા પુરી પડાશે. અમે પીએમ આવાસ યોજના હેઠળ નંદુરબાગના લગભગ ૧.૨૫ લાખ ગરીબોને પાક્કા મકાનો આપ્યા. અમે છેલ્લા ૧૦ વર્ષમાં ચાર કરોડ પાક્કા મકાનો આપ્યા છે અને અમે ત્રીજી ટર્મમાં વધુ ત્રણ કરોડ ઘર આપીશું.' વડાપ્રધાન મોદીએ કેન્દ્રની ભાજપના નેતૃત્વ હેઠળની મોદી સરકારની યોજનાઓનો ફાયદાઓ ગણાવતા કહ્યું કે, NDA સરકારે 'હર ઘર જળ' યોજના હેઠળ મહારાષ્ટ્રના ૨૦,૦૦૦થી વધુ ગામડાઓમાં નળથી જળ પહોંચાડ્યું છે. આમાં નંદુરબારના ૧૧૧ ગામડાઓ પણ સામેલ છે. હજુ તો આ ટ્રેલર છે, હજુ તો મોદીએ ઘણું બધુ કરવાનું છે અને તમારા માટે કરવાનું છે.' વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફરી એકવાર કોંગ્રેસ શાસિત કર્ણાટકમાં ધર્મ આધારિત અનામતનો મામલો આગળ ધર્યો હતો. તેમણે સ્પષ્ટ શબ્દોમાં પૂછ્યું કે કોંગ્રેસમાં ધર્મ આધારિત અનામત શા માટે? પીએમ મોદીએ વધુમાં કહ્યું કે કોંગ્રેસ તમારી સંપત્તિ હડપવાના ષડયંત્રમાં છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, જ્યાં સુધી તેઓ જીવિત છે, ત્યાં સુધી અનામતનો અધિકાર કોઈ છીનવી શકે નહીં. "એક તરફ, કોંગ્રેસ કહે છે કે મોદી તમારી કબર ખોદશે.

### બેન્જામિન નેતન્યાહુએ અમેરિકાને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું

# 'હું વચન આપું છું કે ઈઝરાયેલ દુનિયાની કોઈ પણ શક્તિ સામે ઝૂકશે નહીં...'

## તેમણે ભાષણમાં કહ્યું, 'વિશ્વના એકમાત્ર યહૂદી દેશ ઇઝરાયલના વડા પ્રધાન તરીકે, હું આજે જેરુસલેમથી પ્રતિજ્ઞા કરું છું કે, જો ઇઝરાયેલને એકલા ઊભા રહેવાની ફરજ પાડવામાં આવશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

ગાઝામાં યુદ્ધને સમાપ્ત કરવા માટેના આંતરરાષ્ટ્રીય દબાણને નકારી કાઢતા, વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુએ જાહેર કર્યું છે કે જો ઈઝરાયેલને એકલા ઊભા રહેવાની ફરજ પાડવામાં આવશે, તો તે એકલા ઊભા રહેશે પરંતુ સ્વ-બચાવમાંથી પાછળ નહીં હટશે. નેતન્યાહુએ આ ટિપ્પણી અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેનના નિવેદન બાદ કરી છે જેમાં તેમણે કહ્યું હતું કે, ગાઝાના દક્ષિણી શહેર રફાહ પર હુમલા માટે વોશિંગ્ટન ઈઝરાયેલને આક્રમક હથિયારો નહીં આપે.

બેન્જામિન નેતન્યાહુએ દેશના વાર્ષિક હોલોકોસ્ટ રિમેમ્બરન્સ ડે પર જ્વલંત ભાષણમાં કહ્યું, 'વિશ્વના એકમાત્ર યહૂદી દેશ ઈઝરાયલના વડા પ્રધાન તરીકે, હું આજે જેરુસલેમથી પ્રતિજ્ઞા કરું છું કે, જો



ઈઝરાયેલને એકલા ઊભા રહેવાની ફરજ પાડવામાં આવશે, તો તે તેમ કરશે એકલા ઊભા રહેશે. પરંતુ અમે જાણીએ છીએ કે અમે એકલા નથી, કારણ કે વિશ્વભરના અસંખ્ય સંસ્કારી લોકો અમારા ન્યાયી હેતુને સમર્થન આપે છે અને હું તમને કહું છું કે અમે અમારા નરસંહારના દુશ્મનોને હરાવીશું. ઈઝરાયલના PMએ કહ્યું, '૮૦ વર્ષ પહેલા હોલોકોસ્ટમાં જ્યારે યહૂદીઓ તેમની (હિટલરની નાઝી સેના) સામે સંપૂર્ણપણે લાચાર હતા, જેઓ આપણો વિનાશ ઈચ્છતા હતા, ત્યારે કોઈ દેશ અમારી મદદ માટે આગળ ન આવ્યો. આજે, આપણે ફરીથી આપણા વિનાશ તરફ વળેલા દુશ્મનોનો સામનો કરી રહ્યા છીએ. હું વિશ્વના નેતાઓને કહું છું કે, કોઈપણ દબાણ, કોઈપણ આંતરરાષ્ટ્રીય મંચનો કોઈ નિર્ણય ઈઝરાયેલને પોતાનો બચાવ કરતા રોકી શકશે નહીં. જો આપણે એકલા ઊભા રહેવું પડશે તો આપણે એકલા ઊભા રહીશું. જો જરૂર પડશે, તો અમે અમારા નખ સાથે લડીશું. પણ આપણી પાસે નખ કરતાં ઘણું બધું છે.યોમ હાશોહ એ દિવસ છે જે ઈઝરાયેલ નાઝી જર્મની અને તેના સાથીઓ દ્વારા હોલોકોસ્ટમાં માર્યા ગયેલા ૬ મિલિયન યહૂદીઓની યાદમાં ઉજવે છે. આ દિવસનું આખું નામ 'યોમ હાશોહ વે-હાગેવુરાહ' છે - જેનો શાબ્દિક અર્થ થાય છે 'ચુકાદા અને વીરતાનો દિવસ (યાદ રાખવાનો) દિવસ'. તમને જણાવી દઈએ કે ૭ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ લગભગ ૨૫૦૦ હમાસ લડવૈયાઓ ગાઝા પટ્ટી પાર કરીને ઈઝરાયેલની સરહદમાં ઘૂસી ગયા હતા અને નરસંહાર કર્યો હતો. હમાસના હુમલામાં ઓછામાં ઓછા ૧,૨૦૦ ઈઝરાયેલીઓ માર્યા ગયા હતા અને કેટલાક વિદેશીઓ સહિત ૨૪૦ નાગરિકોને બંધક બનાવવામાં આવ્યા હતા.આ પછી ઈઝરાયેલે જવાબી કાર્યવાહી શરૂ કરી અને ગાઝા પટ્ટીને ખંડેરમાં ફેરવી દીધી. ઈઝરાયેલે હમાસને નષ્ટ કરવાની પ્રતિજ્ઞા લીધી છે અને આ લક્ષ્ય સાથે ગાઝામાં હમાસના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવ્યું છે.

### રાદડિયાની જીત બાદ વધુ એક મોટા સમાચાર

# દિલીપ સંઘાણી ફરી વખત IFFCO ના ચેરમેન બન્યા

## ઈફ્કો પર ગુજરાતના નેતાઓનો દબદબો, દિલીપ સંઘાણી ફરી ઈફ્કોના ચેરમેન બન્યા, બિનહરીફ વરણી થઈ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

IFFCOની ચૂંટણીએ ગુજરાતના રાજકારણમાં ગરમાવો લાવી દીધો છે. ઈફકોની ચૂંટણીમાં જયેશ રાદડિયાની શાનદાર જીત બાદ હવે સહકારી ક્ષેત્રથી વધુ એક મોટા સમાચાર સામે આવ્યા છે. દિલીપ સંઘાણી ફરી ઈફકોના ચેરમેન બન્યા છે. દિલીપ સંઘાણીની બિનહરીફ વરણી થઈ છે. તો બલવીર સિંહ ઈફકોના વાઈસ ચેરમેન બન્યા છે. આ સાથે જ ઈફકો પર ગુજરાતના નેતાઓનો દબદબો યથાવત જોવા મળ્યો. ઉલ્લેખનીય છે કે, IFFCO વિશ્વની ટોચની ૩૦૦ સહકારી સંસ્થાઓમાં નંબર ૧ સહકારી છે, જે ગયા વર્ષથી તેનું સ્થાન ધરાવે છે.

આજે દિલ્હી ખાતે ઈફકો ચેરમેનની ચુંટણી માટે બોર્ડ મીટિંગ વહેલી સવારથી જ શરૂ થઈ ગઈ હતી. ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી બોર્ડમાં નક્કી થઈ હતી. જેમાં જયેશ રાદડીયાએ પણ મતદાન કર્યું હતું. દિલીપ સંઘાણી લગભગ બિનહરીફ થશે એ ફાઈનલ જ હતુ. દિલીપ સંઘાણીએ ઈફકોના ચેરમેન માટે નોમિનેશન રજુ કર્યું હતું. અંતે તેઓ બિનહરીફ થયા હતા. IFFCOની ચૂંટણીમાં બિપિન પટેલ અને જયેશ રાદડિયા વચ્ચે જંગ હતો. દિલ્હીમાં ઈફકોની ચૂંટણી માટે મતદાન ચાલી રહ્યું હતું. જેમાં જયેશ રાદડિયાની શાનદાર જીત થઈ છે. સહકારી આગેવાન જયેશ રાદડિયા ૧૦૦ થી વધુ સૌરાષ્ટ્રના મતદારોને લઈને દિલ્હીમાં પહોંચ્યા હતા. ઈફકોની ચૂંટણીમાં જયેશ રાદડીયાને ૧૦૦ થી વધુ મત મળે તેવી શક્યતા હતી, પરંતુ જયેશ રાદડિયાને ૧૧૪ જેટલા મત મળ્યા છે. ઈફકો ચૂંટણીને લઈને ભાજપમાંથી બિપીન ગોતાને મેન્ડેટ આપવામાં આવ્યું હતું. પરંતુ જયેશ રાદડીયાએ ભાજપના મેન્ડેટ વિરુદ્ધ જઈને ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવી હતી. એક તરફ રાદડિયા માંડવિયા માટે પ્રચાર કરતા રહ્યા તો બીજી તરફ તેઓ ઈફકોની ચૂંટણીમાં પાર્ટીની વિરુદ્ધમાં ઊભા રહ્યા. ગુજરાતના સહકારી ક્ષેત્રમાં ભાજપનું વર્ચસ્વ છે. આ વિભાગના કેન્દ્રમાં મંત્રી અમિત શાહ છે, તેથી આ ચૂંટણીને લઈને રાજકારણ ગરમાયું છે. રાદડિયા અગાઉ ડિરેક્ટર તરીકે બિનહરીફ ચૂંટાયા હતા. આમ ભાજપના નેતાઓ વચ્ચે જ ભારે રસાકસી જામે તેવી પૂરી સંભાવના છે. ઈફકો ભારતીય સહકારી સંઘની માલિકીપણા હેઠળ છે. વર્ષ ૧૯૬૭માં ફક્ત ૫૭ સહકારી સમિતિઓની સાથે આ સમિતિમાં આજે ૩૬,૦૦૦ કરતા પણ વધારે ભારતીય સહકારી સમિતિઓ સામેલ છે. ખાતર બનાવીને વેચવાના મુખ્ય વ્યવસાયની ઉપરાંત આ સમિતિઓનો વ્યવસાય સામાન્ય વીમાથી માંડીને ગ્રામીણ દૂરસંચાર જેવા વિવિધ સેક્ટર્સ સુધી ફેલાયેલો છે. ઈફકો ભારતના ૬ કરોડ ખેડૂતોને સેવા પ્રદાન કરે છે.

### નરેન્દ્ર દાભોલકર હત્યા કેસમાં ૧૧ વર્ષ બાદ ચુકાદો

# માસ્ટર માઈન્ડ ગણાતા ડો. તાવડે સહિત ૩ નિર્દોષ જાહેર

। (એજન્સી) મુંબઈ, તા.૧૦ ।

મહારાષ્ટ્ર અંધશ્રદ્ધા નિવારણ સમિતિના વડા નરેન્દ્ર દાભોલકરની હત્યા કેસમાં ૧૧ વર્ષ બાદ કોર્ટનો ચુકાદો આવ્યો છે. પુણેની સીબીઆઈ સ્પેશિયલ કોર્ટે આરોપી સચિન અન્દુરે અને શરદ કલસ્કરને દોષિત જાહેર કર્યા છે. કોર્ટે બંનેને આજીવન કેદની સજા ફટકારી છે. હત્યાના માસ્ટરમાઈન્ડ ગણાતા ડૉ. વીરેન્દ્ર સિંહ તાવડે ઉપરાંત કોર્ટે વિક્રમ ભાવે અને સંજીવ પુનાલકરને નિર્દોષ જાહેર કર્યા છે. હત્યા કેસમાં કુલ ૫ આરોપી હતા. વીરેન્દ્ર તાવડે પર હત્યાનું કાવતરું ઘડવાનો આરોપ હતો. જો કે, સરકારી પક્ષ તેમની સામે પૂરતા પુરાવા રજૂ કરી શક્યું નથી. તાવડે ઉપરાંત અન્ય બે આરોપીઓ સામે પણ આરોપ સાબિત થઈ શક્યા નથી. ૨૦ ઓગસ્ટ ૨૦૧૩ના રોજ દાભોલકરની પુણેમાં ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. પુણેમાં દાભોલકરની હત્યા પછી, ફેબ્રુઆરી ૨૦૧૫માં ગોવિંદ પાનસરેની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી અને તે જ વર્ષે ઓગસ્ટમાં કોલ્હાપુરમાં એમએમ કલબુર્ગીની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી.

### રાહુલ ગાંધીએ ઉત્તર પ્રદેશના કન્નૌજમાં રેલીને સંબોધી

# ઉ.પ્રદેશમાં ભાજપની મોટી હાર થવા જઈ રહી છે : રાહુલ ગાંધી

। (એજન્સી) કન્નૌજ, તા.૧૦ ।

લોકસભા ૨૦૨૪ની ચૂંટણી માટે પ્રથમ ત્રણ તબક્કાનું મતદાન પૂર્ણ થઈ ગયું છે અને હવે ચોથા તબક્કામાં માટે રાજકીય પક્ષો પૂરજોશમાં પ્રચંડ પ્રચાર કરી રહ્યા છે. ત્યારે રાહુલ ગાંધીએ ઉત્તર પ્રદેશના કન્નૌજમાં અખિલેશ યાદવની રેલીને સંબોધિત કરતા ભાજપ અને વડાપ્રધાન મોદી પર આકરા પ્રહારો કર્યા છે. રાહુલ ગાંધીએ કહ્યું કે 'લખી લો, ઉત્તર પ્રદેશમાં I.N.D.I.A. ગઠબંધનનું તોફાન આવી રહ્યું છે.' આ ઉપરાંત રેલીને સંબોધિત કરતા દરમિયાન વધુમાં કહ્યું હતું કે 'તમે લખી લો કે ઉત્તર પ્રદેશમાં ભાજપની સૌથી મોટી હાર થવા જઈ રહી છે અને યુપીમાં પરિવર્તન આવશે તો દેશમાં પરિવર્તન આવશે. રાહુલ ગાંધીએ વધુમાં અદાણી-અંબાણીનું નામ લઈને વડાપ્રધાન પર પ્રહાર કરતા કહ્યું કે 'પીએમ મોદીએ ૧૦ વર્ષ સુધી અદાણી અને અંબાણીના નામ લીધા ન



હતા, પરંતુ જ્યારે તેઓ ડરી ગયા ત્યારે તેમણે તેમના બે મિત્રોના નામ લીધા અને કહ્યું કે આવો અને મને બચાવો, I.N.D.I.A. ગઠબંધને મને ઘેરી લીધો છે.' આ સિવાય રાહુલે વધુમાં જણાવ્યું હતું કે ' આ વખતે નરેન્દ્ર મોદી વડાપ્રધાન બનશે નહીં.' કન્નૌજ લોકસભા મતવિસ્તારના ઉમેદવાર અને સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે જનસભાને સંબોધતા કહ્યું કે, 'કન્નૌજમાં જે પણ મોટું કામ થયું છે તે સમાજવાદી પાર્ટીની દેન છે.

પોલીસ કમિશનર જ્ઞાનેન્દ્રસિંઘ મલિકની સુચના અને માર્ગદર્શન હેઠળ

# ગાયકવાડ હવેલી સી ટીમ પોલીસની નોંધનીય કામગીરી

**બિહારથી આવીને અમદાવાદમાં એકલી પડેલી છોકરીને સલામત રીતે પરીવાર સાથે મિલન કરાવતી ગાયકવાડ સી ટીમ પોલીસ**



। (પ્રતિનિધી) અમદાવાદ, તા.૧૦ ।

તા. ૦૮-૦૫-૨૦૨૪ના રોજ વહેલી સવારે ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનના ચાર્જ અમલદારને પોલીસ કંટ્રોલ રૂમમાં ૬ : ૫૨ મિનિટે મેસેજ તપાસ અર્થે જાણવા મળ્યું કે, જમાલપુર ફુલબજાર ચોક પાસેથી એક છોકરી મળી આવેલ છે. જે મેસેજ અનુસંધાને ગાયકવાડ હવેલી પોલીસે સ્ટેશનના સિનીયર પીઆઈ પી.એચ. ભાટીનાઓએ સંવેદનશીલતા દાખવી ત્વરીતપણે કાર્યક્રમ કરવા પીએસઆઈ એ.બી. મિત્રીનાઓને સુચન કરેલ જે મેસેજ આધારે પીએસઆઈ એ.બી. મિસ્ત્રી તથા વુ.પો.કો. આરતીબેન વિજયદાસ ફુલ બજાર ખાતે જઈ તપાસ કરતા ત્યા એક છોકરી મળી આવેલ હતી જેને પોલીસ સ્ટેશન ખાતે લાવ્યા બાદ તેની શાંતિથી પુછપરછ હાથ ધરતા જાણવા મળેલ કે તેનું નામ હિદાયતુલ્લા જલીલમિયા અંસારી છે અને તે ઉવ ૧૯ વર્ષની છે અને તેઓ મટિયરીયા, તા.મકુવા, જિલ્લા ચંપારણ બિહાર રાજ્યની છે અહિંયા તેની મિત્ર જહાનવી મહંતાનંદના લગ્ન ગુજરાતમાં થયેલ છે અને તેના કહ્યા મુજબ તેની મિત્ર અમરેલી ખાતે રહે છે. અને તે તેની નોકરીનું સેટીંગ કરી આપશે, અને તેના કહ્યા ઉપર જ તે બિહારથી ગુજરાત ખાતે આવેલ હતી, જ્યારે બન્ને સહેલીઓ બિહારથી ટ્રેનમાં આવી રહી હતી ત્યારે કાલુપુર રેલ્વે સ્ટેશન ઉપર તેની મિત્ર જ્હાનવીએ હિદાયતુલ્લાની ઉતારીને જણાવ્યું હતું કે, હું આવુ છું અહિંયાજ ઉભી રહેજે... પરંતુ તેની સહેલી બહુજ મોડુ થયા પછી પણ પાછી ન આવતા તે ૨ દિવસથી ત્યાંજ કાલુપુર રેલ્વે સ્ટેશન ઉપર ગુજાર્યા પછી છેવટી તેણે સ્ટેશનની બહાર આવી એક રિક્ષાવાળઆનું સંપર્ક કર્યુ હતું અને તેના મોબાઈલ ફોન ઉપરથી પોતાના પિતાના ફોન ઉપર સંપર્ક કરીને વાત કરાવ્યા બાદ હિદાયતુલ્લાની પિતાએ અમદાવાદમાં રહેતા એક સગાવાળાનું નંબર આપતા પોલીસે રહિમ અન્સારીને વિડીયો કોલ કર્યુ હતું અને કબજો સોંપ્યો હતો.. આ તમામ ઘટનામાં પોલીસે ત્વરીત પગલા લઈને છોકરીને તેના માતા પિતા સગા વ્હાલાને સોંપી પોતાનું કાર્ય સંપૂર્ણ પૂર્ણ કર્યું હતું...

દુબઈમાં સટ્ટાબેટિંગ માટે રૂપિયા મોકલાતા હતા

# રાજ્યની ૨૫ આંગડિયા પેઢી પર CID ક્રાઈમના CI સેલના દરોડા

**મની લોન્ડરિંગ, હવાલાના પૈસા સહિતના શંકાસ્પદ નાણાંકીય વ્યવહારોને ધ્યાને લઈને કામગીરી કરવામાં આવી રહી છે**

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૦ ।

ગાંધીનગર CID ક્રાઈમ રાજ્યભરમાંથી ૨૫ આંગડિયા પેઢી પર ઈન્કમટેક્સ વિભાગની ટીમોને સાથે રાખીને દરોડા પાડવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. મની લોન્ડરિંગ, હવાલાના પૈસા સહિતના શંકાસ્પદ નાણાંકીય વ્યવહારોને ધ્યાને લઈને કામગીરી કરવામાં આવી રહી છે. CID ક્રાઈમના ૪૦ કમીઓ દરોડાની કામગીરીમાં જોડાયા છે.

અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર સહિત અન્ય જગ્યાઓ પર દરોડા પાડવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં અમદાવાદમાં રૂ.૧૨.૫ કરોડના બેનામી વ્યવહાર મળી આવ્યા છે અને ખૂબ મોટી માત્રામાં નક્કર સોનું પણ હાથ લાગ્યું છે. ગાંધીનગર CID ક્રાઈમના CI સેલ વિભાગમાં થોડા દિવસ અગાઉ આંગડિયા પેઢીનો ડુપ્લિકેટ એકાઉન્ટનો કેસ દાખલ કરાયો હતો. જેમાં કેટલાક શંકાસ્પદની પૂછપરછમાં બેનામી નાણાંકીય લેવડદેવડની આખી ચેઈન CID ક્રાઈમ ગાંધીનગરના ઈન્ચાર્જ આઈ.જી. ચૈતન્ય મંડલીકના ધ્યાને આવતા વધુ તપાસ કરતાં રાજ્યની ૨૫ આંગડિયા પેઢીના નામે સામે આવ્યા હતા.

જેમાં ચોક્કસ આંગડિયા પેઢી મારફતે દુબઈમાં હવાલા પાડવામાં આવ્યા હોવાનું તપાસમાં જણાયું હતું. ત્યારબાદ ઈન્કમટેક્સ વિભાગને સાથે રાખીને ૨૫ આંગડિયા પેઢી પર એકસાથે દરોડા પાડ્યા હતા. અત્યાર સુધીમાં અમદાવાદમાંથી રૂ. ૧૨.૫ કરોડના બેનામી વ્યવહાર હવાલા મારફતે દુબઈ જેવા દેશોમાં કરાયા હોવાનું જાણવા મળી રહ્યું છે. દુબઈમાં જે રૂપિયા મોકલાયા છે તે તમામ ક્રિકેટના સટ્ટા બેટિંગમાં ઉપયોગમાં લેવાયા હોવાનું અનુમાન છે.

આ સાથે જ ઘણી આંગડિયા પેઢીઓમાંથી વિદેશી કરન્સી પણ ટ્રાન્સફર કરવામાં આવી હોવાનું ખૂલ્યું છે. દિવસો સુધી દરોડા જારી રહેવાની સંભાવના છે. રાજ્યની ચોક્કસ આંગડિયા પેઢી મારફતે દુબઈમાં સટ્ટાબેટિંગ માટે રૂપિયા મોકલવામાં આવતા હોવાની વાતને પણ નકારી શકાય તેમ નથી. આ બાબતોને ધ્યાને લઈને CID ક્રાઈમ CI સેલે દરોડાની કામગીરી હાથ ધરી છે.

ગુજરાત પોલીસ દ્વારા અમદાવાદ અને સુરતની આંગડિયા પેઢીઓ પર દરોડા પાડીને બેનામી વ્યવહારોની વિગતો શોધી કાઢવામાં આવી છે તપાસ દરમિયાન ૧૨.૫ કરોડ રૂપિયા રોકડા અને એક કિલો સોનું મળી આવતા પોલીસ દ્વારા ઈન્કમટેક્સના અધિકારીઓને જાણ કરવામાં આવી હતી તરત જ ઈન્કમટેક્સની ટીમ આ તપાસમાં જોડાઈને રોકડ રૂપિયા અને સોનાની તપાસ શરૂ કરી છે સાથે સાથે પ્રાથમિક તપાસમાં જ ૨૦૦ કરોડ રૂપિયાના હવાલા છેલ્લા ત્રણ મહિના દરમિયાન પડ્યા હોવાની વિગતો ઈન્કમટેક્સને મળી છે.

પીરાણા પોલીસ છાવણીમાં ફેરવાયું

# ધાર્મિક સ્થળ પર ઘર્ષણના કેસમાં ૩૫ લોકોની ધરપકડ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૦ ।

અમદાવાદમાં પીરાણામાં ધાર્મિક સ્થળ પર ઘર્ષણનો મામલો સામે આવ્યો છે. આ ઘટનામાં પથ્થરમારો થયો હતો. વિવાદ બાદ મામલો વધુ બિચકાતા પીરાણા ગામમાં પોલીસના ધાડેધાડા ઉતરી ગયા છે. અમદાવાદમાં પીરાણામાં ધાર્મિક સ્થળ પર ઘર્ષણનો મામલો સામે આવ્યો છે. આ ઘટનામાં પથ્થરમારો થયો હતો. વિવાદ બાદ મામલો વધુ બિચકાતા પીરાણા ગામમાં પોલીસના ધાડેધાડા ઉતરી ગયા છે. પરંતુ હાલમાં પીરાણામાં શાંતિનો માહોલ જોવા મળ્યો છે. અમદાવાદ જિલ્લા પોલીસનો પીરાણામાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. અસલાલી પોલીસ સ્ટેશનમાં બંને પક્ષે સામ – સામે ફરિયાદ નોંધાવી છે. અસલાલી પોલીસે ૩૫ લોકોની ધરપકડ કરી મોટી કાર્યવાહી કરવામાં આવી છે. એક પક્ષના ૧૮ લોકો અને બીજા પક્ષના ૧૭ લોકોની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે હત્યાનો પ્રયાસ, ધાર્મિક લાગણી દુભાવી સહિતની ગંભીર કલમ હેઠળ ફરિયાદ નોંધી છે.

આરોપી મુંબઈથી મોટા જથ્થામાં ડ્રગ્સ લાવ્યો હતો

# ૧ કરોડના ડ્રગ્સના આરોપીને UPમાં પોલીસે વેશ બદલી દરગાહ બહારથી ઝડપી લીધો

। (એજન્સી) સુરત, તા.૧૦ ।

સુરતના લાલગેટ વિસ્તારમાં અઠવાડિયા પહેલા એક કરોડનાં ૧ કિલો ડ્રગ્સનો જથ્થો મંગાવનાર આરોપીઓ મુંબઈ થઈ યુપી ભાગી ગયા હતા. જ્યાં એસઓજીની ટીમ સતત તેમની પાછળ પકડવા માટે પ્રયત્નશીલ હતી. ત્યારે મોકો મળતા આરોપીને બારાબંકી પાસે રસુલાબાદમાં દેવાસરીફની દરગાહમાંથી વહેલી સવારે નમાઝ પડવા જતા ઝડપી પાડયો હતો. લાલગેટ વિસ્તારમાં ગત ૨૯ એપ્રિલના રોજ એસઓજીની ટીમે ૧ કરોડની કિમતનું એક કિલો ડ્રગ્સ ઝડપી પાડ્યું હતું. આ ડ્રગ્સ સપ્લાય કરવા આવેલા અને લેનાર બંનેને પોલીસની ગંધ આવી જતા ભાગી ગયા હતા. બંને આરોપીઓને પકડવા માટે ક્રાઈમ જોઈન્ટ સીપી રાઘવેન્દ્ર વત્સએ એસઓજીની ટીમને સૂચના આપતા એસઓજી પીઆઈ એ.પી. ચૌધરીના માર્ગદર્શનમાં પીએસઆઈ એ.પી.જેબલિયાની ટીમ કામે લાગી હતી.

ટીમ દ્વારા આરોપીઓના ડેટા મેળવી લેવાયા હતા. આરોપી મુંબઈ ભાગી ગયાની માહિતી મળતા ટીમ મુંબઈ રવાના થઈ હતી. મુંબઈ પોંહચતા આરોપી ત્યાંથી નિકળી ઉત્તરપ્રદેશના ઉન્નાવ તરફ ભાગી ગયાનું જાણવા મળ્યું હતું. ટીમ મુંબઈથી નિકળી ઉન્નાવ પહોંચી હતી. પરંતુ આરોપી ત્યાંથી પણ નિકળી બારાબાંકી જિલ્લાના દેવા શરીફ ખાતે નાસી ગયાનું જાણવા મળ્યું હતું.જેથી પોલીસે દેવા શરીફ દરગાહ ખાતેથી નમાઝ પડવા પહેલા આરોપી મોહમ્મદ કાસીફ ઈકબાલ ઉર્ફે પસીના શેખ (રહે. અખાડા મહોલ્લા, રામપુરા લાલમિંયા મસ્જીદ પાસે, લાલગેટ, સુરત) તથા (હાલ રહે., નાનપુરા, દોટીવાળા બેકરીની પાછળ તથા મૂળ ઉન્નાવ, જી.લખનઉ, ઉત્તરપ્રદેશ)ને દબોચી લીધો હતો.

# મેટ્રો પ્રોજેક્ટના નામે કાર ભાડે લઈ કરાતું હતું વેચાણ

## આ કૌભાંડમાં ગઠિયાઓએ સુરતની ૩૫, અને અમરેલીની ૨૩ કાર વેચી દેવામાં આવી છે

। (એજન્સી) સુરત, તા.૧૦ ।

સુરત શહેરની ક્રાઈમ બ્રાન્ચ પોલીસને મોટી સફળતા મળી છે. પોલીસે કાર કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. આ કૌભાંડમાં સંડોવાયેલા લોકો દ્વારા મેટ્રો પ્રોજેક્ટના નામે કાર ભાડે મેળવી બારોબાર નોઈડામાં વેચાણ કરવામાં આવતું હતું. ભાડે ચલાવનારાને ૩૫ થી ૪૦ હજારનું ભાડુ ચૂકવવાની લાલચ આપી કાર ભાડે અપાતી હતી. સમગ્ર કૌભાંડ નામચીન બુટલેગરની સંડોવણી સામે આવી છે. આ કૌભાંડમાં સુરત, અમરેલી, ભાવનગરના ૧૦૦થી વધુ લોકો શિકાર બન્યા છે. કાર કૌભાંડમાં સુરત ક્રાઈમ બ્રાન્ચે અલગ અલગ કંપનીની ૧૧ ગાડી કબ્જે કરી હતી. આ કૌભાંડમાં ગઠિયાઓએ સુરતની ૩૫, અને અમરેલીની ૨૩ કાર વેચી દેવામાં આવી છે. ગઠિયાઓ દ્વારા અલગ-અલગ સ્થાનો પરથી કુલ ૧૦૦થી વધુ લોકોને પોતાના નિશાન બનાવતા કારનું વેચાણ કર્યું છે. તેઓ મેટ્રો પ્રોજેક્ટના નામ કારનું વેચાણ કરતા કે ગીરવે મૂકતા હતા. ગઠિયાઓ લોકોને કહેતા હતા કે મેટ્રો માટે કાર ભાડે આપશો તો દર મહિને ૩૫થી ૪૦ હજારનું ભાડું મળશે. શરૂઆતમાં તેઓ ૨-૩ મહિના લોકોને ભાડુ ચૂકવતા અને બાદમાં ફરાર થઈ જતા. ત્યારબાદ તેઓ બારોબાર નોઈડામાં કાર વેચી મારતા અથવા તો ગીરવે મૂકતા હતા. ક્રાઈમ બ્રાંચ પોલીસે આવા કાર ભાડે ફેરવાનાર ગઠિયાઓના કૌભાંડના પર્દાફાશ કરતા તેમને ઝડપી પાડતા વાહનો પણ કબજે કર્યા છે. એક કાર માલિકે પોતાની કાર ભાડે આપ્યા બાદ ગુમ થયાની અરજી કરી હતી. અમરેલીના ગુનાની સુરત પોલીસમાં અરજી થતાં કાર કૌંભાડનો ભાંડો ફૂટ્યો.

સુરતની નવી સિવિલ હોસ્પિટલ વિવાદમાં આવી

# સિવિલમાં સારવાર લેતા દર્દીને કોઈ પણ વ્યવસ્થા વગર આપી દેવામાં આવી રજા

**ડોક્ટરએ દર્દીને બેડ ખાલી કરાવી દેવાનું કહ્યું અને ડોક્ટરએ બેડ ખાલી નહીં કરે તો પોલીસ આવીને ખાલી કરાવશે બેડ એવા આક્ષેપો પરિવાર દ્વારા કરવામાં આવ્યા**

। (એજન્સી) સુરત, તા.૧૦ ।

સુરતની નવી સિવિલ હોસ્પિટલનું તંત્ર જાણે ખખડ ધજ હોય તેવું લાગી રહ્યું છે.હાલ ફરી એકવાર સુરતની નવી સિવિલ હોસ્પિટલ વિવાદમાં આવી છે.માહિતી અનુસાર સિવિલ હોસ્પિટલમાં સારવાર લેતા દર્દીને કોઈ પણ વ્યવસ્થા વગર આપી દેવામાં આવી રજા .જી હા દર્દીને બેડ ખાલી કરી દેવામાટે ફોર્સ કરવામાં આવ્યો હતો તેમજ તેને કોઈ પણ વ્યવસ્થા વગર સારવાર આપવામા આવી હતી.

સુરતમાંથી આજે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, અહીં સિવિલ તંત્ર દ્વારા ગંભીર બેદરકારીનો કિસ્સો સામે આવ્યો છે, સિવિલ હોસ્પિટલમાં સારવાર લેતો દર્દી ને કોઈ પણ પ્રાથમિક વ્યવસ્થા વગર રજા આપી દેવાઈ હતી, જે બાદ દર્દી સવારથી બાકડા પર સૂતો રહ્યો અને રઝળતો રહ્યો હતો, સારવાર દરમિયાન સિવિલ હોસ્પિટલના ડોક્ટરએ દર્દીને બેડ ખાલી કરાવી દેવાનું કહ્યું અને ડોક્ટરએ બેડ ખાલી નહીં કરે તો પોલીસ આવીને ખાલી કરાવશે બેડ એવા આક્ષેપો પરિવાર દ્વારા કરવામાં આવ્યા છે, જેથી પોલીસના ડરથી દર્દી સવારે બેડ ખાલી કરી બાકડા પર રઝડતી હાલતમાં જોવા મળ્યો હતો. આ મામલે મીડિયાએ દર્દીની નોંધ લેતા સિવિલ તંત્ર દોડતું થયું હતું અને તાત્કાલિક દર્દીને ફરી વોર્ડમાં દાખલ કરવામાં આવ્યું હતું,

અવાર નવાર ચર્ચામાં આવતી સિવિલ હોસ્પિટલ ફરી એક વાર ચર્ચામાં આવી છે,મળતી માહીતી અનુસાર હોસ્પિટલમાં દર્દી બાકડા પર રજળતી હાલતમાં જોવા મળ્યો હતો જેને ડોક્ટરોએ ચાલુ સારવારે બેડ ખાલી કરવા માટે કહ્યું હતું પરિવારનો આક્ષેપ છે કે સિવિલ હોસ્પિટલના ડોક્ટરએ દર્દીને બેડ ખાલી કરાવી દેવાનું કહ્યું હતું તેમજ જો બેડ ખાલી નહિ કરે તો પોલીસ આવીને ખાલી તેમનો બેડ ખાલી કરાવશે તેવી ધમકી પણ આપી હતી.જેના કરને દર્દીએ સ્વર થતા પહેલાજ બેડ ખાલી કરી દીધો હતો અને જઈને બાકડા પર સુઈ ગયો હતો. ત્યાર બાદ મીડિયાએ દર્દીની નોંધ લઈ સમગ્ર ઘટનાની જાણકારી મેળવી હતી,જેના પછી સમગ્ર સિવિલ તંત્ર થયું દોડતું થયું હતું.

સુરતમાં અપહરણની ઘટના સામે આવી

# રૂપિયા ની લેતી દેતી મામલે અપહરણ કરવામાં આવ્યું

**ગાડીનો નંબર ટ્રેસ કરી ગણતરીની મીનીટોમાં રાતોરાત સાયણ ચેક પોસ્ટ પાસેથી અપહરણકારોને દબોચી પાડી યોગેશબાઈ ગઢિયાને સહી સલામત મુક્ત કરાવ્યો**

। (એજન્સી) સુરત, તા.૧૦ ।

સુરતમાં અપહરણની ઘટના સામે આવી છે, માહિતી અનુસાર રૂપિયાની લેતી દેતી મામલે અપહરણ કરવામાં આવ્યું હતું, સુરતના અમરોલી રજવાડી પાર્ટી પ્લોટની પાછળ સ્વીટ હોમ રેસીડેન્સીમાં રહેતા મૂળ અમરેલીના સાવરકુંડલાના વતની યોગેશભાઈ પ્રવિણચંદ્ર ગઢીયા ગઈકાલે રાત્રે નવેક વાગ્યાના આરસામાં તેમની સોસાયટીની ગેટ પાસે પિતા પ્રવિણચંદ્ર ગઢિયા સાથે ઉભા હતા. તે વખતે એકાએક ૫૦થી ૫૫ વર્ષના આધેડ સહિત પાંચ અજાણ્યાઓ તેમની પાસે ઘસી આવી કંઈ પણ બોલ્યા વગર સીધા ઢીકમુક્કીનો માર મારવા લાગ્યા હતા. જેથી સોસાયટીના અન્ય લોકો યોગેશને બચાવવા માટે વચ્ચે પડતા આરોપીઓએ તેને ઉચકી રોડની સામે પાર્ક કરેલ ફોર વ્હીલ ગાડીની ડીકીમાં બળજબરી પુર્વક બેસાડી અપહરણ કરી ગયા હતા. બનાવ અંગે ૭૨ વર્ષીય પ્રવિણચંદ્રએ ઘરે જઈને વાત કરતા યોગેશભાઈની પત્નીએ પોલીસમાં જાણ કરતા પોલીસ સ્થળ પર દોડી આવી હતી. યોગેશનું અપહરણ કરી ગયેલા પૈકી ૫૦ થી ૫૫ વર્ષનો અજાણ્યો નવેમ્બર મહિના પણ ઘરે આવી રાખડીની પૈસાની માંગણી કરી નાસી ગયો હતો એ વાત પ ૦લીસને જાણવા મળી હતી. બનાવ અંગે પોલીસે પ્રવિણચંદ્ર ગઢિયાની ફરિયાદ લઈ તપાસ શરુ કરી હતીપબનાવની ગંભીરતાને લઈ પોલીસે અલગ અલગ ટીમો બનાવી ગાડીનો નંબર ટ્રેસ કરી ગણતરીની મીનીટોમાં રાતોરાત સાયણ ચેક પોસ્ટ પાસેથી અપહરણકારોને દબોચી પાડી યોગેશબાઈ ગઢિયાને સહી સલામત મુક્ત કરાવ્યો હતો. પોલીસે પાંચ આરોપીઓને પકડી પાડ્યા છે. જેમાં પ્રવિણભાઈ કાનજીભાઈ ઘેટિયા, હાર્દિક કુમાર ઘેટિયા, પૂજન હાંસલિયા, જસ્મીન હરીભાઈ ઘેટિયા અને રાજ ધીરજભાઈ માકડિયાની ધરપકડ કરી છે.પોલીસની પ્રાથમિક પુછપરછમાં ઝડપાયેલા આરોપી પૈકી મુખ્ય આરોપીએ કબુલાત કરી હતી કે યોગેશભાઈ અને તેના પિતાએ તેમની પાસેથી ૪૫ લાખનો રાખડીનો માલ ખરીદ્યો હતો. જેમાંથી હજુ ૧૭ લાખ લેવાના બાકી છે.

**વિશેષ** ભારત ૭૭માં કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ (૧૪-૨૫ મે)માં ભાગ લેશે । ૭૭માં કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં 'ભારત પર્વ' ઉજવાશે

# એનઆઈડી અમદાવાદ દ્વારા ડિઝાઇન કરવામાં આવેલા ભારત પેવેલિયનને આ વર્ષની થીમ ક્રિએટ ઇન ઇન્ડિયા દર્શાવવા માટે 'ધ સુત્રધાર' દ્વારા પ્રેરિત નામ આપવામાં આવ્યું છે

। અમદાવાદ, તા.૧૦ ।

કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં ભારત માટે આ એક વિશેષ વર્ષ છે કારણ કે દેશ આ પ્રતિષ્ઠિત ફેસ્ટિવલની ૭૭મી આવૃત્તિ માટે તૈયાર છે. કોર્પોરેટ ભારતીય પ્રતિનિધિમંડળમાં ભારત સરકાર, રાજ્ય સરકારોના પ્રતિનિધિઓ, ઉદ્યોગના સભ્યો સામેલ છે, જે વિશ્વના અગ્રણી ફિલ્મ બજારમાં ભારતની રચનાત્મક અર્થવ્યવસ્થાને પ્રદર્શિત કરશે, માર્ચે ડુ ફિલ્મ્સમાં શ્રેણીબદ્ધ મહત્વપૂર્ણ પહેલો દ્વારા પ્રદર્શિત કરશે.

આ પ્રથમ વખત હશે જ્યારે દેશ ૭૭માં કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં "ભારત પર્વ"ની યજમાની કરશે, જેમાં ભાગ લઈ રહેલા વિશ્વભરના પ્રસિદ્ધ મહાનુભાવો અને પ્રતિનિધિઓ, ફિલ્મી સેલિબ્રિટીઝ, ફિલ્મ નિર્માતાઓ, નિર્દેશકો સાથે જોડાઈ શકશે. વિશ્વભરના ખરીદદારો અને સેલ્સ એજન્ટ્સ સાથે જોડાવા અને સંકુચિત સર્જનાત્મક તકો અને સર્જનાત્મક પ્રતિભાની સમૃદ્ધ બેંકનું પ્રદર્શન કરવા માટે આ ફેસ્ટિવલમાં ભાગ લઈ રહ્યા છે. ૨૦-૨૮ નવેમ્બર, ૨૦૨૪ના રોજ ગોવામાં યોજાનારા ૫૫માં ઈન્ડિયા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ (આઈએફએફઆઈ)ના ઓફિશિયલ પોસ્ટર અને ટ્રેલરનું અનાવરણ ભારત પર્વ ખાતે કરવામાં આવશે. ભારત પર્વમાં ૫૫મી આઈએફએફઆઈની સાથે આયોજિત થનારી પ્રથમ વર્લ્ડ ઓડિયો-વિઝ્યુઅલ એન્ડ એન્ટરટેઈનમેન્ટ સમિટ (વેવ્સ) માટે "સેવ ધ ડેટ"ની રજૂઆત પણ થશે.

૧૦૮ વિલેજ ઈન્ટરનેશનલ રિવેરા ખાતે ૭૭માં કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં ભારત પેવેલિયનનું ઉદ્‌ઘાટન ૧૫ મેના રોજ જાણીતી ફિલ્મી હસ્તીઓની હાજરીમાં કરવામાં આવશે. કાન્સમાં ભારત પેવેલિયન ભારતીય ફિલ્મ સમુદાય માટે વિવિધ પ્રવૃત્તિઓમાં જોડાવા માટે એક મંચ તરીકે કામ કરે છે, જેમાં પ્રોડક્શન સહયોગને પ્રોત્સાહન આપવું, ક્યુરેટેડ નોલેજ સેશન્સ, ડિસ્ટ્રિબ્યુશન ડીલ પર હસ્તાક્ષર કરવા, સ્ક્રિપ્ટ્સ પર હસ્તાક્ષર કરવા, ગ્રીનલાઈટિંગ સ્ક્રિપ્ટ્સ, બીરબી મીટિંગ્સ અને વિશ્વભરના જાણીતા મનોરંજન અને મીડિયા પ્લેયર્સ સાથે નેટવર્કિંગનો સમાવેશ થાય છે. પેવેલિયનનું આયોજન નેશનલ ફિલ્મ ડેવલપમેન્ટ કોર્પોરેશન (એનએફડીસી) દ્વારા ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (ફિક્કી)ના સહયોગથી ઉદ્યોગના ભાગીદાર તરીકે કરવામાં આવશે. કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (સીઆઈઆઈ) મારફતે માર્ચે ડુ કાન્સમાં એક 'ભારત સ્ટોલ' મૂકવામાં આવશે, જેનો ઉદ્દેશ ઉદ્યોગને જોડવા અને સહયોગ પ્રદાન કરવાનો છે. નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ડિઝાઈન, અમદાવાદ દ્વારા ભારત પેવેલિયનની રચના કરવામાં આવી છે, જેને આ વર્ષની "ક્રિએટ ઈન ઈન્ડિયા"ની થીમ દર્શાવવા માટે 'ધ સુત્રધાર' નામ આપવામાં આવ્યું છે. આપણે ભારતની ઉપસ્થિતિ પર નજર કરીએ તો આ વર્ષે કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં એક સમૃદ્ધ ઈતિહાસ અને સર્જનાત્મકતાનો નજારો આંતરરાષ્ટ્રીય મંચ પરની દિશાને દર્શાવે છે. સ્પોટલાઈટમાં, પાયલ કાપડિયાની પ્રસિદ્ધ કૃતિ, "ઓલ વી ઈમેજિન એઝ લાઈટ" પ્રેક્ષકોને મોહિત કરવા અને પ્રતિષ્ઠિત પામ ડી'ઓર માટે સ્પર્ધા કરવા માટે તૈયાર છે. ઉલ્લેખનીય છે કે, આ એક નોંધપાત્ર સીમાચિહ્નરૂપ છે કારણ કે ભારતીય ટાઈટલ ત્રણ દાયકા પછી કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ ઓફિશિયલ સિલેક્શનના કોમ્પિટિશન સેક્શનમાં સ્થાન મેળવે છે. સિનેમાના પરિદ્રશ્યમાં બ્રિટિશ-ભારતીય ફિલ્મ નિર્માતા સંધ્યા સૂરીની "સંતોષ"માં માર્મિક કથા, અન સર્ટેન રિગાર્ડની સાથે-સાથે ડાયરેક્ટર્સ ફોર્ટનાઈટમાં કરણ કંધારીની ઉત્તેજક "સિસ્ટર મિડનાઈટ" અને એલ'એસિડમાં મૈસમ અલીની આકર્ષક "ઈન રિટ્રીટ" સિનેમેટિક લેન્ડસ્કેપને વધુ સમૃદ્ધ બનાવવામાં આવ્યું છે. ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (એફટીઆઈઆઈ)ના વિદ્યાર્થીની ફિલ્મ "સનફ્લાવર્સ વેર ફર્સ્ટ વન્સ ટૂ નો"ને લા સિનેફ કોમ્પિટિટિવ સેક્શનમાં પસંદ કરવામાં આવી છે. કન્નડ ભાષામાં બનેલી આ શોર્ટ ફિલ્મને વિશ્વભરની એન્ટ્રીઓમાં શોર્ટલિસ્ટ કરવામાં આવી હતી અને હવે તે અંતિમ તબક્કામાં અન્ય ૧૭ ઈન્ટરનેશનલ શોર્ટ ફિલ્મો સામે સ્પર્ધા કરશે. તદુપરાંત, અમૂલ ડેરી સહકારી ચળવળ પર ધ્યાન કેન્દ્રિત કરતી ફિલ્મ શ્યામ બેનેગલની 'મંથન' ક્લાસિક્સ વિભાગમાં રજૂ કરવામાં આવશે, જેમાં ફેસ્ટિવલની ભારતીય લાઈનઅપમાં ઐતિહાસિક મહત્વનો સ્પર્શ ઉમેરવામાં આવશે. મંત્રાલયના એકમ એનએફડીસી-નેશનલ ફિલ્મ આર્કાઈવ ઓફ ઈન્ડિયા (એનએફએઆઈ)ની ફિલ્મ વોલ્ટમાં ફિલ્મ રીલ્સને ઘણા દાયકાઓ સુધી સાચવી રાખવામાં આવી હતી અને ફિલ્મ હેરિટેજ ફાઉન્ડેશન (એફએચએમ) દ્વારા તેને પુનઃસ્થાપિત કરવામાં આવી છે. નેશનલ એવોર્ડ વિજેતા સિનેમેટોગ્રાફર સંતોષ સિવન કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં પ્રતિષ્ઠિત પીયરે એન્જેનીયોક્સ શ્રદ્ધાંજલિ મેળવનાર હશે. તેઓ કાન્સના પ્રતિનિધિઓ માટે એક માસ્ટરક્લાસ પણ આપશે અને આ સન્માન મેળવનાર પ્રથમ ભારતીય બનશે.

## બરતરફ કરાયેલા તમામ કેબિન ક્રૂ સભ્યોને પાછા લેવા માટે એરલાઈને સહમતી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

બે દિવસ અગાઉ એર ઈન્ડિયા એક્સપ્રેસ ના કેબિન ક્રૂ સભ્યોનું એક જુથ બીમાર હોવાનું કહ્યું રજા પર ઉતર્યું હતું. તેના કારણે એર ઈન્ડિયા એક્સપ્રેસની ૭૦ થી વધુ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી. ત્યાર બાદ હવે એક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. જેમાં આશરે ૨૫ વધુ સભ્યોને બળતરફ કરી દેવામાં આવ્યા હતા. પરંતુ હાલમાં આ તમામ મામલાનું સમાધાન આવી ગયું છે. એર ઈન્ડિયા એક્સપ્રેસની બેઠકમાં એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હતો જેમાં એરલાઈ દ્વારા તમામ બરતરફ કરાયેલા કેબિન ક્રૂ સભ્યોને ફરીથી પાછા લેવા માટે સંમત્તી દર્શાવી છે. તમામ કેબિન ક્રૂ સભ્યોને તાત્કાલિક પાછા લેવા માટે આદેશ કરવામાં આવ્યો છે. ત્યારે કર્મચારીઓ પણ કામ પર પાછા ફરવા સંમત થયા છે. મુખ્ય શ્રમ આયુક્ત દ્વારા બપોરે ૨ વાગ્યે બેઠક બોલાવવામાં આવી હતી. જેમાં એર ઈન્ડિયા એક્સપ્રેસ મેનેજમેન્ટ અને વિરોધ કરી રહેલા ક્રૂઓ વચ્ચે બેઠક થઈ હતી.

### T20 ઈન્ટરનેશનલમાં ત્રણ સદી ફટકારી હતી

# કોલિન મુનરોએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટને અલવિદા કરી દીધું

## કોલિન મુનરોએ છેલ્લા ૪ વર્ષથી ન્યૂઝીલેન્ડ માટે એક પણ આંતરરાષ્ટ્રીય મેચ રમી નથી : આખરે નિર્ણય લીધો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

હાલ આઈપીએલ ચાલી રહી છે. આઈપીએલ એના રોમાંચની ચરમસીમા પર પહોંચી ચુકી છે. આઈપીએલ બાદ અમેરિકા અને વેસ્ટઈન્ડિઝમાં સંયુક્ત રીતે ટી-૨૦ ક્રિકેટ વર્લ્ડ કપ રમાનાર છે. ક્રિકેટના આ ફોર્મેટમાં ઓછા બોલમાં વધારે રન બનાવનાર ખેલાડીઓની ડિમાન્ડ છે. એવામાં એક એવા ખેલાડીએ ક્રિકેટને અલવિદા કહી દીધું છે જે ટી-૨૦ ફોર્મેટમાં અત્યાર સુધી ૩ શતક લગાવી ચુક્યો છે.આ ખેલાડીના સન્યાસથી તેના લાખો ક્રિકેટ ચાહકો નિરાશ થયા છે. ક્રિકેટ ચાહકોને લાગ્યો મોટો આંચકો, વર્લ્ડ કપ શરૂ થતા પહેલાં જ વિસ્ફોટક બેટ્સમેને અચાનક કરી કરી દીધી સંન્યાસની જાહેરાત. આ એવો ખેલાડી છે જે આંતરરાષ્ટ્રિય ક્રિકેટમાં T20 ક્રિકેટમાં ૩-૩ સદી ફટકારી ચુક્યો છે. સ્ટ્રાઈક રેટની વાત કરીએ તો દર એક બોલમાં આ ખેલાડી બે થી ત્રણ લેવાની ક્ષમતા ધરાવે છે. અર્થાત આ



ખેલાડી ગ્રાઉન્ડમાં બેટિંગ કરવા ઉતરે ત્યારે ચોગ્ગા-છગ્ગાની વણઝાર લગાવી દે છે. આવા ખેલાડીના સન્યાસથી ક્રિકેટ ચાહકોને મોટો આંચકો લાગ્યો છે. અહીં વાત થઈ રહી છે. ન્યૂઝીલેન્ડ ક્રિકેટ ટીમના ધુઆંધાર બેટ્સમેન કોલિન મુનરોની. ન્યુઝીલેન્ડના વિસ્ફોટક બેટ્સમેન કોલિન મુનરોએ તેના ચાહકોને મોટો આંચકો આપ્યો છે. ૩૭ વર્ષની ઉંમરે આ ખતરનાક બેટ્સમેને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી છે. T20 ઈન્ટરનેશનલમાં ત્રણ સદી ફટકારનાર આ ખતરનાક બેટ્સમેને તાત્કાલિક અસરથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટને અલવિદા કહી દીધું છે.

કોલિન મુનરોએ છેલ્લા ૪ વર્ષથી ન્યૂઝીલેન્ડ માટે એક પણ આંતરરાષ્ટ્રીય મેચ રમી નથી. લાંબા સમય સુધી ટીમની બહાર રાખવામાં આવ્યા બાદ આ બેટ્સમેને આખરે પોતાની કારકિર્દીને લઈને મોટો નિર્ણય લીધો છે. કોલિન મુનરોએ ન્યુઝીલેન્ડ માટે તેની છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચ ૨ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ બે ઓવલ ખાતે ભારત સામે રમી હતી. કોલિન મુનરોએ ન્યૂઝીલેન્ડ માટે ૧ ટેસ્ટ, ૫૭ ODI અને ૬૫ T20 આંતરરાષ્ટ્રીય મેચ રમી છે. કોલિન મુનરોએ ન્યૂઝીલેન્ડ માટે ૫૭ ODI મેચોમાં ૨૪.૯૨ની એવરેજથી ૧૨૭૧ રન બનાવ્યા છે, જેમાં ૮ અડધી સદીનો સમાવેશ થાય છે. આ દરમિયાન તેનો સર્વશ્રેષ્ઠ સ્કોર ૮૭ રન હતો. કોલિન મુનરોના નામે ૈંમાં ૭ વિકેટ છે અને તેનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન ૧૦ રનમાં ૨ વિકેટ રહ્યું છે. કોલિન મુનરોએ ન્યૂઝીલેન્ડ માટે ૬૫ T20 આંતરરાષ્ટ્રીય મેચોમાં ૩૧.૩૫ની સરેરાશથી ૧૭૨૪ રન બનાવ્યા છે.

### બીસીસીઆઈ સચિવ જય શાહે મોટો ખુલાસો કર્યો

# ઈશાન અને ઐય્યરને સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાંથી બહાર રાખવાનો નિર્ણય ચીફ સિલેક્ટરનો હતો

## બીસીસીઆઈ તરફથી નિર્દેશ મળવા છતાં ઘરેલુ ટુર્નામેન્ટ નહીં રમવા બદલ કોન્ટ્રાક્ટમાંથી બહાર રાખવામાં આવ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

બીસીસીઆઈ સચિવ જય શાહે એક મોટો ખુલાસો કર્યો છે. શાહે જણાવ્યું છે કે ઈશાન કિશન અને શ્રેયસ ઐય્યરને બીસીસીઆઈના એન્યુઅલ કોન્ટ્રાક્ટથી બહાર કરવાનો નિર્ણય કોણે લીધો હતો. અત્રે જણાવવાનું કે આ વર્ષે જાહેર થયેલા બીસીસીઆઈના એન્યુઅલ કોન્ટ્રાક્ટમાંથી આ બંને ખેલાડીનું પત્તું કપાઈ ગયું હતું. ત્યારબાદ તો અનેક દિગ્ગજોએ બોર્ડના આ નિર્ણય પર પોતાનો મત પણ વ્યક્ત કર્યો હતો. હવે જય શાહે કહ્યું કે ઈશાન કિશન અને શ્રેયસ ઐય્યરને સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાંથી બહાર રાખવાનો નિર્ણય ચીફ સિલેક્ટરનો હતો. વાત જાણે એમ છે કે બીસીસીઆઈ તરફથી નિર્દેશ મળવા છતાં ઘરેલુ ટુર્નામેન્ટ નહીં રમવા બદલ ઈશાન કિશન અને શ્રેયસ ઐય્યરને કોન્ટ્રાક્ટમાંથી બહાર રાખવામાં આવ્યા. ઈશાને ગત વર્ષ વનડે વર્લ્ડ કપ બાદ લાંબો બ્રેક લીધો અને સીધો હાલ ચાલી રહેલી આઈપીએલમાં જ રમતો જોવા મળ્યો. જ્યારે ઐય્યરે રણજી ટ્રોફીમાં સેમી ફાઈનલ અને ફાઈનલ સહિત મુંબઈ માટે કેટલીક મેચ રમી. મુંબઈ ટીમ જ્યારે રણજી રમી રહી હતી ત્યારે ઐય્યર કોલકાતા નાઈટ રાઈડર્સના મુંબઈ શિબિરમાં ભાગ લઈ રહ્યો હતો. જય શાહે બીસીસીઆઈ કાર્યાલય પર મીડિયા સાથે વાતચીતમાં કહ્યું કે, તમે બંધારણ જોઈ શકો



છો. હું બસ સિલેક્શન કમિટીની બેઠક બોલાવું છું. તેમણે વધુમાં કહ્યું કે તે નિર્ણય અજીત અગરકરનો હતો. જ્યારે આ બંને ખેલાડીઓએ ઘરેલુ ક્રિકેટ ન ખેલી તો તેમને બહાર રાખવાનો નિર્ણય પણ અગરકરનો જ હતો. મારુ કામ બસ તેના પર અમલ કરવાનો છે. અમને સંજૂ સેમસન જેવો સારો ખેલાડી મળી ગયો. શાહે કહ્યું કે તેમણે બાદમાં બંને ખેલાડીઓ સાથે વાત પણ કરી હતી. બીસીસીઆઈ સચિવે કહ્યું કે હમે તેમની સાથે વાત કરી હતી. મીડિયામાં રિપોર્ટ પણ આવ્યો હતો. હાર્દિક પંડ્યાએ પણ કહ્યું હતું કે જો બીસીસીઆઈ સફેદ બોલના ક્રિકેટ માટે તેમની પસંદગી કરે તો તેઓ વિજય હજારે અને સૈયદ મુશ્તાક અલી ટ્રોફી રમવા માટે તૈયાર છે. દરેક ખેલાડીએ રમવું પડશે.

### ૧૦૦થી વધારેના મોત અને હજારો લોકો ગુમ

# બ્રાઝિલના રિયો ગ્રાન્ડે દો સુલમાં ભારે વરસાદ બાદ પૂરે મચાવી હતી તબાહી

। (એજન્સી) બ્રાસીલીયા, તા.૧૦ ।

બ્રાઝિલના રિયો ગ્રાન્ડે દો સુલમાં ૨૯ એપ્રિલથી ભારે વરસાદ પડી રહ્યો છે. રાજ્યના ૪૧૪ શહેરો પર ભારે પૂર સંકટ આવી પડ્યું છે. પૂરગ્રસ્ત શહેરોમાં ફસાયેલા લોકો પાસે પીવા માટે પાણી પણ નથી. પૂરના કારણે ૯૯૮૦૦ મકાનો આંશિક અથવા સંપૂર્ણ નાશ પામ્યા છે. બ્રાઝિલના રિયો ગ્રાન્ડે દો સુલ રાજ્યમાં છેલ્લા એક સપ્તાહથી ભારે વરસાદ થઈ રહ્યો છે, જેના કારણે ઘણા વિસ્તારોમાં પૂરના પાણી ભરાઈ ગયા છે. પૂરના કારણે અત્યાર સુધીમાં ૧૦૦ લોકોના મોત થયા છે. જયારે ૧૪ લાખ લોકો અસરગ્રસ્ત છે. બે લાખ લોકોને પોતાનું ઘર છોડવાની ફરજ પડી છે. બ્રાઝિલની સિવિલ ડિફેન્સ એજન્સીએ આપેલી જાણકારી અનુસાર, પૂર અને



ભારે વરસાદને કારણે ૯૯,૮૦૦ ઘર આંશિક અથવા સંપૂર્ણ રીતે નાશ પામ્યા છે. રિયો ગ્રાન્ડે દો સુલમાં ૨૯ એપ્રિલથી ભારે વરસાદ પડી રહ્યો છે. રાજ્યના ૪૧૪ શહેરો પૂર સંકટમાં ફસાયા છે. લગભગ ૧૩૦ લોકો લાપતા છે. પૂરગ્રસ્ત શહેરોમાં ફસાયેલા લોકો પાસે પીવા માટે પાણી પણ નથી. જયારે ઘણી જગ્યાએ ટેલિફોન અને ઈન્ટરનેટ સેવાઓ પણ ખોરવાઈ ગઈ છે. બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુઈઝ ઈનાસિયો લુલા દા સિલ્વાએ વચન આપ્યું છે.

### યુવતી સાથે બળાત્કાર કરીને હત્યા કરવામાં આવી

# યુવતીનું અપહરણ કરીને તેનું ધર્મપરિવર્તન કરી દેવાયું

। (એજન્સી) બરેલી, તા.૧૦ ।

ઉત્તર પ્રદેશના બરેલી જિલ્લામાંથી એક હૃદયદ્રાવક સમાચાર સામે આવ્યા છે. અહીં એક મુસ્લિમ યુવકે હિન્દુ વિદ્યાર્થિનીને બળજબરીથી ધર્મ પરિવર્તન કરાવ્યું અને તેના પર બળાત્કાર કર્યા બાદ તેને ચાલતી ટ્રેનની સામે ફેંકીને ક્રૂરતાપૂર્વક તેની હત્યા કરી નાખી. હદ તો ત્યારે થઈ જ્યારે હત્યાની સનસનાટીભરી ઘટના બાદ બે જિલ્લાની પોલીસ કલાકો સુધી સીમા વિવાદમાં ફસાયેલી રહી. ત્યારબાદ જ્યારે હિન્દુ સંગઠનોએ આ મામલે હોબાળો મચાવ્યો ત્યારે ૧૨ કલાક બાદ કેસ નોંધવામાં આવ્યો. આ મામલામાં એસપી સાઉથ માનુષ પરીકે જણાવ્યું કે રેલ્વે ટ્રેક પાસે એક વિદ્યાર્થીનો મૃતદેહ મળ્યો હતો. શાહજહાંપુર પોલીસે વિદ્યાર્થિનીના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. આરોપીની પણ ધરપકડ કરવામાં આવી છે. આ કેસમાં આરોપીઓ વિરુદ્ધ ધર્મ પરિવર્તન અધિનિયમ, પોક્સો, બળાત્કાર, અપહરણ અને હત્યા જેવી ગંભીર કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. આ મામલો બરેલીના ફતેગંજ પૂર્વ પોલીસ સ્ટેશનનો છે. અહીં મધ્યવર્તી વિદ્યાર્થિનીને ફરીયાદ નામના છોકરાએ ટ્રેનની સામે ફેંકીને હત્યા કરી હતી. આરોપ છે કે ફરીયાદ નામનો છોકરો લાંબા સમયથી વિદ્યાર્થિનીને પરેશાન કરી રહ્યો હતો. આ પછી તેણે વિદ્યાર્થિની પર બળજબરીથી બળાત્કાર ગુજાર્યો અને પછી તેનું ધર્મ પરિવર્તન કરાવ્યું.

### યુપીના ગાઝિયાબાદમમાં હત્યા કરવા મામલો

# વિનયની હત્યાના આરોપી પોલીસ એન્કાઉન્ટરમાં ઠાર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

તાજેતરમાં ટાટા સ્ટીલના બિઝનેસ હેડ વિનય ત્યાગીની યુપીના ગાઝિયાબાદમાં શાલીમાર ગાર્ડન વિસ્તારમાં હત્યા કરવામાં આવી હતી. વિનય ત્યાગીની લાશ સાહિબાબાદ વિસ્તારના રાજેન્દ્ર નગર વિસ્તારમાં એક નાળામાંથી મળી આવી હતી. વિનયની હત્યાના આરોપીને પોલીસે ગાઝિયાબાદમાં એન્કાઉન્ટરમાં ઠાર માર્યો છે. પોલીસનું કહેવું છે કે વિનય ત્યાગીની લૂંટ બાદ હત્યા કરવામાં આવી હતી. મળતી માહિતી મુજબ, પોલીસે એન્કાઉન્ટરમાં ગુનેગાર અક્કી ઉર્ફે દક્ષને ઠાર માર્યો છે. આ બદમાશોએ ૩ મેની રાત્રે ટાટા સ્ટીલના બિઝનેસ હેડ વિનય ત્યાગીની લૂંટ કર્યા બાદ હત્યા કરી હતી. ટ્રાન્સ



હિંડન ડીસીપીએ જણાવ્યું કે આજે, ૧૦ મે, ૨૦૨૪ ના રોજ, સાહિબાબાદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોલીસ અને બે બાઈક સવાર બદમાશો વચ્ચે એકાઉન્ટરની માહિતી મળી હતી. એકાઉન્ટર દરમિયાન એક આરોપી અને એક સબ ઈન્સ્પેક્ટર ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઘાયલ સબ ઈન્સ્પેક્ટર અને આરોપીઓને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. બાઈક સવાર બદમાશ અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયો હતો. સારવાર માટે દાખલ કરાયેલા આરોપીનું મોત નીપજ્યું છે. પૂછપરછમાં જાણવા મળ્યું કે તેનું નામ અક્કી ઉર્ફે દક્ષ છે, જે સીલમપુર, દિલ્હીનો રહેવાસી છે. આ આરોપી ૪ મે ૨૦૨૪ના રોજ પોલીસ સ્ટેશનના શાલીમાર ગાર્ડન વિસ્તારમાં બનેલી લૂંટ અને હત્યાની ઘટનામાં વોન્ટેડ હતો. તેના કબજામાંથી લૂંટાયેલો મોબાઈલ ફોન અને એક ગેરકાયદેસર હથિયાર મળી આવ્યું હતું. ગાઝિયાબાદ પોલીસના જણાવ્યા અનુસાર, જ્યારે પોલીસે ચેકિંગ દરમિયાન બાઈક સવાર બદમાશોને રોક્યા તો આરોપીઓએ પોલીસ ટીમ પર ગોળીબાર કર્યો. આરોપી દક્ષ દિલ્હીના સીલમપુરનો રહેવાસી હતો.




અરવિદ કેજરીવાલને વચગાળાના જામીન મળતા જ સત્યનો પરાજય થઈ શકતો નથી આમ આદમી પાર્ટીના કહે છે પત્ની સુનીતા તેને લોકશાહીની જીત કહે છે.

# પાકિસ્તાનને માન આપો, એટમ બોમ્બ છે એની પાસે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

વારસાગત ટેક્સ અને ભારતીયો વિશે જાતિવાદી ટિપ્પણી કરનાર ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સામ પિત્રોડા બાદ હવે કોંગ્રેસના વધુ એક નેતાનું નિવેદન સામે આવ્યું છે. પાર્ટીના વરિષ્ઠ નેતા મણિશંકર અય્યરે પાકિસ્તાનને લઈને વિવાદિત નિવેદન આપ્યું છે. મણિશંકર ઐયરે કહ્યું કે ભારતે પાકિસ્તાનનું સન્માન કરવું જોઈએ કારણ કે પાડોશી દેશ પાસે પરમાણુ બોમ્બ છે. જો આપણે તેમનું સન્માન નહીં કરીએ તો તેઓ ભારત પર પરમાણુ હુમલો કરવાનું વિચારી શકે છે. અય્યરે કહ્યું કે ભારતે એ ન ભૂલવું જોઈએ કે પાકિસ્તાન પાસે પણ પરમાણુ હથિયાર છે. મને સમજાતું નથી કે વર્તમાન સરકાર શા માટે કહે છે કે અમે પાકિસ્તાન સાથે વાત નહીં કરીએ કારણ કે ત્યાં આતંકવાદ છે. એ સમજવું જરૂરી છે કે આતંકવાદને ખતમ કરવા માટે વાતચીત ખૂબ જ જરૂરી છે. નહીં તો પાકિસ્તાન વિચારશે કે ભારત અહંકારથી આપણને દુનિયામાં નાનું દેખાડી રહ્યું છે. આવી સ્થિતિમાં પાકિસ્તાનનો કોઈપણ પાગલ આ બોમ્બનો ઉપયોગ કરી શકે છે.

## દક્ષિણ બ્રાઝિલમાં ભારે વરસાદને કારણે ૧૦૭ લોકોના મોત અને ૧૩૬ લોકો પણ ગુમ



। (એજન્સી) રિયો ગ્રાંડે, તા.૧૦ ।

દક્ષિણ બ્રાઝિલમાં ભારે વરસાદ બાદ પુરના કારણે ૧૦૭ લોકોના મોત થયા છે અને ૧૩૬ લોકો હજુ પણ ગુમ છે. જ્યારે ૧ લાખ ૬૪ હજારથી વધુ લોકો વિસ્થાપિત થયા છે. મીડિયા સૂત્રો દ્વારા મળતી માહિત અનુસાર, બ્રાઝિલના દક્ષિણી રાજ્ય રિયો ગ્રાન્ડે દો સુલમાં ત્રાટકેલા તોફાને ભારે તબાહી મચાવી છે. હેલિકોપ્ટરની મદદથી લોકોને બચાવવામાં આવી રહ્યા છે. એક મીડિયા અહેવાલ મુજબ આગામી દિવસોમાં વધુ વરસાદની સંભાવના છે. એવી આશંકા છે કે પોર્ટો એલેગ્રે અને તેની આસપાસના શહેરો વધુ પાણીથી છલકાઈ જશે. અહીંના રસ્તાઓ પહેલેથી જ પાણીમાં ડૂબી ગયા છે. આ દરમિયાન પૂરનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં જોઈ શકાય છે કે પૂરના કારણે બ્રાઝિલનો એક ઘોડો ઘરની છત પર ફસાઈ ગયો હતો. ઘોડો કેનોઆસ શહેરમાં એક પાતળા છત પર સંતુલિત ઊભો હતો. કેનોઆસ શહેરનો મોટા ભાગનો વિસ્તાર પૂરના પાણીથી ભરાઈ ગયો છે અને બાકીના શહેરથી સંપૂર્ણપણે કપાઈ ગયો છે. અન્યત્ર પણ પૂરના કારણે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પુલોનો નાશ થયો છે. અનેક સુપરમાર્કેટમાંથી લૂંટના અહેવાલો પણ આવ્યા છે.

# બાળકને મતદાન કરાવનાર જિલ્લા પંચાયતના સભ્ય સામે નોંધાઈ FIR

। (એજન્સી) ભોપાલ, તા.૧૦ ।

મધ્યપ્રદેશની ભોપાલ લોકસભા સીટ પર ૭ મેના રોજ યોજાયેલા વોટિંગ દરમિયાન એક સગીર બાળકને વોટ આપવા માટે કહેવામાં આવી રહ્યો હોવાનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે. કોંગ્રેસનો દાવો છે કે જિલ્લા પંચાયતના સભ્ય અને ભાજપના નેતા વિનય મેહરે પોતે આ વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો છે. આ મામલો ચર્ચામાં આવ્યા બાદ વીડિયો પણ ડિલીટ કરી દેવામાં આવ્યો હતો. આ મામલો ધ્યાને આવ્યા બાદ રાજ્ય ચૂંટણી પંચે પ્રિસાઈડિંગ ઓફિસરને સસ્પેન્ડ કરી દીધા છે. સાથે જ, વીડિયોમાં દેખાતા વ્યક્તિ વિરુદ્ધ લોક પ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૨૮ અને IPCની કલમ ૧૮૮ હેઠળ FIR દાખલ કરવામાં આવી છે. વાસ્તવમાં, સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવેલા વીડિયોમાં જોવા મળે છે. કે એક વ્યક્તિ નાના બાળક સાથે મતદાન કેન્દ્ર પર જઈ રહ્યો છે. અને તેને ઈવીએમ બટન દબાવવા માટે કહી રહ્યો છે. આ પછી VVPAT મશીન પર કમળના ફૂલની સ્લિપ આવી રહી છે. વીડિયો વાયરલ થતાની સાથે જ કોંગ્રેસ સક્રિય થઈ ગઈ અને આરોપ લગાવ્યો કે વીડિયોમાં દેખાતો વ્યક્તિ બીજેપી કાર્યકર અને જિલ્લા પંચાયત સભ્ય વિનય મેહર છે.પૂર્વ મુખ્યમંત્રી કમલનાથના મીડિયા સલાહકાર અને કોંગ્રેસના નેતા પીયૂષ બાબિલેએ કહ્યું કે, ભાજપે ચૂંટણી પંચને બાળકોનો ખેલ બનાવી દીધો છે.

### સાવરકુંડલામાં ચોંકાવનારો મર્ડર કેસ સામે આવ્યો

# સાવરકુંડલામાં પરિણિતાએ માતા સાથે મળીને સાસુની હત્યા કરી

। (એજન્સી) સાવરકુંડલા, તા.૧૦ ।

સાવરકુંડલામાં ચોંકાવનારો મર્ડર કેસ સામે આવ્યો છે. જેમાં પરિણિતાએ તેની માતા સાથે મળીને સાસુની હત્યા કરી દીધી છે. બુધવારે મોડી રાત્રે આ ઘટના બની હતી. પતિ જ્યારે નોકરી કરવા માટે ગયો હતો ત્યારે તેની માતા ઘરે એકલી હતી. આ સમયે પરિણિતાએ સતત થતી તૂ તૂ મેં મેં થી કંટાળીને સાસુને તેના જીવનમાંથી કાઢી મૂકવાનો પ્લાન બનાવ્યો હતો. આ સમયે જોકે પતિ ઘરે આવ્યો ત્યારે મોટો સીન થઈ ગયો હતો. અહેવાલ પ્રમાણે ૫૦ વર્ષીય મૃતક મહિલાનું નામ બીના પાઠક છે. તેનો દીકરો વૈભવ ભારતની લીડિંગ પ્રાઈવેટ બેન્કમાં સિનિયર એક્ઝિક્યુટીવ તરીકે ફરજ બજાવે છે. તેવામાં બુધવારે જે ૪૦ કિમી લાંબી સફર કરીને પરત ઘરે આવ્યો તો જોયું કે તેની માતાની હત્યા કરી દેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે આ સમયે તેણે તેની પત્ની શ્વોતા અને સાસુને બૂમો પાડીને બોલાવ્યા હતા. તેણે કહ્યું કે મારી મમ્મી સાથે આ તો શું થઈ ગયું કોણે કર્યું? આ સમયે વૈભવ કઈ રિએક્ટ કરે એની પહેલા તો તેની પત્ની અને સાસુએ મિર્ચ પાવડર લીધો અને તેની આંખમાં છાંટી ત્યાંથી ફરાર થઈ ગયા હતા. જોકે આ અંગે પછી તરત જ વૈભવ બહાર આવ્યો અને બૂમાબૂમ કરવા લાગ્યો હતો.

## તંત્રી લેખ...

# આધ્યાત્મિક પ્રગતિ માટે દિશા-નિર્દેશ ક્યાંથી મળે?

આ માર્ગદર્શન આપણને એ મહાપુરુષોથી મળે છે, જેમણે ખુદ સાધના કરી છે અને આધ્યાત્મિક ઊંચાઈને સ્પર્શી છે. તેમનાં વચન જ 'આપ્તવાક્ય' છે. દરેક શાસ્ત્ર આપ્તવાક્ય નથી હોતું, પરંતુ જે આપ્તવાક્ય છે, એ જ સાચું શાસ્ત્ર છે. બાકી બધું માત્ર પ્રાપ્તવાક્ય છે, જેનું એટલું મૂલ્ય-મહત્ત્વ નથી. મનુષ્યએ આપ્તવાક્ય અનુસાર જ ચાલવું જોઈએ. આપ્તવાક્ય એ વચન છે, જે એ મહાપુરુષોના છે, જેમને સાધના દ્વારા સ્વયંને પરમાત્મામાં લીન કરી લીધા છે. એ જ જાણે છે કે પરમાત્મા શું ઈચ્છે છે અને શું નહીં. આપણે એવા મનીષિઓના બતાવેલા માર્ગ પર જ ચાલવું જોઈએ. જે આત્મ શક્તિ આપનાં જીવનને ચલાવે છે, તે ખૂબ પવિત્ર છે. તેનું સન્માન કરો. આપ જીવન ઊર્જાનું સન્માન કરવાનું શરૂ કરશો કે સહજ જ અન્ય સદગુણ પણ આપની અંદર સ્ફુરિત થવા લાગશે. આપ ઉદાર બનશો, આપની અંદર આત્મીય ભાવ ખીલશે અને આપ પ્રત્યેક વ્યક્તિ, પ્રત્યેક પદાર્થ સાથે તાદાત્મ્ય અનુભવશો. ઉપર દોષારોપણ ન કરો. તેમ જ, પોતાની જાત ઉપર પણ દોષારોપણ ન કરો. અન્યની અને સ્વયંની પ્રશંસા કરો. જ્યાં આવશ્યક હોય ત્યાં પણ કોઈ પ્રતિભાવ ન આપવો, તેવો આનો અર્થ નથી. આલોચના ચોક્કસ કરો પરંતુ હૃદયમાં કટુતા લાવ્યા સિવાય માત્ર ઉપરી આલોચના કરો. અન્ય વ્યક્તિની ભૂલ હોય તો તેના તરફ તેનું ધ્યાન ચોક્કસ દોરો પરંતુ સાથે સાથે તે ભૂલનું સમાધાન, તેને દૂર કરવા માટેના ઉપાયો પણ સૂચવો. આપ માત્ર સમસ્યા પ્રત્યે જ કોઈનું ધ્યાન દોરો છો અને ઉપાય નથી દર્શાવતા તો માત્ર અડધું જ કાર્ય આપ પૂર્ણ કરો છો. જો આપ એ સમસ્યાનું સમાધાન નથી જાણતા તો તેમની સાથે મળીને સમાધાન શોધવાના સંયુક્ત પ્રયત્નો કરો. જાણી લો કે કોઈ પણ વ્યક્તિનું સ્વતંત્ર અસ્તિત્વ નથી. દરેક વ્યક્તિગત મન, બ્રહ્માંડની ચેતના સાથે જોડાયેલું છે. બ્રહ્માંડ દ્વારા નિર્ધારિત સ્થળ-કાળની યોજના મુજબ જ સઘળું ઘટિત થતું રહે છે. સમય બદલાય છે ત્યારે મિત્ર, શત્રુ બની જાય છે અને શત્રુ, મિત્ર બની જાય છે. સ્વયંમાં, આત્મતત્વમાં અને જીવન પ્રતિ ઊંડી શ્રદ્ધા રાખો. મહાજ્ઞાની બનવાથી ભગવાન નથી મળતા, પરંતુ સાચી ભક્તિથી જ તેમને પામી શકાય છે. દરેક કર્મ માટે દૃઢસંકલ્પની જરૂરિયાત હોય છે, ચાહે તે સારા હોય કે ખરાબ. ખરાબ કામ કરવા માટે જીદ કરનારા ખતરો બની જાય છે, જ્યારે સારા કામ માટે જીદ કરનારા મહાન બની જાય છે. તેમની પ્રગતિને કોઈ રોકી નથી શકતું. પરમાર્થની પ્રાપ્તિ માટે પણ આ જ પ્રકારની જીદ જરૂરી છે, 'હું અવશ્ય મેળવીશ, મેળવીને જ જંપીશ.' આ જીદ એક પ્રકારે આધ્યાત્મિક ઉન્માદ છે, જ્યાં આદર્શ માટે બધું જ ન્યોછાવર કરવાની તત્પરતા હોય છે. જીવનમાં કોઈપણ ક્ષેત્રમાં દુવિધા ન હોવી જોઈએ.

# સાઈબર અપરાધીઓ સાઇબર અપરાધ રોકનારા તંત્ર કરતાં બે ડગલાં આગળ




હાલમાં જ આર્થિક છેતરપિંડીમાં ઉપયોગ થનારા ૧.૫૮ લાખ ફોન નંબર બંધ કરી દેવામાં આવ્યા છે, પરંતુ આ પગલાથી સાઈબર અપરાધીઓનો જુસ્સો મંદ પડશે તેવું લાગતું નથી. આશંકા એ જ છે કે તેઓ ખોટી માહિતી કે લાલચ આપીને ઓનલાઈન ઠગાઈ કરવા માટે કોઈ બીજા નામે ફરીથી સિમ નંબર હાંસલ કરી શકે છે. યાદ રહે કે સરકારે બીજાના નામ પર ચલાવવામાં આવતા ૩૦ લાખથી વધુ ફોન નંબર બ્લોક પણ કરવા પડ્યા છે. આખરે એની શી ગેરંટી કે ઓનલાઈન છેતરપિંડી કરનારા નકલી કે ચોરી કરેલા દસ્તાવેજોથી ફરીથી સિમકાર્ડ નહીં મેળવી લે? જો ટેલિકોમ કંપનીઓ સાઈબર છેતરપિંડીમાં સંડોવાયેલા શંકાસ્પદ હજારો ફોન નંબરોની તપાસ કરી રહી છે તો તેનો મતલબ છે કે અપરાધી છળકપટથી સિમકાર્ડ મેળવી લેવામાં સક્ષમ છે. સાઈબર અપરાધી લોકોને ગુમરાહ કરીને જ ઠગાઈ નથી કરી રહ્યા, સાથે જ તેઓ તેમને બ્લેકમેલ કે ધમકાવીને પણ તેમની પાસેથી ખંડણી વસૂલી રહ્યા છે. ઓનલાઈન ઠગોની ટોળકી દેશના કેટલાય હિસ્સામાં પાંગરી ચૂકી છે અને તે વધતી જ જાય છે. તેનો મતલબ છે કે એમના પર લગામ લગાવવા અને તેમને દંડિત કરવાની રીતભાતો કારગત સાબિત નથી થઈ રહી. ક્યારેક ક્યારેક તો એવું લાગે છે કે સાઈબર અપરાધીઓ સાઈબર અપરાધ રોકનારા તંત્ર કરતાં બે ડગલાં આગળ ચાલી રહ્યા છે. સમસ્યા માત્ર એટલી જ નથી કે સાઈબર અપરાધી મોબાઈલ ફોન અને ઈમેલ દ્વારા છેતરપિંડી કરી રહ્યા છે કે પછી નકલી કોલ સેન્ટર ચલાવી રહ્યા છે. સમસ્યા એ પણ છે કે તેઓ કાયદા અને વ્યવસ્થા માટે ગંભીર પડકાર બની રહ્યા છે. ગત દિવસોમાં દિલ્હી અને એનસીઆરની કેટલીય સ્કૂલોમાં બોમ્બ મૂકવાની ખોટી અફવા ફેલાવીને હડકંપ મચાવી દેવામાં આવ્યો. પોલીસ આ કેસની તપાસ કરી જ રહી હતી કે અમદાવાદની સ્કૂલોને પણ આ જ પ્રકારની ખોટી અફવા ફેલાવીને ડરાવવામાં આવી. માનવામાં આવે છે કે આ પ્રકારની હરકત વિદેશમાં બેઠેલા અપરાધીઓએ કરી. જો ભારતીય સુરક્ષા એજન્સીઓ તેમનાં નામ-ઠેકાણાં શોધી પણ લે તો તેમના વિરુદ્ધ કાર્યવાહી કરવી મુશ્કેલ છે. જો આ પ્રકારના અપરાધી કોઈ એવા દેશમાં હોય, જેના ભારત સાથે મૈત્રીપૂર્ણ સંબંધો ન હોય, તો તેના વિરુદ્ધ કશું કરી શકવું અસંભવ થઈ જાય છે. એ એક તથ્ય છે કે લગભગ બે વર્ષ પહેલાં દિલ્હીની એમ્સની સિસ્ટમને હેક કરીને હોસ્પિટલ પ્રશાસન અને દર્દીઓને પરેશાન અને ખંડણી માંગવાની કોશિશ કરનારા અપરાધીઓ વિરુદ્ધ પણ હજુ કશું કરી શકાયું નથી. સ્પષ્ટ છે કે ઓનલાઈન ઠગાઈ, બ્લેકમેલિંગ, હેકિંગ વગેરે સાઈબર અપરાધોને પહોંચી વળવા માટે ભારત સરકારે વધુ આકરા અને પ્રભાવી પગલાં ભરવાની જરૂર છે. હજુ તો એ સ્થિતિ છે કે કેટલીય ફરિયાદો બાદ પણ લોકોને સ્પામ કોલથી છૂટકારો નથી મળી રહ્યો. ડિજિટલ ક્રાંતિના આ દોરમાં સાઈબર અપરાધીઓને બચી નીકળવાનો મોકો ન આપે તેવા ઠોસ ઉપાયો અનિવાર્ય થઈ ચૂક્યા છે.

**વિક્રમ સંવત ૧૭૭૯ ની વૈશાખ સુદ ત્રીજ એટલે કે અક્ષય તૃતીયાના દિવસે વડવા ગામના દ્વારે ભાવનગરનાં તોરણ બંધાયા હતા**

# ચાલો ભાવની નગરી ભાવનગરમાં ઘૂમીને એની સંસ્કારિતા અને કલાત્મકતાનો અનુભવ કરીએ



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**ભાવનગરની વર્ષગાંઠે ભાવનગરનાં ભવ્ય ઇતિહાસની વાત કરીએ તો આજે પણ ભાવનગરના ઇતિહાસની ભવ્યતાને જોઇને ઇતિહાસવિદો કહે છે કે ભાવનગરની સ્થાપનાથી લઇને તેના વિકાસ માટે રાજવીઓએ કરેલા કાર્યો ઉત્કૃષ્ઠ છે.**

ગઈકાલે તારીખ ૧૦/૫/૨૦૨૪ના રોજ અક્ષય તૃતીયા હતી, અને અક્ષય તૃતીયા ઉજવવાના ઘણા કારણ છે. પરંતુ ભાવનગરની જનતા પાસે અક્ષય તૃતીયા ઉજવવાનું એક વધુ કારણ છે, કારણકે એ દિવસે તેમના નગરનો જન્મ દિવસ છે.આમ તો ભાવનગર નામ સાંભળતા જ ભાવ આવી જાય તેવો તેનો ઈતિહાસ છે. કલા અને સંસ્કૃતિની જનેતા ગણાતાં ભાવનગરની પ્રજા ખૂબ ગુણવાન અને કલા પ્રિય છે. કેટલાય ઉંચા દરજ્જાના કવિ લેખક અને અન્ય કલાકાર આ ભૂમિ સાથે જોડાયેલા છે. આ ઉપરાંત ભૌગોલિક દ્રષ્ટિએ ભાવનગરને ઘણો લાંબો દરિયા કિનારો, પાલિતાણા સિહોર અને તળાજાની ટેકરી, શેત્રુંજી જેવી નદી,તો ઘોઘા જેવું વેપાર વધારી શકે તેવું બંદર વગેરે ઉપલબ્ધ હતું,અને કદાચ મહારાજાની નજર એ બધા પર પડી, એટલે જ અહીં નગર વિકસાવવામાં આવ્યું. તો એવા ભાવેણા વિશે થોડું જાણીએ. આજે ભાવનગર જિલ્લા તરીકે પ્રખ્યાત એવા ભાવનગર વિશે થોડી વાત કરીએ, વિક્રમ સંવત ૧૭૭૯ ની વૈશાખ સુદ ત્રીજ એટલે કે અક્ષય તૃતીયાના દિવસે વડવા ગામના દ્વારે ભાવનગરનાં તોરણ બંધાયા હતા. સુર્યવંશી ગોહીલવંશના રાજાઓ આ રજવાડા પર શાસન કરતા આવ્યા છે, તેમનું મુળ વતન મારવાડ હતું. સુર્યવંશી ગોહીલ રાજપુતોને મારવાડમાં તીવ્ર સ્પર્ધાનો સામનો કરવો પડતો હતો. એ કારણે તેઓ મારવાડ છોડીને ગુજરાત બાજુ આવ્યાં, અને સેજકપૂર, રાણપુર, અને ઉમરાળા પંથકમાં અને પછી સિહોરમાં તેઓ વસ્યાં, પરંતુ ત્યાં પણ કંથાજી કંડાણી અને પીપળાજી ગાયકવાડની સરદારી હેઠળ આ ગોહિલ વાડનાં રાજ્યો પર આક્રમણ થયાં, અને તેમને હારનો સામનો કરવો પડ્યો. ત્યારબાદ સિહોરનાં રાજવી એવા ભાવસિંહજી ગોહિલ એ ભાવનગરની સ્થાપના કરી, એટલે આ પંથકને ગોહીલ વાડ તરીકે પણ ઓળખવામાં આવે છે.વડવા ગામ અને દરિયાકાંઠે આવેલા રૂવાપરી વચ્ચેના ખુલ્લા મેદાન જેવા વિસ્તારમાં તેને ઘણી શક્યતાઓ દેખાતાં અહીં રાજ્ય વિકસાવવાનો વિચાર આવ્યો. રાજા મહારાજા ઓનાં સમયમાં ભાવનગર એક ઉત્તમ રાજ્ય સાબિત થયું.નગરની વિવિધ ઐતિહાસિક સંસ્કૃતિ બેનમૂન છે, તો એની ઉત્પત્તિ વિશે થોડું જાણીએ.૧૭૭૯ થી ૧૯૪૮ સુધીમાં આ નગર શહેરમાં પરિણમી ગયું, અને આજે તો અધધધધ વિકાસ. ગોહિલવાડના બેનમૂન શિલ્પ-સ્થાપત્યના ઈતિહાસમાં ડોકિયુ કરીએ તો ભવ્ય યાદો તાજી થાય છે. ૧૯મી સદી દરમિયાન પ્રાચીન શિલ્પ-સ્થાપત્યનો અણસાર પાલિતાણાના જૈન મંદિરો આપે છે. ભારતીય ઈજનેરો ભારતીય સ્થાપત્ય પ્રણાલિકાની અવગણના કરતા હતાં તે કારણે કારીગરો, સલાટો અને આયોજકો ગોથિક રચનાઓનું અનુકરણ કરી મકાનોને પરદેશી-રૂપ આપતા થઈ ગયા હતાં. રાજ ભવનો માટેની ડિઝાઈનો ઈંગ્લેન્ડ સહિતના પશ્ચિમના દેશોમાંથી આવતી હતી. ભાવસિંહજી ના પુત્ર મહારાજા તખ્તસિંહજીના શાસનમાં ભાવનગરના બાહોશ ઈજનેર પ્રોક્ટર સીમ્સે બાર્ટન લાઈબ્રેરી, ગંગા દેરી, હાઈકોર્ટ, આલ્ફ્રેડ હાઈસ્કૂલ અને સર તખ્તસિંહજી હોસ્પિટલ બાંધ્યા હતાં. નીલમબાગ પેલેસ, મોતીબાગ પેલેસ, જશોનાથ મંદિર, તેમજ પીવાના પાણી માટે બોરતળાવ નામના સરોવરની રચના કરવામાં આવી. આ બધામાં ગંગાદેરી એટલે નગરની મધ્યમાં આવેલ ગંગા માતાનાં મંદિર સિવાયના દરેક બેનમૂન ઈમારતોની ડિઝાઈન ઈગ્લેન્ડથી મંગાવાઈ હતી. ગોહિલ વાડના રાજવી ઓ ગંગા અને ગાયને આપણી મૂળ સંસ્કૃતિ માનનારા હતાં, અને સદાય તેનું રક્ષણ કરનાર સાચા ક્ષત્રિય હતા. આજે તો ભાવનગર હવે રાજ્યની છ મુખ્ય મહાનગરપાલિકામાં આવે છે. પરંતુ ભાવનગરની વર્ષગાંઠે ભાવનગરનાં ભવ્ય ઈતિહાસની વાત કરીએ તો આજે પણ ભાવનગરના ઈતિહાસની ભવ્યતાને જોઈને ઈતિહાસવિદો કહે છે કે ભાવનગરની સ્થાપનાથી લઈને તેના વિકાસ માટે રાજવીઓએ કરેલા કાર્યો ઉત્કૃષ્ઠ છે. ગ્રામ પંચાયતનો પહેલો પ્રયોગ સર પ્રભાશંકર પટ્ટણી એ એ સમયે સાવરકુંડલા ગામ માટે કરેલો,જે વહીવટ માટે અનુકૂળ આવતા અન્ય રાજયો એ અપનાવ્યો હતો.આ ઉપરાંત એ સમયના દિવાન શામળદાસ મહેતા, ગગા ઉદય શંકર ઓઝા અને બીજા અન્ય દિવાનો છે. ભાવનગર શહેરની સ્થાપનાના ઈતિહાસ વિષેની વાત કરીએ તો ,એ સમયના મહારાજા ભાવસિંહજી ગોહિલ કે જેઓની રાજધાની સિહોર હતી, ત્યાંથી તેઓ પૂર્વ દિશામાં આવેલા વડવા ગામ પાસે આવી ચડ્યા, ત્યાંથી તેઓ નજીકમાં દરિયાકાંઠે આવેલા રૂવાપરી માતાજીના દર્શને ગયાં. વડવા અને રૂવાપરી વચ્ચેની ખુલ્લી જગ્યા તેમને ગમી ગઈ,આ સ્થળ ઘોઘા બંદરથી ૧૪ માઈલને અંતરે હતું. અહીં રાજધાનીને લાયક ખુલી જમીન હતી. દુશ્મનોના ઘેરામાંથી બચવા નજીકમાં ખુલ્લો દરિયો હતો. સાથે સારું બંદર બનાવી દરિયાઈ વેપાર દ્વારા સમૃદ્ધિ વધારવાની શક્યતા હતી. આમ રાજયનો વિસ્તાર, સલામતી અને સમૃદ્ધિની ત્રિવિધ શક્યતાઓ તેમને આ જગ્યા પર દેખાણી અને અહીં વસવાટની અનુકુળતા લાગી. ભાવસિંહજી પહેલા એ ૨૦ વર્ષ સિહોર અને ભાવનગર એમ સતત ૬૧ વર્ષ શાસન કર્યું જે દેશી રજવાડામાં પણ એક ઈતિહાસ છે.ગોહિલવાડના રાજવીઓ દ્વારા ભાવનગરની જનતા માટે સમગ્ર સૌરાષ્ટ્ર જ નહી પરંતુ ગુજરાત પ્રાંતમાં લોકોની સુખાકારી માટે પાણીની વ્યવસ્થા, પાકા રસ્તાઓ, ૧૮૧૩ માં દુષ્કાળના સમયમાં ગૌહત્યા કરનારને દેહાંત દંડ, દીવાની ફોજધારી કાયદાઓ, આલ્ફ્રેડ હાઈસ્કુલની સ્થાપના, પ્રથમ સંસ્કૃત શાળા, નગરપાલિકા અને ગ્રામપંચાયતની સ્થાપના, એંગ્લો વર્નાકુલર સ્કુલ ફોર ગર્લ્સ, એટલે કે સ્ત્રી શિક્ષણની હિમાયત કરનાર પણ હતાં. ભાવનગર સેવિંગ બેંક, તળાજા નેરોગેજ ટ્રેનની સ્થાપના, ભાવનગર ગોંડલ વચ્ચે પ્રથમ રેલ્વે, ભાવનગરમાં ૧૯૪૫ માં ઓલિમ્પિક રમાઈ, જેવી ૨૭ બાબતોમાં પહેલ કરનાર ભાવનગર પ્રથમ રાજ્ય હતું. અંગ્રેજોની ગુલામીમાંથી જ્યારે દેશ આઝાદ થયો, અને હવે આ રીતે કોઈ આપણાં દેશ પર શાસન ન કરે એ માટે થઈને, દેશને એકત્રીકરણ કરવાની યોજના વિચારી,અને એ માટે સરદાર વલ્લભભાઈ પટેલ ભાવનગર આવ્યાં, ત્યારે પ્રથમ રજવાડું સરદારનાં ચરણોમાં ધરી દેનાર રાજવી કૃષ્ણકુમાર સિંહજી હતા, જે પાછળથી સ્વતંત્ર ભારતના મદ્રાસના ગવર્નર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતાં. રજવાડુ સોંપ્યું ત્યારે એ સમયે રાજ્યનાં ઉતમ દિવાન પ્રભાશંકર પટ્ટણી હતાં, જેવોની વહીવટી કુનેહને કારણે પણ ભાવનગર અન્ય રજવાડા કરતા વધુ સફળ રાજ્ય બન્યું હતું. પ્રજા રક્ષક રાજા તરીકે ગોહિલ વાડના રાજાઓ એ ખરેખર પ્રજાનાં વાલી બની રૈયતની કઠિન સમયમાં પણ મદદ કરી હતી, અને એવે સમયે રાજ્યના ખજાના પ્રજા માટે ખુલ્લાં મુકાતાં! માટે આજે પણ એ રાજવીઓનું નામ ભાવનગરના લોકો ગૌરવભેર લઈ રહ્યા છે. આજે પણ ગંગાજળિયા તળાવ પાસે આવેલ તેમની સમાધી પર લોકો બાધા-આખડી રાખે છે, અને ભગવાનની જેમ પૂજે છે. ગોહિલવાડ રાજવીની પરંપરાની તોલે ૫૬૨ રજવાડા માંથી એકપણ રજવાડું ના આવી શકે તેવી તેમની ગૌરવ ગાથા છે. ભાવનગરમાં આમ તો બધી જ જ્ઞાતિઓના લોકો વસે છે, પ્રમાણમાં શાંતિપ્રિય એવી ભાવનગરની જનતા ક્લારસિક અને ગુણવાન છે. ભાવનગરની વાત આવે એટલે લોકો હસતાં હસતાં કહે ગાય, ગાંડા, ગાયક, ને ગાંઠિયાની નગરી! અહીં જુદી જુદી વાનગીઓ ખાવાની શોખીન પ્રજા વસે છે, અહીંના ગાંઠિયા વિદેશી ઓને પણ અંત્યત પ્રિય છે, વણેલા ગાંઠિયા,કડકડીયા ને તીખા ગાંઠિયા,ભાવનગરી નાયલોન ગાંઠિયા, તેમજ ફાફડા ને પાપડી ગાંઠીયા એ અહીંના પ્રખ્યાત છે, આ ઉપરાંત લાલ જમરુખ, દાડમ, અને ભોલર મરચાં પણ અહીંના વખણાય છે.

**અભિમાન જાગે ત્યારે જ સાધનમાં ઉપેક્ષા જાગે છે, ને પછી પતન થાય છે, ભગવાન ત્યાં જ હતા પણ ગોપીઓને દેખાતા નથી**

# મન દગાખોર છે, કપટી છે, રૂપાળી દલીલો કરતાં તેને આવડે છે, તેની દલીલોમાં ફસાશો નહીં



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**અંતર્ધ્યાન થયા એટલે શ્રીકૃષ્ણે ગોપીઓનાં હૃદયમાં પ્રવેશ કર્યો પણ હૃદયમાં શોધવાને બદલે શ્રીકૃષ્ણને બહાર શોધવા લાગી એટલે શ્રીકૃષ્ણ ન દેખાયા, ઈશ્વર સર્વના હૃદયમાં છે, છતાં તે દેખાતા નથી.**

વૈશાખ સુદ ચોથ આજે ખેડૂતોના ગૃહે લાડુ અવશ્ય બનશે. ગઈકાલે અખાત્રીજે હળોત્રા કરી કૃષિ ક્ષેત્રે નવા વર્ષની શરૂઆત કરી. ધરતી પુત્રો,સૌને શુભકામના પાઠવું છું. આજની અશાંતિનું કારણ જીવ ઈશ્વરને ભૂલ્યો છે તે છે. રાયને શાંતિ નહીં, રંકને શાંતિ નહીં, મૂર્ખને શાંતિ નહીં, વિદ્વાનને શાંતિ નહીં, ક્યાંય શાંતિ કેમ નથી તેનો વિચાર કરો. ભગવાન આનંદ સ્વરૂપ છે. ભગવાનને આનંદની જરૂર નથી, ગોપીઓને આનંદનું દાન કરવા ભગવાને આ લીલા કરી છે. ગોપીઓને પરમાનંદનું દાન કર્યું. જીવ અને ઈશ્વરનું મિલન થયું. પરમાત્મા સાથે મિલન થયા પછી પણ સાધકે સાધન ચાલુ રાખવું પડે છે. સાધન કરતાં અનેક સિદ્ધિ ઓ મળશે, પરમાત્મા મળશે, પણ સાધન છોડશો નહીં. મન દગાખોર છે, કપટી છે. રૂપાળી દલીલો કરતાં તેને આવડે છે. તેની દલીલોમાં ફસાશો નહીં. અરે ખુદ ભગવાન કદાચ તમને કહે છે કે, મારા નામનો જપ કરવાની જરૂર નથી, સેવા કરવાની જરૂર નથી તો ભગવાનને ય કહી દેજો કે મારાથી તમારી આજ્ઞા નહીં પળાય. જીવનના છેલ્લા દિવસ સુધી સેવા બરાબર કરવાની છે. જીવનના છેલ્લા દિવસ સુધી રોજના નિયમ પ્રમાણે જપ,સેવા,કીર્તન ચાલુ રહે. જે દિવસે જીવનની સમાપ્તિ, તે દિવસે સેવાની સમાપ્તિ. મનુષ્ય સાધના કરે છે. સાધના કરતાં થોડી સિદ્ધિ મળે છે. સિદ્ધિ મળે એટલે પ્રસિદ્ધિ મળે છે,પ્રસિદ્ધિ મળે એટલે લોકો પાછળ પડે છે, એટલે અભિમાન આવે છે. અભિમાન આવે એટલે તેનું પતન થાય છે. કેટલીક વખત સાધુઓને બગાડનાર તેમના ચેલા હોય છે. ચેલાઓની જમાત, બાપજી બાપજી કરે એટલે સાધુમાં હુંપણું આવે. પછી કહે કે હું તો મનથી સેવા કરું છું, હું સિદ્ધ છું. પણ મનમાં દંભ પેઠો, અભિમાન પેઠું, કીર્તિની લાલસા પેઠી એનું શું? ખાડામાં પડેલો માણસ શું પહાડ પર બેઠો છું એમ માને એથી શું? તુકારામજી જેવા સંત પણ કહે છે કે, આ તુકો પાંડુરંગ થઈ ગયો છે, પણ ભજન કરવાની એને એવી આદત પડી ગઈ છે કે એ જતી નથી. એમ આદત પડી જવી જોઈએ.ઈશ્વરનાં દર્શનપછી પણ જપ વગેરે સાધન છોડાય નહીં. સાધ્યની પ્રાપ્તિ થઈ એટલે પછી કેટલાકને સાધન પ્રત્યે ઉપેક્ષા થાય છે.આમ ન બનવા પામે તેની કાળજી રાખજો. સાધન છોડવામાં ભારે જોખમ છે. બળવાન હાથીને પણ અંકુશની જરૂર છે, તેમ મનને પણ અંકુશમાં રાખવા માટેનું સાધન છે ભજન. ભજનમાં દૈન્યભાવ જરૂરનો છે. સર્વ સાધન કરે પણ જેને સાધનનું અભિમાન નથી તે દીન છે. દીનતાથી ભક્તિ દૃઢ થાય છે. આટલા આત્મસમર્પણવાળી ગોપી ને પણ અભિમાન થાય છે કે, અમે બધું ત્યજીને આવીએ છીએએટલે કે સાધકે સાવધાન રહેવાની જરૂર છે.જેને બહુ માન મળે તેનામાં અભિમાન આવે છે. ગોપીઓને અભિમાન થયુંકે શ્રીકૃષ્ણ ભગવાને અમારો ત્યાગ જોઈ અમને માન આપ્યું અને અમને અપનાવી. ગોપીઓને લાગ્યું કે, ભગવાન ઉપર ઉપરથીના પાડતા હતા. બાકી અમારા સ્વરૂપમાં તે આસક્ત છે. ગોપીઓમાં આવો લૌકિક ભાવ જાગ્યો, આવું અભિમાન થયું તે સમયે પરમાત્મા ત્યાંથી અંતર્ધ્યાન થઈ જાય છે. ગોપીઓનું આ અભિમાન દૂર કરવા શ્રીકૃષ્ણ ત્યાંથી અદશ્ય થયા. ભગવાન તો વ્યાપક છે, સર્વત્ર છે, તે અંતર્ધ્યાન થઈ શકે નહીં. અંતર્ધ્યાન થયા એનો અર્થ એટલો જ છેકે અભિમાનરૂપી પડદો આંખ ઉપર આવ્યો એટલે ભગવાન દેખાતા નથી. ગોપીને એટલે જીવ ને અભિમાન થયું તેથી સખીઓને શ્રીકૃષ્ણ દેખાતા નથી. ભગવાને તે સમયે પીતાંબરથી લાજ કાઢી છે. ગોપીઓ માને છે કે આ તો અમારામાંની એક છે, એટલે ઓળખી શકાતી નથી. શ્રીકૃષ્ણ પરમાત્મા તો વ્યાપક છે. ગોપીઓ શ્રીકૃષ્ણને બહાર શોધે છે, પણ એમને અંદર શોધવાના છે.ભગવાનને હૃદયમાં જ શોધવાના છે, પણ અજ્ઞાનને લીધે એ સૂઝતું નથી. દશ પંડિતો વિદ્યાભ્યાસ કરવા ગયેલા. રસ્તામાં એક નદી આવી, નદી ઓળંગીને બધા સામે પાર આવ્યા. ત્યાં તેઓને લાગ્યું કે, આપણામાંનો કોઈ રહી ગયો તો નથી ને? એટલે તેઓએ ગણતરી શરૂ કરી. એક પછી એક પંડિત સંખ્યા ગણે. પણ પોતાને તેમાં ગણે નહીં, એટલે સંખ્યા દશને બદલે નવ થયા. હાય, હાય દશમો ગયો કયાં? નક્કી નદીમાં તણાઈ ગયો. એમ માની પંડિતો રડવા લાગ્યા. એક મહાત્મા ત્યાંથી પસાર થયા. પંડિતોને રડવાનું કારણ પૂછયું, પંડિતોએ પોતાની મૂંઝવણ રજૂ કરી. મહાત્માએ એમનો ભ્રમ ભાંગ્યો. અજ્ઞાનને લીધે જીવ પોતાને ગણતો નથી. જ્ઞાનીએ પૂરાં દશ ગણી બતાવ્યા. સંખ્યા પૂરી દશ તો હતી જ, પણ અજ્ઞાનને લીધે દશ દેખાતા ન હતા. એટલે કે અજ્ઞાનને લીધે જ દેખાતું નથી તે જ્ઞાનથી દેખાવા લાગે છે. આ પ્રસંગ સૂચવે છે,કે પરમાત્મા નો સાક્ષાત્કાર થયા પછી પણ સાવધ રહેજો. ઘણી વખત જ્ઞાનીઓ પણ સાક્ષાત્કાર પછી ભાન ભભ્લ્યા છે. કારણ સિદ્ધિઓ મળે એટલે પ્રતિષ્ઠા વધે એટલે મનુષ્ય સાધન છોડ છે. સાધન છોડે છે ને ઈશ્વરથી વિમુખ થાય છે. પરમાત્માની અનુભૂતી થયા પછી પણ માનવ સાધન છોડે તો તે પડે છે. પુંડલિકની માતાપિતા પ્રત્યેની ભક્તિ જોઈ, દ્વારિકાનાથ ને પણ તેનાં દર્શન કરવાની ઈચ્છા થઈ. દ્વારિકાનાથ દ્વારિકાથી પંઢર પુર આવ્યા. માતાપિતા કુષ્ઠરોગથી પિડાતા હતા, તો પણ પુંડલિક તેઓની સેવા કરે છે. કોઈ વખત માતાપિતા સ્વભાવને કારણે ગુસ્સો કરે છે છતાં પણ પુંડલિક નમ્રતાથી સેવા કરે છે. ભગવાન પુંડલિકની ઝૂંપડીના દ્વાર પાસે આવી ઊભા. ભગવાન કહે, પુંડલિક, હું તને દર્શન આપવા આવ્યા છું. તારી માતા અને પિતાની સેવાથી હું પ્રસન્ન થયો છું. ત્યારે પુંડલિક ભગવાનને મળવા દોડીજવાને બદલે ભગવાન ને કહે છે, હું મારાં માતા ક્ષપિતાની સેવામાં રોકાયેલો છું,અને ઝૂંપડી માં જગ્યા નથી, આપ બહાર ઊભા રહો? મારાં માતા-પિતા ની સેવાથી પરવારી હું બહાર આવું છું. પુંડલિકે વિચાર કર્યો કે,મને ભગવાન મળ્યા તે માતાપિતાની સેવાથી મળ્યા. એટલે શ્રેષ્ઠ કોણ? માતાપિતા કે ભગવાન?એણે તરત નિર્ણય કરી લીધો,ને માતા પિતાની સેવાને જ વળગી રહ્યો. પુંડલિકનું કહેવું એ જ છે કે સાધન હાથમાં છે તો સાધ્ય કયાં જવાનું છે? માટે સુખ-સંપત્તિ મળે તો પણ ભગવાનનું ભજન છોડશો નહીં. ભક્ત ભગવાનને કહી શકે છે, બહાર ઊભા રહો. ભગવાનને ઊભા રહેવા પુંડલિકે એક ઈંટ ફેંકી. બહાર ભગવાન ઈંટ ઉપર ઊભા રહ્યા.પુંડલિકને આવતાં સમય થયો, ભગવાન થાક્યા એટલે કેડ ઉપર હાથ રાખ્યા. તે સૂચવે છે કે કેડપૂર જળમાં કોઈ ડૂબે નહીં, જે મારાં ચરણનો આશ્રય કરે તેને માટે સંસાર આટલો જ ઊંડો છે.કેડ સમાણો! બાકી તો ઘણા આ સંસાર-સાગરમાં ડૂબી ગયા છે. તેઓનો પત્તો પણ નથી. પુંડલિક માતાપિતાની સેવા કરીને પછી બહાર આવે છે. પુંડલિકને પ્રત્યક્ષ પરમાત્મા મળ્યા, તો પણ માતાપિતાની સેવા છોડીને ભગવાનને મળવા ગયા નથી.

# એક્ટ્રેસ નોરા ફતેહીના નિવેદન પર રિચા ચઢ્ઢા થઈ આશ્ચર્યચકિત



આ દિવસોમાં, રિચા ચઢ્ઢા સીરિઝ 'હીરામંડી'માં તેના કામ માટે ઘણી પ્રશંસા મેળવી રહી છે. આ શોમાં તેણે પ્રેમમાં ખોવાયેલી લજ્જો નામની ગણિકાની ભૂમિકા ભજવી છે. રિચાના અભિનયને દર્શકો ખૂબ પસંદ કરી રહ્યા છે. તેના ઘણા વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. આ દરમિયાન એક ઈન્ટરવ્યુ દરમિયાન રિચા ચઢ્ઢાને નારીવાદ વિશે પૂછવામાં આવ્યું હતું. થોડા સમય પહેલા ડાન્સર અને એક્ટ્રેસ નોરા ફતેહીએ ફેમિનિઝમ પર પોતાનો વિચાર વ્યક્ત કર્યો હતો. નોરા ફતેહીએ યુટ્યુબર રણવીર અલ્હાબાદિયા સાથે નારીવાદ વિશે વાત કરી. તેમણે મહિલાઓને 'પાલન કરનાર' ગણાવી

**થોડા સમય પહેલા ડાન્સર અને એક્ટ્રેસ નોરા ફતેહીએ ફેમિનિઝમ પર પોતાનો વિચાર વ્યક્ત કર્યો હતો**

હતી. રિચા ચઢ્ઢાને આ અંગે તેમના મંતવ્યો પૂછવામાં આવ્યા હતા. રિચાએ કહ્યું કે તે નોરા સાથે સંપૂર્ણપણે સહમત નથી. પૂજા તલવાર સાથેના એક ઈન્ટરવ્યુ દરમિયાન રિચા ચઢ્ઢાએ કહ્યું, 'નારીવાદની સુંદર વાત એ છે કે તે તેનો લાભ લેનારાઓને પણ સ્વીકારે છે, પરંતુ પોતાને નારીવાદી કહેવાનું ટાળે છે. તમે કારકિદી બનાવવા માટે સક્ષમ છો, તમે જે પહેરો છો તે પહેરો છો, તમે જે કામ કરવા માંગો છો તે કરવા માટે સ્વતંત્ર છો, આ બધું નારીવાદની ભેટ છે. અને આ એટલા માટે છે કારણ કે આપણી પહેલાની પેઢીએ નક્કી કર્યુ હતું કે મહિલાઓએ પણ બહાર જઈને કામ કરવું જોઈએ અને માત્ર ઘરમાં જ રહેવું જોઈએ નહીં. રિચા ચઢ્ઢાએ વધુમાં કહ્યું કે, 'બધી ભૂમિકાઓ લિંગના આધારે નહીં, માત્ર એવા લોકોના આધારે નક્કી કરવામાં આવે છે જેઓ બાળકને દુનિયામાં લાવવાની જવાબદારી વહેંચી રહ્યાં છે. અને હું સંપૂર્ણપણે સંમત નથી કે સ્ત્રીઓએ આના જેવું હોવું જોઈએ અને તે જેવું નહીં. હું ખરેખર આશ્ચર્યચકિત છું કે આ ખરેખર કહેવામાં આવ્યું હતું.નોરા ફતેહી વિશે વાત કરતાં તેણે કહ્યું હતું કે, 'આ વિચાર કે હું કોઈને નથી જોઈતી. તે નારીવાદ છે. હું આ બકવાસમાં માનતો નથી. મને લાગે છે કે નારીવાદે સમાજને બગાડ્યો છે. સંપૂર્ણ આત્મનિર્ભર બનવાનો અને લગ્ન ન કરવાનો, બાળકો ન હોવાનો, ઘરમાં સ્ત્રી-પુરુષની ગતિશીલતા ન હોવાનો વિચાર, જ્યાં પુરુષ જ ઘરનું સંચાલન કરે છે, ઘરનું ભોજન લાવે છે અને સ્ત્રી પાલનપોષણ કરે છે. હું એવા લોકો પર વિશ્વાસ કરતો નથી જેઓ આ વાતને સત્ય નથી માનતા. મને લાગે છે કે સ્ત્રીઓએ પાલનપોષણ કરવું જોઈએ, હા, તેઓએ કામ પર જવું જોઈએ અને તેમનું જીવન જીવવું જોઈએ અને સ્વતંત્ર હોવું જોઈએ, પરંતુ એક બિંદુ સુધી. તેણે આગળ કહ્યું હતું કે, 'તેણે માતા, પત્ની અને પાલનપોષણની ભૂમિકા અપનાવવા માટે પણ તૈયાર રહેવું જોઈએ. ઉદાહરણ તરીકે, એક માણસે બ્રેડવિનર, પિતા અને પતિની ભૂમિકા ભજવવા માટે તૈયાર હોવું જોઈએ. અમે તેને જૂની શાળાની પરંપરાગત વિચારસરણી કહીએ છીએ. હું આને વિચારવાની સામાન્ય રીત કહું છું. તે માત્ર એટલું જ છે કે નારીવાદે વસ્તુઓને થોડી ખરાબ કરી છે. વિચારની બાબતમાં આપણે સમાન છીએ, પરંતુ સમાજની બાબતમાં આપણે સમાન નથી. મૂળભૂત રીતે નારીવાદ એક અદ્ભુત વસ્તુ છે. હું મહિલાઓના અધિકારોનું પણ સમર્થન કરું છું. હું પણ ઈચ્છું છું કે છોકરીઓ શાળાએ જાય. જો કે, જ્યારે નારીવાદ કટ્ટરપંથી બને છે, ત્યારે તે સમાજ માટે ખતરો બની જાય છે. નોરા ફતેહીના આ નિવેદનને કેટલાક ચાહકોએ સમર્થન આપ્યું હતું. તો ઘણા યુઝર્સે તેની ટીકા પણ કરી હતી.

## સાત જુલાઈએ અબ્દુ યુએઈમાં અમીરા નામની યુવતી સાથે લગ્ન કરશે

# 'તમે આટલા નાના હશો ત્યારે તમારી સાથે કોણ લગ્ન કરશે...'

'બિગ બોસ ૧૬' ફેમ અબ્દુ રોજિકે તેના ચાહકોને એક મોટું સરપ્રાઈઝ આપ્યું હતું. દુબઈમાં લક્ઝરી લાઈફ જીવતા અબ્દુને તેનો પ્રેમ મળી ગયો છે. તેઓ લગ્ન કરવા જઈ રહ્યા છે. ચાલો જાણીએ અબ્દુએ લગ્ન વિશે શું કહ્યું. ૭ જુલાઈએ અબ્દુ યુએઈમાં અમીરા નામની યુવતી સાથે લગ્ન કરશે. લગ્નના સમાચાર સોશિયલ મીડિયા પર લીક થતાં જ અબ્દુએ ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો હતો. વિડિયોમાં તેણે લગ્નને લઈને પોતાનો ઉત્સાહ વ્યક્ત કર્યો છે. તે કહે છે- મેં મારા જીવનમાં ક્યારેય વિચાર્યુ ન હતું કે હું આટલો ભાગ્યશાળી હોઈશ. મને એક જીવન સાથી મળશે જે મને ખૂબ પ્રેમ કરે છે અને મને ખૂબ માન આપે છે. ૭મી જુલાઈની તારીખ સાચવો. હું તમને કેટલો ખુશ છું તે શબ્દોમાં વ્યક્ત કરી શકતો નથી. અબ્દુએ વધુમાં કહ્યું કે તેણે ક્યારેય વિચાર્યુ ન હતું કે પ્રેમ અચાનક તેના જીવનમાં આવી જશે. તે કહે છે- મિત્રો, તમે બધા જાણો છો કે હું ૨૦ વર્ષનો છું. મારા જીવનમાં મને પ્રેમ અને આદર આપનાર કોઈને શોધવાનું મેં કેટલું સપનું જોયું હતું. આ મારું સપનું હતું અને હવે અચાનક મને એક છોકરી મળી છે જે મને માન આપે છે અને મને ખૂબ પ્રેમ કરે છે. મને ખબર નથી કે તે કેવી રીતે કહેવું કારણ કે હું ખૂબ જ ઉત્સાહિત છું. આ પછી ગાયકે તે વીંટી પણ બતાવી જે તેણે તેની ભાવિ પત્ની માટે ખરીદી છે. અબ્દુ કહે, 'આજે હું ખૂબ ખુશ છું.



## ફિલ્મના બજેટમાં સૌથી વધુ ખર્ચ સ્ટાર્સની ફીનો હોય છે


# અક્ષય-ટાઈગર જેવાં મોંઘા સ્ટાર્સને સફળતાની ગેરંટી માનવામાં જોખમ

**રિપોર્ટ્સ મુજબ, બડે મિયાં છોટે મિયાં માટે ટાઈગર શ્રોફને રૂ.૪૦ કરોડ મળ્યા હતા, જ્યારે અક્ષય કુમારે રૂ.૮૦ કરોડ ફી વસૂલી હતી**

અક્ષય કુમાર-ટાઈગર શ્રોફની 'બડે મિયાં છોટે મિયાં' રૂ.૩૫૦ કરોડમાં બની હતી, જ્યારે અજય દેવગનની 'મૈદાન' માટે રૂ.૨૫૦ કરોડનો ખર્ચ થયો હતો. ભારતીય બોક્સઓફિસ પર આ બંને ફિલ્મો ફલોપ રહી છે. અક્ષયની ફિલ્મને માત્ર રૂ.૬૪ કરોડ અને અજયની ફિલ્મને રૂ.૪૮.૮૫ કરોડનું કલેક્શન મળ્યું હતું. ફિલ્મો માટે ઘટી રહેલા આકર્ષણની વચ્ચે મુંબઈમાં કેટલાક થીયેટરને કામચલાઉ બંધ રાખી રીનોવેશન હાથ ધરવામાં આવ્યું છે. ઈદ પછી રિલીઝ થયેલી 'દો ઔર દો પ્યાર' અને 'લવ સેક્સ ઔર ધોખા ૨' જેવી લો બજેટ ફિલ્મો પણ ચાલી નથી. એકંદરે ૨૦૨૪ના પહેલા ત્રિમાસિકમાં હિન્દી ફિલ્મોએ રૂ.૭૦૦ કરોડનું કુલ કલેક્શન મેળવ્યું હતું. રિતિક રોશન અને દીપિકા પાદુકોણની ફિલ્મ ફાઈટરના રૂ.૨૧૨ કરોડનો પણ તેમાં સમાવેશ થાય છે. પ્રથમ ત્રિમાસિકમાં એક માત્ર 'ફાઈટર' જ સારી રહી છે. એક્ઝિબિટર અનિલ




થાડાણીએ જણાવ્યું હતું કે, બડે મિયાં છોટે મિયાંમાં બધું ઓડિયન્સને પસંદ પડે તેવું હતું. આમ છતાં ફિલ્મ ચાલી ન હતી અને તેમાં ક્યાં ચૂક રહી તે હજુ સમજાતું નથી. ફિલ્મમાં કઈ વસ્તુ વધારે ચાલી જશે તે કહેવું અઘરું છે અને તેથી સાવ અનિશ્ચિતતાનો માહોલ છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં સૌથી મોટી તકલીફ ગાડરિયા પ્રવાહની છે. કોઈ ફિલ્મ કે કન્સેપ્ટ હિટ જણાય તો તેના જેવી સંખ્યાબંધ ફિલ્મો બનવા માંડે છે. શાહરૂખ ખાને પોતાની ફિલ્મ જવાન અને પઠાણમાં ખૂબ ઓછું પ્રમોશન કર્યુ હતું. ફિલ્મોને ચર્ચામાં રાખ્યા વગર તેને હિટ બનાવવાનો નુસખો શાહરૂખ ખાનને માફક આવ્યો હતો, જ્યારે અન્ય ફિલ્મમેકર્સ તેને ફોલો કરવા ગયા તો ફિલ્મો ચાલી જ ન હતી. પબ્લિસિટી વગર ફિલ્મને સફળ બનાવવાનું આમ પણ અઘરું છે. ફિલ્મ સ્ટાર્સ મોલમાં જાય, ઈવેન્ટ્સ કરે, ઈન્ટરવ્યૂ આપે અને ટીવી શોમાં જોવા મળે તો તેનાથી ફિલ્મ અંગે ઉત્સુકતા ઊભી થાય છે. ફિલ્મના સ્ટાર્સ ક્યાંય જોવા જ ના મળ્યાં હોય અને ફિલ્મ અંગે ચર્ચા ન થઈ હોય તો ઓડિયન્સમાં ઉત્સુકતા ઊભી કરી શકાય નહીં, તેવું એક વર્ગ માને છે. કદાચ ઓછી પબ્લિસિટીના કારણે જ આ વર્ષે 'ફાઈટર'ને બાદ કરતાં કોઈ ફિલ્મ ન ચાલી હોય તેવું બની શકે. ફિલ્મના બજેટમાં સૌથી વધુ ખર્ચ સ્ટાર્સની ફીનો હોય છે. રિપોર્ટ્સ મુજબ, બડે મિયાં છોટે મિયાં માટે અક્ષય કુમારે રૂ.૮૦ કરોડ ફી વસૂલી હતી, જ્યારે ટાઈગર શ્રોફને રૂ.૪૦ કરોડ મળ્યા હતા. આ ફિલ્મનું કુલ બજેટ રૂ.૩૫૦ કરોડ હતું અને તેમાંથી રૂ.૧૫૦-૨૦૦ કરોડ કલાકારોની ફીમાં ખર્ચાયા હતા. કલાકારોને કરોડો રૂપિયાની ફી આપવાના બદલે ફિલ્મોની સફળતાના આધારે ફી નક્કી કરવાનો કન્સેપ્ટ પણ અમલમાં આવી રહ્યો છે.



**વિક્રાંતે ઘરેથી કામ પર જવા માટે ઓનલાઈન કેબ બુક કરાવી હતી, તે સમયે એપમાં ભાડું ૪૫૦ રૂપિયા દર્શાવવામાં આવતું હતું**

# વિક્રાંતે કેબ ડ્રાઈવર સાથે કર્યો ઝઘડો, વીડિયો થયો વાયરલ

ફિલ્મ ઈન્ડસ્ટ્રીના સુપરસ્ટાર એક્ટર વિક્રાંત મેસી મુશ્કેલીમાં ફસાયેલા જોવા મળી રહ્યા છે. તેનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ જ ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. કારણ કે તે સ્પષ્ટપણે જોઈ શકાય છે કે વિક્રાંત કેબ ડ્રાઈવર સાથે ગેરવર્તન કરતો જોવા મળે છે. કેબ ડ્રાઈવર તેના પૈસા માંગી રહ્યો છે, પરંતુ વિક્રાંત તેની સાથે દલીલ કરી રહ્યો છે અને બિલ ચૂકવવાનો ઈનકાર કરી રહ્યો છે. ખરેખર, વિક્રાંતે ઘરેથી કામ પર જવા માટે ઓનલાઈન કેબ બુક કરાવી હતી. તે સમયે



એપમાં ભાડું ૪૫૦ રૂપિયા દર્શાવવામાં આવતું હતું. વિક્રાંતે કેબ બુક કરાવી અને કેબમાં બેસીને તેના ગંતવ્ય સ્થાને પહોંચ્યો, પરંતુ જ્યારે કેબ ડ્રાઈવરે તેની પાસે પૈસા માંગ્યા તો તે રૂપિયા ૪૫૦ નહીં પરંતુ તેનાથી વધુ હતા. તેના પર વિક્રાંતે વાંધો ઉઠાવ્યો અને પૂછ્યું કે કેબનું ભાડું કેવી રીતે વધ્યું. જ્યારે મેં કેબ બુક કરી તો તેનું ભાડું ૪૫૦ રૂપિયા બતાવવામાં આવ્યું હતું. રસ્તામાં કેબનું ભાડું કેવી રીતે વધ્યું? આના પર ડ્રાઈવર તેમને કહે છે કે તેને પણ ખબર નથી કે પૈસા કેવી રીતે વધ્યા. આટલા લાંબા સમય પછી, વિક્રાંત કદાચ તેની સાથે દુર્વ્યવહાર કરવાનું શરૂ કરે છે, કારણ કે કેબ ડ્રાઈવરે શેર કરેલા વીડિયોમાં તે આવું કહેતો જોવા મળે છે. તેઓ એમ પણ કહી રહ્યા છે કે વિક્રાંતે પૈસા આપવાની ના પાડી દીધી છે અને ખૂબ જ અભદ્ર વાત પણ કરી રહી છે. જ્યારે કેબ ડ્રાઈવર વિક્રાંત તરફ કેમેરા ફેરવે છે, ત્યારે અભિનેતાનો ચહેરો ડરતો દેખાય છે. તેના ધ્યાનમાં આવે છે કે આ વીડિયો વાયરલ ન થાય અને તેણે ટ્રોલિંગનો શિકાર ન બનવું પડે. આવી સ્થિતિમાં, વિક્રાંત પહેલા કેબ ડ્રાઈવર સાથે વીડિયો બનાવવાનો ઈનકાર કરે છે. આ પછી તેમને પૂછવામાં આવે છે કે જ્યારે ૪૫૦ રૂપિયાની કેબ બુક કરવામાં આવી ત્યારે રસ્તામાં એપમાં પૈસા કેવી રીતે વધી ગયા. ડ્રાઈવર અને વિક્રાંત વચ્ચે દલીલ ચાલી રહી છે.કેબ ડ્રાઈવર કહે છે સાહેબ તમારી પાસે આટલા પૈસા છે, તમારી કિંમત કરોડો રૂપિયા છે, કૃપા કરીને પૈસા આપો.

# 'હીરામંડી'માં મલ્લિકા જાનના યૌન શોષણનો સીન મુશ્કેલ હતો

વેબ સિરીઝ 'હીરામંડી'ની ચર્ચા દરેક જગ્યાએ થઈ રહી છે. સંજય લીલા ભણસાલી દ્વારા બનાવવામાં આવેલ માસ્ટરપીસના દરેક લોકો વખાણ કરી રહ્યા છે. શ્રેણીમાં ઘણા પાત્રોએ પોતાના જીવનનું બલિદાન આપ્યું છે. ખાસ કરીને બ્રિટિશ પોલીસ ઓફિસર એલિસ્ટર કાર્ટરાઈટ. આ ભૂમિકા અભિનેતા જેસન શાહે ભજવી છે. શ્રેણીમાં, મલ્લિકા જાન ઉર્ફે મનીષા કોઈરાલા કાર્ટરાઈટનું હૃદય તોડી નાખે છે, જેનું પરિણામ તેને પાછળથી ભોગવવું પડે છે.



# મ્યુઝિક કમ્પોઝર કાજોલને 'બાઝીગર' ફિલ્મમાંથી હટાવવા માંગતા હતા

શાહરૂખ ખાન, કાજોલ અને શિલ્પા શેટ્ટીની ફિલ્મ 'બાઝીગર' આજે પણ લોકોને પસંદ છે. ત્રણેય કલાકારોના શાનદાર કામ અને ભારે વેર-થ્રિલર વાર્તા પર આધારિત આ ફિલ્મના ગીતો પણ અદ્ભુત હતા. 'યે કાલી કાલી આંખે', 'કિતાબેન બહુશી સી', 'આયે મેરે હમસફર' અને 'છુપાના ભી નહીં આતા' જેવા અનુ મલિક દ્વારા રચિત ઉત્તમ ગીતોએ ફિલ્મને યાદગાર બનાવવામાં ઘણી મદદ કરી. પરંતુ શું તમે જાણો છો કે અનુ મલિક પહેલા ૯૦ના દાયકાની પ્રખ્યાત સંગીતકાર જોડી આ ફિલ્મના ગીતો બનાવવા જઈ રહી હતી. નદીમ-શ્રવણ, જેમણે 'આશિકી', 'સાજન' અને 'સડક' જેવા શાનદાર ફિલ્મ આલ્બમ્સ કમ્પોઝ કર્યા હતા, તેઓને પહેલા 'બાઝીગર' માટે સંપર્ક કરવામાં આવ્યો હતો. પરંતુ તેણે ડિરેક્ટર અબ્બાસ-મસ્તાનની આ થ્રિલર છોડી દીધી કારણ કે આ ફિલ્મમાં કાજોલ હતી. રેડિયો નશાને આપેલા ઈન્ટરવ્યુમાં 'બાઝીગર'ના ડાયરેક્ટર અબ્બાસ-મસ્તાને જણાવ્યું કે નદીમ-શ્રવણે તેમને કાજોલને રિપ્લેસ કરવા કહ્યું હતું. આ ફિલ્મ નિર્માતા જોડીએ જણાવ્યું કે તેઓએ પહેલા કાજોલને ફાઈનલ કરી અને પછી નદીમ-શ્રવણનો સંપર્ક કર્યો. અબ્બાસે કહ્યું, 'નદીમ-શ્રવણ અમને સારી રીતે ઓળખતા હતા. અમે ગયા અને તેમને મળ્યા અને ફિલ્મ વિશે વાત કરી. તેણે ફિલ્મ કેમ છોડી દીધી તે બરાબર યાદ નથી. મસ્તાને કહ્યું કે તેને સાચું કારણ યાદ છે. તેણે કહ્યું, 'નદીમ-શ્રવણને કાજોલ અને તેની માતા તનુજા સાથે થોડી સમસ્યા હતી. તેઓએ અમને મહિલા લીડ બદલવા માટે કહ્યું.





# મનોજ બાજપેયી ફિલ્મ 'ભૈયા જી'થી ધૂમ મચાવવા માટે તૈયાર

**આ ફિલ્મમાં તમે મનોજ બાજપેયીને એવા રૂપમાં જોવા જઈ રહ્યા છો કે તમે તેને પહેલા ક્યારેય જોયો નથી**



દેશી સુપરસ્ટાર મનોજ બાજપેયી પોતાની ફિલ્મ 'ભૈયા જી'થી ધૂમ મચાવવા માટે તૈયાર છે. સૌથી આશ્ચર્યજનક વાત એ છે કે આ મનોજની ૧૦૦મી ફિલ્મ છે, જેનું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે અને તે જબરદસ્ત છે. આ ફિલ્મમાં તમે મનોજ બાજપેયીને એવા રૂપમાં જોવા જઈ રહ્યા છો કે તમે તેને પહેલા ક્યારેય જોયો નથી. ટ્રેલર, જે એક્શન, ડ્રામા અને લોહીલુહાણથી ભરેલી બદલાની વાર્તા બતાવે છે, તે તમને હંફાવી દેશે.મનોજ બાજપેયી આ ફિલ્મમાં ભૈયા જીની ભૂમિકામાં જોવા મળશે. ટ્રેલરમાં એક પાત્ર તેના વિશે કહી રહ્યું છે. ભૈયાજી વિશે જણાવતા તે વ્યક્તિ કહે છે - 'ભાઈ, જો આપણે રાજનીતિની વાત કરીએ તો ભૈયાજી શાસક પક્ષને વિપક્ષમાં અને વિપક્ષને શાસક પક્ષમાં ફેરવવામાં માસ્ટર માઈન્ડ છે. એક સમય હતો જ્યારે દુષ્કર્મીઓ પણ તેમની વાર્તાઓ સાંભળીને તેમના ખરાબ કાર્યો છોડી દેતા હતા. એ વખતે સરકાર એ જ હતી, પ્રજા પણ એ જ હતી, ગુનાઓ પણ એ જ હતા, કાયદા પણ એ જ હતા. તે વ્યક્તિ એ પણ કહે છે કે ભૈયા જી રોબિન હૂડ નથી, તે તેના પિતા છે. આના પરથી તમે સમજી શકો છો કે દેશી સુપરસ્ટાર મનોજ બાજપેયી આ ફિલ્મમાં કેવી દમદાર ભૂમિકા ભજવતા જોવા મળશે. ટ્રેલરમાં તમે તેને ઝભ્ભા પહેરીને ચાલતા, લોકો સાથે વાત કરતા, પોતાનો ગુસ્સો દર્શાવતા અને જોરદાર એક્શન કરતા જોશો. આ ફિલ્મમાં મનોજ તેના ભાઈના મોતનો બદલો લેતો જોવા મળશે.

# 'તારક મહેતાની સોઢી'નું રહસ્ય ફરી ગૂંચવાયું



'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'થી ફેમસ થયેલા એક્ટર ગુરચરણ સિંહ ૨૨ એપ્રિલથી ગાયબ છે. અભિનેતાએ શોમાં રોશન સિંહ સોઢીનું પાત્ર ભજવ્યું હતું. પરિવાર, મિત્રો અને પોલીસ બધા ગુરુચરણને શોધવામાં લાગેલા છે. પરંતુ પોલીસને હજુ સુધી અભિનેતા અંગે કોઈ પુરાવા મળ્યા નથી. ગુરુચરણના પરિવારના સભ્યો તેમની રાહ જોઈ રહ્યા છે.હવે ગુરુચરણને લઈને ચોંકાવનારી માહિતી સામે આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર ગુરુચરણના દસથી વધુ નાણાકીય ખાતાઓ મળી આવ્યા છે. એટલું જ નહીં તેની પાસે એકથી વધુ જીમેલ એકાઉન્ટ હોવાનું પણ જાણવા મળ્યું છે. નજીકના લોકો અને ડિજિટલ તપાસ બાદ પોલીસને જે હકીકતો મળી તે પરથી જાણવા મળ્યું કે ગુરુચરણનો ધર્મ તરફનો ઝોક વધી રહ્યો હતો. તેણે એક ખાસ મિત્ર પાસે પહાડો પર જવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. છેલ્લા સીસીટીવી ફૂટેજમાં તે ઈ-રિક્ષા પછી પગપાળા જતો જોવા મળ્યો હતો.પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીની તપાસમાં ગુરુચરણ અંગે કોઈ સુરાગ મળ્યો નથી. ગુરુચરણ ૨૨મી એપ્રિલે મુંબઈ પહોંચવાના હતા, જે વ્યક્તિ તેમને રિસીવ કરવાની હતી તેને પણ ગેરમાર્ગે દોરવામાં આવ્યો હતો. છેલ્લી વખત ગુરુચરણે એટીએમમાંથી ૧૪ હજાર રૂપિયા ઉપાડ્યા હતા, તે પછી કોઈ માહિતી ઉપલબ્ધ નથી. હાલ પોલીસ દરેક એંગલથી કેસની તપાસ કરી રહી છે. અભિનેતાના ગુમ થવાના સમાચાર ૨૬ એપ્રિલે આવ્યા હતા. તેના પિતાએ તેના પુત્ર અંગે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે અપહરણનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર ગુરુચરણ ૨૪ એપ્રિલ સુધી દિલ્હીમાં હાજર હતો. આ પછી તેનો મોબાઈલ સ્વીચ ઓફ થઈ ગયો. એવું પણ જાણવા મળે છે કે તે જલ્દી જ લગ્ન કરવા જઈ રહ્યો હતો. આ દરમિયાન તે આર્થિક સંકટમાંથી પણ પસાર થઈ રહ્યો હતો. ફેન્સ અને પરિવારજનોની પ્રાર્થના છે કે અભિનેતા જલદી ઘરે પરત ફરે. વર્ક ફ્રન્ટ પર, તારક મહેતા શોએ ગુરુચરણને ખ્યાતિ અપાવી.

# વાઇસ એડમિરલ સંજય ભલ્લા, એવીએસએમ, એનએમએ ભારતીય નૌકાદળના પર્સનલ ચીફ તરીકેનો ચાર્જ સંભાળ્યો

। નવી દિલ્હી, તા.૧૦ ।

વાઈસ એડમિરલ સંજય ભલ્લા, એવીએસએમ, એનએમ, ૧૦ મે ૨૪ના રોજ ભારતીય નૌકાદળના ચીફ ઓફ પર્સનલ તરીકેનો ચાર્જ સંભાળ્યો છે. તેઓ ૦૧ જાન્યુઆરી ૧૯૮૯ના રોજ ભારતીય નૌકાદળમાં કમિશન્ડ થયા હતા. ૩૫ વર્ષની કારકીર્દિમાં તેમણે જળ અને તટ પર વિશેષજ્ઞ, કર્મચારી અને ઓપરેશનલ એપોઈન્ટમેન્ટના પદો પર કાર્ય કર્યું છે.



કોમ્યુનિકેશન અને ઈલેક્ટ્રોનિક વોરફેરમાં સ્પેશિયલાઈઝેશન કોર્સ પૂરો કર્યા પછી, તેમણે અનેક ફ્રન્ટ-લાઈન યુદ્ધ જહાજોમાં નિષ્ણાત તરીકે સેવા આપી હતી. ત્યારબાદ તેમને સમુદ્રમાં પડકારજનક, પરિપૂર્ણ અને ઘટનાપૂર્ણ કમાન્ડ્સ રાખવાનો વિશેષાધિકાર મળ્યો, જેમાં INS નિશંક, INS તારાગિરી, INS બિયાસ અને ફ્લેગ ઓફિસર કમાન્ડિંગ ઈસ્ટર્ન ફ્લીટ (FOCEF)ની પ્રતિષ્ઠિત નિમણૂકનો સમાવેશ થાય છે. FOCEF તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન, તેઓ પ્રતિષ્ઠિત રાષ્ટ્રપતિની ફ્લીટ રિવ્યુ (PFR – 22) અને ભારતીય નૌકાદળની ફ્લેગશિપ બહુરાષ્ટ્રીય કવાયત MILAN – 22ના સી ફેઝ માટે ટેક્ટિકલ કમાન્ડના અધિકારી હતા, જેમાં મૈત્રીપૂર્ણ વિદેશી દેશોની અભૂતપૂર્વ ભાગીદારી જોવા મળી હતી. કિનારે, તેમણે નૌકાદળના મુખ્યાલયમાં કર્મચારીના મદદનીશ ચીફ (માનવ સંસાધન વિકાસ) સહિત મહત્વપૂર્ણ સ્ટાફ નિમણૂંકો પર કાર્ય કર્યું છે; નેવલ એકેડેમીમાં અધિકારીઓની તાલીમનું નેતૃત્વ કર્યું અને વિદેશમાં રાજનયિકનો કાર્યભાર સંભાળ્યો. સીઓપી તરીકેનો ચાર્જ સંભાળતા પહેલા, તેઓ પશ્ચિમી નૌકા કમાન્ડના ચીફ ઓફ સ્ટાફ હતા અને ઓપ સંકલ્પ જેવી કામગીરી અને સિંધુદુર્ગ ખાતે નેવી ડે ઓપ ડેમો ૨૦૨૩ જેવા કાર્યક્રમોનું નિરીક્ષણ કરતા હતા.

રોયલ કોલેજ ઓફ ડિફેન્સ સ્ટડીઝ, લંડનના ભૂતપૂર્વ વિદ્યાર્થી; નેવલ વોર કોલેજ અને ડિફેન્સ સર્વિસીસ સ્ટાફ કોલેજ, વેલિંગ્ટન; તેમની શૈક્ષણિક સિદ્ધિઓમાં એમ ફિલ (ડિફેન્સ એન્ડ સ્ટ્રેટેજિક સ્ટડીઝ), કિંગ્સ કોલેજ, લંડનમાંથી ઈન્ટરનેશનલ સિક્યુરિટી અને સ્ટ્રેટેજિક સ્ટડીઝમાં માસ્ટર્સ, M.Sc (ડિફેન્સ એન્ડ સ્ટ્રેટેજિક સ્ટડીઝ), મદ્રાસ યુનિવર્સિટી અને CU-SATમાંથી સ્.જીઝ (ટેલિકોમ)નો સમાવેશ થાય છે. તેમની વિશિષ્ટ સેવા માટે માન્યતા તરીકે, તેમને નૌકાદળના વડા અને ફ્લેગ ઓફિસર કમાન્ડિંગ-ઈન-ચીફ દ્વારા અતિ વિશિષ્ટ સેવા મેડલ, નાઓ સેના મેડલ અને પ્રશંસાથી નવાજવામાં આવ્યા છે.

# થરા નગર પાલિકાના મહીલા પ્રમુખ કોણ એ બાબતે ભાજપ દ્વારા આજે સેન્સ લેવાની પ્રક્રિયા હાથ ધરાશે

। (પ્રતિનિધી) થરા, તા.૧૦ ।

લોકસભાની ચૂંટણીગત સાતમી મેના રોજ શાંતિપૂર્ણ વાતાવરણમાં પૂરી થતાં હવે કાંકરેજ તાલુકાના થરા નગર પાલિકાના ૬(છ) વોર્ડના ચોવીસ કોર્પોરેટરની રાજય ચુંટણી આયોગ, ગાંધીનગર નાં પત્ર ક્રમાંક:રાચઆ/ ચટણસ્થા. સ્વ/૧૧૦(૧)-૦૯૨૦૨૧-ક તા.૬/ ૯/૨૦૨૧થી આ સાથેના પત્રક મુજબની રાજ્યની ગાંધીનગર મહાનગરપાલિકા, થરા અને ઓખા નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તથા ભાણવડનગરપાલિકા ની મધ્યસત્રની ચૂંટણી અને અન્ય સ્વરાજ્યના એકમોની પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી તા-૦૩/૧૦/૨૦૨૧ રવિવારના રોજ યોજાયેલ. કાંકરેજ તાલુકાના થરા નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં કુલ ૬(છ) વૉર્ડના ૨૪ સભ્યો માટે ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવતા વૉર્ડ નં -૩ ભાજપ તરફી પૃથ્વીરાજસિંહ ચંદ્રસિંહ વાઘેલા, ભુપતાજી નાથાજી ગોહિલ,સોની ચેતનાબેન અનિલકુમાર અને દેસાઈ લાખુબેન અમરતભાઈ સામે સમય મર્યાદા માં એકપણ આવેદન પત્ર નહીં ભરાતા આ વૉર્ડ નં -૩ ના ચાર સભ્યો બિન હરિફ જાહેર થયેલ. ત્યાર બાદ બાકીના વૉર્ડ નં -૧,૨, ૪,૫,૬ની ૨૦ વીસ બેઠક માટે ચૂંટણી તા.૦૩/૧૦/૨૦૨૧ના રોજ થયેલ જેનું પરિણામ તા.૦૫/૧૦/૨૦૨૧ના રોજ જાહેર થયેલ જેમાં વૉર્ડ નં -૧,૨, ૪,૫ના ૧૬ (સોળ)સભ્યો ભાજપના જ્યારે વૉર્ડ નં -૬ ના ૪(ચાર) કોંગ્રેસ વિજેતા જાહેર થયેલ આમ,થરા નગર




પાલિકાની સામાન્ય ચૂંટણીમાં વૉર્ડ ૬(છ)નાં કુલ ૨૪સભ્યો પૈકી ૨૦(વીસ) સભ્યો ભાજપના જ્યારે ૪(ચાર) કોંગ્રેસના જાહેર થતા અઢી વર્ષના પ્રથમ તબક્કામાં ભાજપના મેન્ડેડ મુજબ પ્રમુખ પદ માટે વૉર્ડ નં -૩ ના પૃથ્વીરાજસિંહ ચંદ્રસિંહ વાઘેલા,ઉપપ્રમુખ પદ માટે વૉર્ડ નં -૨ના પાંચાણી નૈશદકુમાર ચિનુલાલે ઉમેદવારી નોંધાવી હતી જેની સામે કોઈ ઉમેદવારે ઉમેદ વારી નહીં નોંધાવતા પ્રમુખ-ઉપ પ્રમુખ બિનહરીફ જાહેરથયેલ. ભાજપના બિન હરિફ તથા ચૂંટા યેલા સભ્યો વૉર્ડ નં.૧ શાહ ગીરા બેન ધીરજકુમાર, પટેલ વજીબેન રાયમલભાઈ, પ્રજાપતિ રસિક ભાઈ ગોરધનભાઈ, મેમણ અશરફ મહંમદસાદિક, વૉર્ડ નં.૨ પાંચાણી નૈસદકુમાર ચીનુલાલ, મકવાણા જશોદાબેન રઘુભાઈ, રાવળ ચંપાબેન પરશોતમભાઈ, તેરવા ડીયા પુંજાજી મફાજી, વૉર્ડ નં.૩ માંથી બીનહરિફ વાઘેલા પૃથ્વીરાજસિંહ ચંદ્રસિંહ,ગોહિલ ભુપતાજી નાથાજી, સોની ચેતના બેન અનીલકુમાર, દેસાઈ લાખુબેન અમરતભાઈવોર્ડ નં. ૪ વાઘેલા નિતબબા જયપાલસિંહ ઠક્કર સોનલબેન ધીરજ કુમાર, વાઘેલા મહેન્દ્રસિંહ કેશુભા, વાઘેલા વિક્રમ સિંહ બેચરસિંહ, વોર્ડનં.૫- અખાણી દિપાલીબેન યાગ્નિકકુમાર, શાહ અંજના બેન જીતેન્દ્રભાઈ, પરમાર વિક્રમ કુમાર ખેમાભાઈ, ઘાંઘોસ વસંત કુમાર જેસુંગજી, વોર્ડ નં.૬(છ)કોંગ્રેસના ચાર સભ્યો ઠાકોર સાકરબેન વિજય કુમાર, ચાવડા ભાવનાબેન સંજયજી, જગાણી ભુદરજી ધુડાજી, શાહ રાકેશ કુમાર સેવંતીલાલ વિજેતા થયેલ. થરા પાલિકાના પ્રથમ તબક્કા માટે પ્રમુખ પદે વોર્ડ નં.૩ માંથી બીનહરિફ વાઘેલા પૃથ્વીરાજસિંહ ચંદ્રસિંહની અઢી વર્ષના સમયની મુદત ગત તા.૨૪/૪/૨૦૨૪ના પુરી થતાં આવતી કાલે તા.૧૩/૫/ ૨૦૨૪ને સોમવારના રોજ ૧૧-૦૦ વાગે થરા નગર પાલિકા હોલમાં બીજા તબક્કા માટે મહિલા પ્રમુખ પદની ચૂંટણી પ્રક્રિયા ડીસા પ્રાંત અધિ કારીની ઉપસ્થિતિમાં હાથ ધરવા માં આવશે. જેમાં ભાજપ કયા મહિલા કોર્પોરેટરને મેન્ડેડ આપે છે અઢી વર્ષના તબક્કામાં વોર્ડ નંબર ૨,૩,૫ ના કોર્પોરેટરને પાલિકામાં સ્થાન મળેલ હવે મહીલા પ્રમુખ તરીકે વોર્ડ નંબર ૧,૩,૪માંથી કોણ મેન્ડેડ મેળવી પ્રમુખ પદ શોભાવે છે તે તરફ સૌની નજર છે.વોર્ડ નં.૫ના મહિલા કોર્પોરેટર શાહને સ્થાન અપાય તેવી શક્યતા વ્યક્ત કરવા માં આવતી હતી.પરંતુ તેમના પતિના આકસ્મિક મૃત્યુના કારણે અત્યાર વોર્ડ નં.૧, ૫,૩ના કોઈ મહિલા કોર્પોરેટરમાં થી કોને પ્રમુખ ની તાજ પહેરાવ વામાં આવે છે તે આવતી કાલે બપોર બાર વાગ્યા સુધીમાં નક્કી થઈ જશે.વોર્ડ નં.૧, ૨,૩,૪,૫,ના ભાજપ મહિલાકોર્પો રેટરોમાં ગીરાબેન ધીરજકુમાર શાહ, વજીબેન રાયમલભાઈ પટેલ, જશોદાબેન રઘુભાઈ મકવાણા, ચંપાબેન પરસોતમભાઈ રાવળ, સોની ચેતનાબેન અનિલકુમાર, દેસાઈ લાખુબેન અમરતભાઈ, વાઘેલા નિતબબા જયપાલસિંહ ઠક્કર સોનલબેન ધીરજકુમાર અખાણી દિપાલીબેન યાજ્ઞિક કુમાર શાહ અંજનાબેન જીતેન્દ્ર ભાઈ વોર્ડ નંબર૬(છ) માં કોંગ્રેસ ના મહિલા ચૂંટાયેલા કોર્પોરેટર ઠાકોર સાગરબેન વિજય કુમાર, ચાવડા ભાવનાબેન સંજયજી.થરા નગર પાલિકા વિસ્તારમાં ચર્ચાતી વાત મુજબ મહિલા પ્રમુખપદની રેસમાં મુખ્ય ત્વે ગીરાબેન ધીરજકુમાર શાહ, અખાણી દિપાલીબેન યાજ્ઞિકભાઈ દેસાઈ લાખુબેન અમરતભાઈ વજીબેન રાયમલ ભાઈ પટેલના નામો છે જ્યારે વોર્ડ નં.૪ના કોર્પોરેટરને કારોબારી અધ્યક્ષ સ્થાન અપાય તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવે છે.

# એનક્વાલા નેચર ઓ કેર અને જિમ લોન્જના સહયોગમાં ઓપ્ટિમાઇઝ IV દ્વારા અમદાવાદમાં પ્રથમવાર પર્સનાલિટી પેજન્ટ, કોમ્પિટિશનનું આયોજન



। અમદાવાદ, તા.૧૦ ।

આનંદનગર વિસ્તાર ખાતે આવેલા જીમ લોન્જ ખાતે ૨ દિવસીય એટલે કે ૧૦ અને ૧૧મેનાં રોજ સ્ટારસ્ટ્રક દ્વારા અમદાવાદનાં પ્રથમ પર્સનાલિટી પેજન્ટનું ઓડિશન માટેની આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજન સ્ટારસ્ટ્રકનાં ફાઉન્ડર અને ક્યુરેટર વિન્ની અગ્રવાલ, એનક્વાલાના શ્રીમતી રચના ટાટેડ, જીમ લોન્જનાં ફાઉન્ડર વિજય સેંગર તેમજ અમદાવાદનાં સોશિયલાઈટ રિતુ અગ્રવાલ દ્વારા કરવામાં આવ્યું છે. જેમાં ૨ દિવસ ઓડિશન રાઉન્ડ યોજાશે અને ત્યાર બાદ ફાઈનલ્સ માટે પાર્ટિસિપેન્ટ્સને ટ્રેનિંગ આપવામાં આવશે, જેમાં સેલ્ફ કોન્ફિડેન્સ સેશન, ગ્રૂમિંગ સેશન અને રેમ્પ વૉક સેશનનું પણ આયોજન કરવામાં આવશે. ત્યારબાદ ફિનાલેનું આયોજન કરવામાં આવશે. જેમાં વિજેતાને વિવિધ ઈનામ એનાયત કરવામાં આવશે. આ કોમ્પિટિશનને કોરિયોગ્રાફર તેમજ આર્ટિસ્ટ હર્ષિલ શાહ દ્વારા જજ કરવામાં આવશે.

એનક્વાલા નેચર ઓ કેર અને જિમ લોન્જના સહયોગમાં ઓપ્ટિમાઈઝ IV દ્વારા સંચાલિત સ્ટારસ્ટ્રક રજૂ કરે છે. અમદાવાદમાં પ્રથમ વખત એક વિશિષ્ટ વ્યક્તિત્વ સ્પર્ધા યોજાઈ રહી છે.અમદાવાદમાં સાંસ્કૃતિક પરિવર્તન લાવવા અને વાસ્તવિકતા અને આંતરિક સુંદરતાના સાર સાથે લકઝરીને પુનઃવ્યાખ્યાયિત કરવાના વિઝન સાથે અમારા શોધક અને દિગ્દર્શક વિન્ની રિતુ અગ્રવાલ દ્વારા આ ઈવેન્ટને ક્યુરેટ કરવામાં આવી છે.અંતિમ સમારોહ એટલો મોટો હશે જે અમદાવાદે ક્યારેય ન જોયો હોય તેવી વિશિષ્ટ કલા કિંમત અને નિર્ણાયક દર્શન સોમૈયા, વિન્ની રિતુ અગ્રવાલ અને જશ બહલ છે.

# ગાયત્રી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા ચિત્રોડિયાનુ ૮૮.૬૯% પરિણામ આવ્યું

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૦ ।

શ્રીગાયત્રીમાધ્યમિકઅનેઉચ્ચતરમાધ્યમિક શાળા, ચિત્રોડિયાનું ધોરણ ૧૨ સામાન્યપ્રવાહનું પરિણામ ૮૮.૬૯% આવિયું જેમાં પ્રથમ નંબરે કટારા રોનીકાબેન રચચંદભાઈ (૭૯.૧૪%), દ્વિતીય નંબરે ભુરીયા અસ્મિતાબેન મીનેશભાઈ (૭૪.૫૭%), તૃતીય નંબરે સંગાડા જાગૃતિબેન ચીમનભાઈ (૭૦.૨૮%) પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું છે તે બદલ શાળાના આચાર્ય તથા સંચાલક મંડળે તમામ વિધાર્થીઓ અને કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# થરા તાણા ખાતે ભગવાન શ્રી પરશુરામના જન્મોત્સવની ભવ્ય ઉજવણી



તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા

। (પ્રતિનિધી) થરા, તા.૧૦ ।

કરોડો હિન્દુઓના આરાધ્યદેવ શૌર્ય અને વિરત્વની મૂર્તિ, શાસ્ત્ર અને શસ્ત્રનો સમન્વય, સાત ચિરંજીવીઓમાં ના એક ચિરંજીવી શ્રી વિષ્ણુ ભગવાનના છઠ્ઠા અવતાર ભગવાન શ્રી પરશુરામના જન્મોત્સવની કાંકરેજ તાલુકાના તાણા થરા ખાતે હરખભેર ઉજવણીના ભાગરૂપે ગઈકાલે સમસ્ત થરા તેમજ આજુબાજુના ગામોમાં વસતા ભૂદેવ સમાજ દ્વારા ભવ્ય શોભા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું, જે શોભાયાત્રા શ્રી ઝાઝાવડા વાળીનાથ મહાદેવ મંદિરથી પ્રસ્થાન થઈ વાળીનાથ રોડ, માર્કેટ યાર્ડ મહાદેવ મંદિર, બહુચર નિલકંઠ મહાદેવ મંદિર હાઈવે, ગોકુલ નગર સોસાયટી, તાણા ગામ થઈ તાણા શ્રી ચામુંડા માતાજી મંદિરે સમાપન થયુ હતુ, જયાં પ.પુ. શ્યામ સ્વરૂપ બાપુના આર્શીવચન તથા દાતા ઓનુ સન્માન થયુ હતુ,રાજગોર સ્વ. લીલાબેન ભીખાભાઈ ખોડીદાસ પરિવાર (ટેંબી) દ્વારા સમસ્ત સમાજને સુંદર ભોજન પીરસાયુ હતુ, આ પ્રસંગે કરસનભાઈ જોષી, જગદીશભાઈ (શ્રીજી), જોષી ગંગારામભાઈ, જોષી મહેન્દ્રભાઈ, જોષી ભરત ભાઈ વિગેરે સમાજના સૌ ભામાશાહો વિશાળ સંખ્યામાં તાણા થરા નગર અબાલ વૃધ્ધ સૌ ધર્મપ્રેમી લોકો હાજર રહી કાર્યક્રમને સુંદર સફળ યાદગાર બનાવ્યો હતો, સમગ્ર આયોજન શ્રી મહર્ષિ ચાણક્ય યુવક મંડળ થરા, સમસ્ત બ્રહ્મ સમાજ થરા તાણા દ્વારા કરાયુ હતું,

# ICG એ જહાજોના બાંધકામ માટે સ્વદેશી મરીન-ગ્રેડ એલ્યુમિનિયમના ઉત્પાદન અને પુરવઠા માટે ખાનગી ક્ષેત્ર સાથે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા



। નવી દિલ્હી, તા.૧૦ ।

ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ (ICG) અને હિન્દાલ્કો ઈન્ડસ્ટ્રીઝે ૧૦ મે, ૨૦૨૪ના રોજ જહાજોના નિર્માણ માટે ભારતીય જાહેર અને ખાનગી શિપયાર્ડોને સ્વદેશી મરીન-ગ્રેડ એલ્યુમિનિયમના ઉત્પાદન અને સપ્લાય માટે એક નવી દિલ્હી ખાતે એક સમજૂતી કરાર (એમઓયુ) પર હસ્તાક્ષર કર્યા. એમઓયુ ત્રિમાસિક કિંમતો, પુરવઠામાં પ્રાથમિકતા અને ટર્નઓવર ડિસ્કાઉન્ટ જેવા લાભો પણ પ્રદાન કરશે.



ICG કાફલો હાલમાં છીછરા પાણીમાં કામ કરવાની ક્ષમતાવાળા એલ્યુમિનિયમ સુકાનવાળા ૬૭ જહાજોનું સંચાલન કરે છે. દરિયાકાંઠાની સુરક્ષાને વધુ વેગ આપવા માટે, તેણે આવા વધુ જહાજોને સામેલ કરવાની યોજના બનાવી છે જ્યાં સ્વદેશી રીતે ઉત્પાદિત મરીન-ગ્રેડ એલ્યુમિનિયમનો ઉપયોગ કરવામાં આવશે.

ICGના વરિષ્ઠ અધિકારીઓની હાજરીમાં ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ (મટીરિયલ એન્ડ મેન્ટેનન્સ), ICG IG એચકે શર્મા અને ડાઉનસ્ટ્રીમ એલ્યુમીનિયમ બિઝનેસ, હિન્દાલ્કોના CEO શ્રી નિલેશ કૌલે આ રૈં પર હસ્તાક્ષર કર્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારે ધીરજ રાખવાણી જરૂર છે કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. આજ ના દિવસે તમે ધન સંબંધી સમસ્યા ને કારણે પરેશાન રહી શકો છો. આના માટે તમારે પોતાના કોઈ વિશ્વાસ પાત્ર ની સલાહ લેવી જોઈએ કોઈક અંગત સમસ્યા સૂલઝાવવામાં તમારી મદદની અપેક્ષા રાખતા કોઈક વૃદ્ધ સંબંધી તરફથી આશીર્વાદ મળશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજે તમે જે કેટલાક ભોતિક ફેરફારો કરશો તે ચોક્કસ જ તમારા દેખાવનો ઓર નીખારશે. કેટલાક બાકી રહેલા મુદ્દા વધુ ઘેરા બનશે તથા ખર્ચનો મુદ્દો તમારા મગજમાં ઘુમરાયા કરશે. તમે જેને પ્રેમ કરે છો એવા લોકો પાસેથી ભેટ મેળવવા અથવા તેમને આપવા માટે મંગળકારી દિવસ. આજે તમે તમારા પ્રયપાત્રના હૃદયના ધહકારા સાથે સાથે મિલાવશો.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે તમારે ધાર્મિક તથા આધ્યત્મિક બાબતોમાં રસ લેવા માટે પણ સારો દિવસ છે. આજે તમને ધન ખર્ચવા ની જરૂર નહિ પડે કેમકે ઘર ના કોઈ મોટા આજે તમને ધન આપી શકે છે. બાળકો સાથે તમારો કઠોર વ્યવહાર તેમને નારાજ કરશે.તમારે તમારી જાત પર કાબૂ રાખવાની તથા યાદ રાખવાની જરૂર છે કે આ બાબત તમારી વચ્ચે અંતરાયો જ ઊભા કરશે.

**કર્ક (ડ,હ) :**

આજે અન્ય લોકોની ટીકા કરવામાં તમારો સમય વેડફશો નહીં, કેમ કે તેની અસર તમારા સ્વાસ્થ્ય પર પડી શકે છે. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ધનને તમારી આંગળીઓ વચ્ચેથી સરકી જવા ન દેતા. એકબીજાના દષ્ટિકોણ સમજીને તમારી વ્યક્તિગત સમસ્યાઓને ઉકેલો.તેમને જાહેરમાં ન લાવો અન્યથા તમારી પ્રતિષ્ઠાને હાનિ થવાની શક્યતાઓ વધુ છે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમે પરિસ્થિતિની કમાન સંભાળશો એટલે તમારી બેચેની દૂર થઈ જશે.તમને એ સમજાવાની શક્યતા છે કે બધું સાબુના પરપોટા જેવું ક્ષણભંગુર છે જ હિંમત સાથેના પ્રથમ સંપર્કથી જ ગાયબ થઈ જાય છે. નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

તમારા શરીરને રિચાર્જ કરવા માટે તમારે સંપૂર્ણ આરામ લેવો જઈએ અન્યથા થાક તમારામાં નિરાશવાદ પેદા કરી શકે છે. કાર્યક્ષેત્ર અથવા વેપાર માં તમારી કોઈ બેદરકારી તમને આજે નુકસાન કરાવી શકે છે. તમે જો તમારા ભાગીદારોના મતને નજરઅંદાજ કરશો તો તેઓ ધીરજ ખોઈ બેસશે. આજે કોઈની છેડતી કરશો નહીં. તમારી પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડે તેવા લોકો સાથે જોડાવાનું ટાળો.

**તુલા (ર,ત) :**

આજે તમને નિર્મળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. આજ ના દિવસે ઘર માં કોઈ ઈલેક્ટ્રિક વસ્તુ ખરાબ થવા ના લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે. તમે સામજિક કાર્યક્રમ તથા મેળાવડાઓમાં સહભાગી થશો તો તમે તમારા મિત્રો તથા પરિચિતોની સંખ્યા વધારી શકશો.

**વૃશ્ચિક (ન,ય) :**

આજે તમારું સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ મુસાફરી મુશ્કેલ તથા થકવનારી પુરવાર થશે. નાણાં તમારા હાથમાંથી આસાનીથી સરી જવા છતાં-તમારા શુકનવંતા ગ્રહો નાણાં પ્રવાહ જાળવી રાખશે. તમારી ખાનગી માહિતી તમારા જીવનસાથી સાથે શૅર કરતા પહેલા વિચારજો. શક્ય હોય તો. એવું કરવલાનું ટાળજો કેમ કે તે આ વાત કોઈક અન્યને જણાવી શકે છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે ગર્ભવતી સ્ત્રીઓ જમીન પર ચાલતી વખતે ખાસ ધ્યાન રાખે અને શક્ય હોય તો ધૂમ્રપાન કરતા મિત્ર સાથે ઊભાં ન રહો કેમ કે તે તમારા ભાવિ બાળક માટે જોખમી પુરવાર થઈ શકે છે. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. મિત્રો તમારો દિવસ ઝળહળતો કરી મુકશે કેમ કે તેઓ સાંજ માટે કશુંક ઉત્સાહજનક કરશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારા શરીરને રિચાર્જ કરવા માટે તમારે સંપૂર્ણ આરામ લેવો જઈએ અન્યથા થાક તમારામાં નિરાશવાદ પેદા કરી શકે છે. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય. તમારો સાથી તમારા વિશે સારો વિચાર કરે છે, તેથી ઘણી વખત તમારા પર ગુસ્સે થશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજે તમારી સ્વાસ્થ્ય તથા શક્તિ બચાવવાની આદત તમને ખૂબ જ મદદ કરશે કેમ કે તમે લાંબી મુસાફરી પર જવાની યોજના ઘડી રહ્યા છો. વ્યસ્ત સંયપત્રક છતાં તમે થાક સાથે આસાનીથી કામ પાડી શકશો. બીજા દિવસો ની સરખામણી માં આજ નું દિવસ સારું રહેશે અને પર્યાપ્ત ધન ની પ્રાપ્તિ થશે. પરિવારના સભ્ય ોતમારા જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતા હશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે તમારો માયાળુ સ્વભાવ અનેક ખુશીની ક્ષણો લાવશે. સટ્ટાકીય પ્રવૃત્તિઓ નફો લાવશે. એક જૂનો મિત્ર દિવસના અંત ભાગમાં મુલાકાત લેશે. પ્રેમમાં સંતાપ સહન કરવો પડે એવી શક્યતા નકારી શકાય નહીં. આ રાશિ ના લોકો ને આજ ના દિવસે પોતાના માટે ખુબ સમય મળશે! આ સમય નો ઉપયોગ તમે પોતાના શોખ પુરા કરવા માટે કરી શકો છો.











ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ નવી દિલ્હીમાં મેડિકલ સાયન્સમાં નેશનલ બોર્ડ ઓફ એક્ઝામિનેશન્સ (NBEMS) ના ૨૨માં દીક્ષાંત સમારોહમાં હાજરી આપી હતી.

## ન્યુઝ બોક્ષ

### ચૂંટણી એ મહત્વનું કામ છે તો કાયદાનું પાલન નહીં થાય?

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

મુંબઈ હાઈકોર્ટે ગુરુવારે મહારાષ્ટ્ર રાજ્ય ચૂંટણી પંચે પુણેમાં જાહેર જનતા માટે આરક્ષિત ખુલ્લી જગ્યાનો જે રીતે કબજો લીધો તેના પર ચિંતા વ્યક્ત કરી હતી. રાજ્ય ચૂંટણી પંચ આ જગ્યાએ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન અને વોટર વેરિફાઈડ પેપર ઓડિટ ટ્રેલ રાખશે. ચીફ જસ્ટિસ ડીકે ઉપાધ્યાય અને જસ્ટિસ આરિફ ડૉક્ટરની બેંચ પિંપરી ચિંચવડ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારના પ્રશાંત રાઉલ દ્વારા દાખલ કરવામાં આવેલી પીઆઈએલની સુનાવણી કરી રહી હતી. અરજદારે રાજ્ય ચૂંટણી પંચના અધિકારીઓના આકુડી મેટ્રો ઈકો પાર્કનો ઉપયોગ કરવાના પ્રસ્તાવનો વિરોધ કર્યો હતો.આ જમીનનો ઉપયોગ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન, VVPAT રાખવા અને ભારતના ચૂંટણી પંચના પ્રાદેશિક ચૂંટણી પ્રશિક્ષણ કેન્દ્ર તરીકે વેરહાઉસ બનાવવા માટે થવાનો હતો. અરજદારનો આરોપ છે કે પાર્કની અંદર કેટલીક ખુલ્લી જગ્યા કથિત રીતે ગેરકાયદેસર રીતે આ હેતુ માટે SECને ટ્રાન્સફર કરવામાં આવી હતી. ખંડપીઠે પ્રશ્ન કર્યો હતો કે જમીનનો ભાગ રાજ્ય ચૂંટણી પંચને કેવી રીતે ફાળવવામાં આવ્યો.કોર્ટે કહ્યું, 'અમે અહીં જે જોયું છે તે એ છે કે જિલ્લા કલેક્ટરે જમીન તેમના નિયંત્રણ હેઠળ લઈ લીધી છે અને તેઓ મુખ્ય ચૂંટણી અધિકારી હોવાથી, તેમના કહેવા પર જમીનનો કબજો ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનના સંગ્રહ માટે SECને આપવામાં આવ્યો છે. અને VVPATs. સરકાર જમીનની માલિક નથી, પરંતુ તે પરવાનગી કે ચૂકવણી વિના જમીન પર કબજો કરી રહી છે. આ ફાળવણી કેવી રીતે કરવામાં આવી હતી? ચૂંટણીઓ જાહેર હેતુ પૂરા પાડે છે, માત્ર એટલા માટે કે તેમની સાથે જોડાયેલી પ્રવૃત્તિઓને કાયદાકીય પરવાનગીની જરૂર નથી?'કોર્ટે એમ પણ પૂછ્યું હતું કે રાજ્યના જમીન કાયદા મુજબ જમીનના વપરાશમાં ફેરફાર કર્યા વિના તેનો તાત્કાલિક ઉપયોગ કેવી રીતે થઈ શકે?

### અક્ષય તૃતીયા નિમિત્તે ચારધામ યાત્રા શરૂ

# કેદારનાથ ધામના દરવાજા ભક્તો માટે ખોલવામાં આવ્યા

**મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી કેદારનાથ પહોંચી ગયા છે, કેદારનાથ ધામના દરવાજા સવારે ૭.૧૦ વાગ્યે ભક્તો માટે ખોલવામાં આવ્યા હતા**

। (એજન્સી) ઉત્તરાખંડ, તા.૧૦ ।

ઉત્તરાખંડમાં કેદારનાથ ધામના દરવાજા ખોલવાની સાથે ચાર ધામ યાત્રા શરૂ થઈ ગઈ છે. અક્ષય તૃતીયાના પાવન અવસર પર ચારધામ યાત્રાનો પ્રારંભ થયો છે. મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી કેદારનાથ પહોંચી ગયા છે.કેદારનાથ ધામના દરવાજા સવારે ૭.૧૦ વાગ્યે ભક્તો માટે ખોલવામાં આવ્યા હતા. આ પછી યમુનોત્રી ધામના દ્વાર સવારે ૧૦.૨૯ કલાકે અને ગંગોત્રી ધામના દ્વાર સવારે ૧૨.૨૫ કલાકે ખોલવામાં આવશે. ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી દર્શન



અને નિરીક્ષણ માટે સવારે સાત વાગ્યે કેદારનાથ ધામ પહોંચશે.ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ કહ્યું કે આજે અક્ષય તૃતીયાના શુભ અવસર પર કેદારનાથ ધામ, યમુનોત્રી ધામ અને ગંગોત્રી ધામના દરવાજા સંપૂર્ણ વિધિ સાથે દર્શન માટે ખોલવામાં આવશે. ચારધામ યાત્રા માટે તમામ ભક્તોનું હાર્દિક સ્વાગત અને અભિનંદન. કેદારનાથ ઉત્તરાખંડના રુદ્રપ્રયાગ જિલ્લામાં ભગવાન શિવનું પવિત્ર સ્થાન છે. દર વર્ષે લાખો લોકો અહીં દર્શન માટે આવે છે. કેદારનાથની ગણતરી ભગવાન શિવના બાર જ્યોતિર્લિંગ અને પંચ કેદારમાં પણ થાય છે. કેદારનાથ મંદિરમાં સ્થાપિત શિવલિંગ સ્વાવલંબી છે. જેના કારણે મંદિરનું મહત્વ વધી જાય છે.બદ્રીનાથને ચાર ધામોમાંથી એક મુખ્ય ધામ ગણવામાં આવે છે. તે હિમાલયની પર્વતમાળામાં અલકનંદા નદીના કિનારે આવેલું છે. આ મુખ્યત્વે ભગવાન વિષ્ણુનું મંદિર છે.

### દેહરાદૂનના રાયપુર પોલીસ સ્ટેશન વિસ્તારની ઘટના

## જંક શોપમાં મોર્ટાર તોડતી વખતે વિસ્ફોટ, આઠ ઘાયલ

। (એજન્સી) દેહરાદૂન, તા.૧૦ ।

દેહરાદૂનમાં થયેલા વિસ્ફોટમાં આઠ લોકો ઘાયલ થયા છે. જણાવવામાં આવી રહ્યું છે કે વિસ્ફોટ એક મોર્ટારમાં થયો હતો, જે બાદ અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. માહિતી મળતાં જ પોલીસ અને ફાયર વિભાગ ઘટનાસ્થળે પહોંચી, ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં મોકલ્યા અને ઘટનાની તપાસ શરૂ કરી. દેહરાદૂનના રાયપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક જંક શોપમાં વિસ્ફોટમાં આઠ લોકો ઘાયલ થયા છે, જેમાંથી ત્રણની હાલત ગંભીર છે. માહિતી મળ્યા બાદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને તમામ ઘાયલોને લોહીલુહાણ હાલતમાં હોસ્પિટલમાં મોકલ્યા જ્યાં તમામની સારવાર કરવામાં



આવી રહી છે. દુકાનમાં મોર્ટાર તોડવાનો પ્રયાસ કરતી વખતે આ અકસ્માત થયો હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.દેહરાદૂન શહેરના પોલીસ અધિક્ષક પ્રમોદ કુમારે જણાવ્યું હતું કે કંટ્રોલ રૂમમાંથી બોમ્બ વિસ્ફોટની માહિતી મળતાં જ પોલીસ બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ સાથે સ્થળ પર પહોંચી હતી જ્યાં જાણવા મળ્યું હતું કે બ્લાસ્ટ એક જંક શોપમાં થયો હતો.

### અધીર રંજન ચૌધરીએ સામ પિત્રોડાની ટિપ્પણીનો બચાવ કર્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસના પ્રમુખ સામ પિત્રોડાએ તાજેતરમાં જ ભારતના વિવિધ ભાગોમાં રહેતા લોકોની વિવાદાસ્પદ સરખામણી કરી હતી, જેના કારણે હોબાળો મચી ગયો હતો. કોંગ્રેસના પશ્ચિમ બંગાળના અધ્યક્ષ અધીર રંજન ચૌધરીએ ગુરુવારે સામ પિત્રોડાની વિવાદાસ્પદ ટિપ્પણીનો બચાવ કર્યો હતો. તેમણે કહ્યું કે 'ભારતમાં પણ પ્રોટો ઑસ્ટ્રેલોઈડ્સ, મંગોલૉઈડ્સ અને નેગ્રિટોઝ છે'. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને બહેરામપુર લોકસભા બેઠકના પક્ષના ઉમેદવાર અધીર રંજન ચૌધરીએ પિત્રોડાનો પડઘો પાડ્યો.

### અગાઉ ગાંજાના ઉપયોગને અપરાધ જાહેર કરવામાં આવ્યો હતો

# થાઈલેન્ડમાં ગાંજાની નીતિને લઈને સરકારનો યુ-ટર્ન સામે આવ્યો

**માત્ર બે વર્ષ પહેલાં, થાઈલેન્ડ મારિજુઆનાના ઉપયોગને અપરાધ જાહેર કરનાર પ્રથમ એશિયન દેશ બન્યો હતો**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

થાઈલેન્ડના નવા આરોગ્ય પ્રધાને જણાવ્યું હતું કે તેઓ સંભવિત યુ-ટર્નનો સંકેત આપતા દેશની મારિજુઆના નીતિની સમીક્ષા કરવાની યોજના ધરાવે છે. થાઈલેન્ડ માત્ર બે વર્ષ પહેલા ગાંજાના ઉપયોગને અપરાધ જાહેર કરનાર પ્રથમ દક્ષિણપૂર્વ એશિયાઈ દેશ બન્યો હતો, હવે સરકારને લાગે છે કે દેશમાં ગાંજાના વધુ પડતા ઉપયોગને કારણે યુવાનો નશાની લતનો શિકાર બની રહ્યા છે.

સોમસાક થેપ્સુથિને, મંગળવારે આરોગ્ય પ્રધાન તરીકેનો કાર્યભાર સંભાળ્યા પછી વિવાદાસ્પદ વિષય પર ટિપ્પણી કરતા, જણાવ્યું હતું કે મંત્રાલય મારિજુઆના અંગે થાઈલેન્ડે શું નીતિ બનાવવી જોઈએ તે અંગે વિચારણા કરવા માટે લોકોનો અભિપ્રાય એકત્રિત કરવાની પ્રક્રિયામાં છે. સોમસાક અગાઉની સરકારમાં ન્યાય પ્રધાન હતા, જેણે ૨૦૨૨ માં ઔષધીય ઉપયોગ માટે અને રોકડ પાક તરીકે ગાંજાના ઉપયોગને અપરાધમુક્ત કર્યો હતો.મીડિયા સાથે વાત કરતા સોમસેકે કહ્યું, 'હું લોકોને પૂછવા માંગુ છું કે શું તે ડ્રગ હોવું જોઈએ કે નહીં? અને તે કેટલું ઉદાર હોવું જોઈએ? એવું ન હોવું જોઈએ કે કોઈ તેને ઉગાડે અથવા તેનો ધૂમ્રપાન કરે અને ઉપદ્રવ સર્જે. અમે આ મુદ્દા પર ચર્ચા કરી શકતા નથી?''સોમસાકનું નિવેદન થાઈલેન્ડના ઉદારીકરણમાં વધુ એક વળાંક દર્શાવે છે જેમાં કૃષિ આવક અને કલ્યાણને પ્રવાસનને પ્રોત્સાહન આપવાના માર્ગ તરીકે રજૂ કરવામાં આવ્યું છે. ચોલનન શ્રીકાઈવે, જેમણે સોમસાક પહેલા આરોગ્ય પ્રધાન તરીકે સેવા આપી હતી, તેણે આ વર્ષની શરૂઆતમાં બ્લૂમબર્ગને જણાવ્યું હતું કે તે કેનાબીસના મનોરંજનના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવાનો પ્રયાસ કરશે. આ નિવેદન પછી, છેલ્લા બે વર્ષમાં દેશભરમાં ઉભરી આવેલી હજારો ગાંજાની દુકાનો અને ખેતરો મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા.કેનાબીસના મનોરંજનના ઉપયોગને ગેરકાયદેસર બનાવવા અને ખેતી, વેચાણ,



નિકાસ અને આયાત પર કડક લાઈસન્સિંગ નિયમો લાદવાનું બિલ અમલદારશાહી પ્રક્રિયા દ્વારા વિલંબિત થયું છે કારણ કે ઉદ્યોગ જૂથો તેનો વિરોધ કરે છે.

હાલમાં, તે સ્પષ્ટ નથી કે નવા આરોગ્ય પ્રધાન સોમસાક બિલને આગળ વધારશે કે તેને ફરીથી રદ કરશે.ગયા વર્ષે રાષ્ટ્રીય ચૂંટણીઓ પહેલા થાઈલેન્ડમાં ગાંજાના ઉપયોગ એક ગરમ રાજકીય મુદ્દો બની ગયો હતો. કેટલાક રાજકારણીઓના મતે, ગાંજાના ઉદ્યોગ માટેના નિયમોના અભાવને કારણે યુવાનોમાં માદક દ્રવ્યોના વ્યસનનું વલણ વધ્યું છે.વડા પ્રધાન શ્રેથા થવિસિને પણ મારિજુઆનાના ઉપયોગને માત્ર તબીબી હેતુઓ સુધી મર્યાદિત રાખવાનું વચન આપ્યું છે. શ્રેથાની ફેઉ થાઈ પાર્ટીએ ચૂંટણી પહેલા ડ્રગ વિરોધી સખત ઝુંબેશને પ્રોત્સાહન આપ્યું અને થાઈ સમાજમાંથી ડ્રગ્સને દૂર કરવાનું વચન આપ્યું. આ અઠવાડિયાની શરૂઆતમાં, તેમણે સ્થાનિક સત્તાવાળાઓને ''રેડ ઝોન'' ગણાતા ૨૫ પ્રાંતોમાં ડ્રગ્સ પર કાર્યવાહી કરવા માટે ૯૦-દિવસની સમયમર્યાદા આપી હતી.લગભગ ૮,૦૦૦ દવાખાનાઓ અને મોટી સંખ્યામાં ઉપભોક્તા-ખેતી કંપનીઓ સમગ્ર થાઈલેન્ડમાં ઉભરી આવી છે, જે કેનાબીસની ગોળીઓથી લઈને તેલના અર્ક અને નીંદણથી ભરેલી કેન્ડીથી લઈને બેકડ સામાન સુધી બધું જ વેચે છે. વર્તમાન ડિક્રિમિનલાઈઝેશન કાયદા હેઠળ, કેનાબીસ ઉત્પાદનોમાં ૦.૨% થી વધુ ટેટ્રાહાઈડ્રોકાનાબીનોલ હોવું જોઈએ નહીં.

### મોટા ભાગના ગુજરાતીઓ હોવાનું આવ્યું સામે

# અમેરિકામાં ગેરકાયદેસર ઘૂસવા જતાં ૧૭૦ ભારતીય પકડાયા

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૦ ।

અમેરિકા, બ્રિટન, કેનેડા જવા માટે ગુજરાતીઓ પડાપડી કરી રહ્યાં છે. આ વચ્ચે હવે તેઓ વિદેશમાં જવાના ગેરકાયદેસર રસ્તા અપનાવી રહ્યા છે. અમેરિકામાં ગેરકાયદે ઘુસવા જતા ભારતીયોનું એક વિમાન જમૈકા એરપોર્ટ રોકી દેવાયું હતું. આ શંકાસ્પદ વિમાનમાં કુલ ૨૫૩ મુસાફર હતા, જેમાં ૧૭૦થી વધુ ભારતીય હતા.

ઉત્તર ગુજરાતના લોકો અમેરિકામાં પ્રવેશવાનો પ્રયાસ કરતા ઝડપાયા છે. જેમાં શંકાસ્પદ પ્લેનને જમૈકા એરપોર્ટ પર રોકવામાં આવ્યું હતું. ધરપકડ કરાયેલા ૧૭૫ ભારતીયોમાં મોટાભાગના ગુજરાતીઓ છે. અને મોટાભાગના મુસાફરો ઉત્તર ગુજરાત, મહેસાણાના છે. જેમાં મહેસાણાના શંકરપુરા ગામના એજન્ટોની સંડોવણી બહાર આવી છે. એજન્ટ ઘનશ્યામ અને હસમુખ કટ્ટીની પણ સંડોવણી હોવાની માહિતી છે.એજન્ટ રવિ મોસ્કો અને બોબી બ્રાઝિલ સંડોવાયેલા હોવાનું જાણવા મળે છે. તેમજ તમામ પ્રવાસીઓને અટકાયતમાં લઈને પૂછપરછ માટે હોટલમાં લઈ જવામાં આવ્યા. ટૂરિસ્ટ વિઝાના નામે ગુજરાત સહિત દેશભરમાંથી લોકોને અમેરિકા લઈ જવાના વધુ એક ષડયંત્રનો પર્દાફાશ થયો છે. થોડા મહિનાઓ પહેલાં પણ, અમેરિકા પહોંચવા માંગતા પ્રવાસીઓથી ભરેલું એક આખું વિમાન જપ્ત કરવામાં આવ્યું હતું, ડિફ્લેટ કરીને ભારત પરત મોકલવામાં આવ્યું હતું. આ પ્લેનમાં ૨૫૩ લોકો સવાર હતા જેમાંથી ૧૫૦થી વધુ ભારતીયો હતા અને તેમાં પણ ગુજરાતીઓ અને પંજાબીઓ વધુ હતા.

આ ઉપરાંત ઉઝબેકિસ્તાનના પણ નાગરિકો હતા. આ ઘટના જો કે લગભગ ૬ દિવસ પહેલાની છે. મળતી માહિતી મુજબ જમૈકાના કેપિટલ સિટી કિંગ્સ્ટનમાં આવેલા નોર્મન મેન્લી એરપોર્ટ પર ૨ મેના રોજ એક ફ્લાઈટ લેન્ડ થઈ હતી. એરપોર્ટ પરના અધિકારીઓને પૂછપરછ દરમિયાન તેમના પર શંકા ગઈ હતી. ફરી એકવાર જમૈકા એરપોર્ટ પરથી આવું જ એક વિમાન પકડાયું છે. જેમાં ૨૫૩ મુસાફરોમાં મોટાભાગના ગુજરાતીઓ છે અને તેઓ અમેરિકામાં પ્રવેશવા ગયા હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

### નોમિનેશનમાં વિલંબ થતાં ભાજપના ઉમેદવાર રસ્તા વચ્ચે દોડ્યા

। (એજન્સી) ઉત્તર પ્રદેશ, તા.૧૦ ।

ઉત્તર પ્રદેશની દેવરિયા લોકસભા સીટના ભાજપના ઉમેદવાર શશાંક મણિ ત્રિપાઠીએ નામાંકન ભરવા માટે રસ્તાની વચ્ચે દોડવું પડ્યું જ્યારે તેમને ખબર પડી કે ઉમેદવારી નોંધાવવા માટે બહુ ઓછો સમય બાકી છે. તેમની સાથે ભાજપના જિલ્લા પ્રમુખ અને સમર્થક પણ દોડતા જોવા મળ્યા હતા.દેવરિયાથી ભાજપના ઉમેદવાર શશાંક મણિ ત્રિપાઠી ૯ મેના રોજ ઉમેદવારી નોંધાવવાના હતા. આ સમય દરમિયાન, માઈલ ગ્રાઉન્ડની બાજુમાં એક મેરેજ હોલમાં બીજેપી કાર્યકર્તાઓની એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ઉત્તર પ્રદેશ સરકારના ડેપ્યુટી સીએમ કેશવ પ્રસાદ મૌર્ય મુખ્ય અતિથિ તરીકે પહોંચ્યા હતા.

### ૧૦ મહિના સુધી હેરાન કરવાનો આરોપ

# પ્રજ્વલ રેવન્ના સેક્સ ટેપનો પર્દાફાશ કરનાર બીજેપી નેતા પર જાતીય સતામણીનો આરોપ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

પ્રજ્વલ રેવન્નાના કથિત સેક્સ સ્કેન્ડલનો પર્દાફાશ કરનાર બીજેપી નેતા દેવરાજ ગૌડા પર જાતીય સતામણીના આરોપો લગાવવામાં આવ્યા છે. આ કેસમાં એફઆઈઆર ૧ એપ્રિલે નોંધવામાં આવી હતી. જોકે હવે આ વાતનો ખુલાસો થયો છે. દેવરાજ ગૌડા એ જ વ્યક્તિ છે જેને પૂર્વ પીએમ દેવેગૌડાના પૌત્ર અને કર્ણાટકના હાસનના સાંસદ પ્રજ્વલ રેવન્નાના કથિત સેક્સ સ્કેન્ડલનો પર્દાફાશ કરવામાં મુખ્ય પાત્રોમાંથી એક માનવામાં આવે છે. દેવરાજ ગૌડા વિરુદ્ધ હોલેનારસીપુરા ટાઉન પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે.

મહિલાના પતિએ ૩૦ માર્ચે દેવરાજ ગૌડા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. તેણે આરોપ લગાવ્યો છે કે ગૌડા તેના ઘરમાં ઘૂસી ગયો, તેની સાથે દુર્વ્યવહાર કર્યો અને ધમકી પણ આપી. જો કે આ મામલો પ્રોપટીના વેચાણ સાથે જોડાયેલો હોવાનું મનાય છે.મહિલા દેવરાજ ગૌડાને પ્રોપટી સંબંધિત એક બાબતે ઓળખતી હતી. મહિલાનો દાવો છે કે દેવરાજે મદદના નામે તેનું યૌન ઉત્પીડન કર્યું હતું. FIR મુજબ, દેવરાજ ગૌડાએ મહિલાને તેની મિલકત વેચવામાં મદદ કરવાના બહાને ૧૦ મહિના સુધી હેરાન કર્યા.ફરિયાદમાં પીડિતાએ પોલીસને જણાવ્યું છે કે દેવરાજ ગૌડા તેને એકાંત સ્થળે લઈ ગયો અને તેની છેડતી કરી. એટલું જ નહીં ગૌડાએ તેના પતિને મારી નાખવાની ધમકી પણ આપી હતી. પીડિતાએ તેના પરિવાર માટે સુરક્ષાની પણ માંગ કરી છે.

કથિત સેક્સ સ્કેન્ડલ કેસના ઘટસ્ફોટમાં પ્રજ્વલ રેવન્નાના જૂના ડ્રાઈવરની સૌથી મોટી ભૂમિકા છે. દાવા મુજબ, કાર્તિક પાસે એક પેનડ્રાઈવ હતી જેમાં પ્રજ્વલનો અલગ-અલગ યુવતીઓ સાથે અશ્લીલ વીડિયો હતો. આ પેન ડ્રાઈવ વડે તેઓ બીજેપી નેતા દેવરાજ ગૌડાને મળ્યા. દેવરાજે કાર્તિકને વિશ્વાસમાં લઈને પેન ડ્રાઈવ મેળવી હતી. આ પછી દેવરાજે બીજેપીના ઉચ્ચ અધિકારીઓને પ્રજ્વલને ટિકિટ ન આપવાની માંગ કરી. દેવરાજ કહે છે કે તેણે તે પેન ડ્રાઈવની કેટલીક કોપી કોંગ્રેસ નેતાઓને પણ આપી હતી. બાદમાં આ વીડિયો વાયરલ થયો હતો.

## ન્યૂઝ બ્રિફ

### કાળઝાળ ગરમીમાં ત્રણવાર શણગાર બદલશે મા અંબા

। (એજન્સી) અંબાજી, તા.૧૦ ।

અંબાજી મંદિરમાં તારીખ ૧૦ મે શુક્રવારના વૈશાખ સુદ અખાત્રીજથી મા અંબાની આરતીના સમયમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. સવાર સાંજ બે સમયે થતી આરતી હવે ત્રણ સમય કરવામાં આવશે. જેમા બપોરની આરતી વધારાની કરવામાં આવશે. એવું માનવામાં આવે છે કે હાલની કાળઝાળ ગરમીમાં માતાજીને દિવસ દરમ્યાન ત્રણ સમય કપડા અને શણગાર બદલાતા હોવાથી આરતી ત્રણ સમય કરવામાં આવશે. જે મંદિર સવારે ૧૧.૩૦ કલાકે બંધ થતું હતું તેના બદલે ૧૦.૪૫ કલાકે બંધ થશે. યાત્રિકો મંદિરમાં સવારે માતાજી બાલ્યા અવસ્થા, બપોરે યૌવન અવસ્થા અને સાંજે પૌઢ અવસ્થાના દર્શન થશે, તેમ મંદિરના ભટ્ટજી મહારાજ ભરતભાઈ પાધ્યા જણાવ્યુ હતું. યાત્રાધામ અંબાજી ખાતે સૂર્યોદય અને સૂર્યાસ્તના સમયમાં ફેરફાર થતા અંબાજી મંદિરમાં આવતા યાત્રિકોની સગવડતા ખાતર નિજ મંદિરના દર્શન આરતીના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

### પોલીસને હેરાનગતિ કરવા બદલ શખ્સની ધરપકડ કરાઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૦ ।

ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસકર્મી સુરેશભાઈ મથુરભાઈએ ફરિયાદ કરતાં કહ્યું હતું કે, અમને PSOનો મેસેજ મળ્યો હતો કે, પંચવટી પાસે કોઈ શખ્સને પોલીસ માર માર્યો છે. આ મેસેજને આધારે યુનિવર્સિટી પોલીસની ટીમ ગઇ હતી પરંતુ, ત્યાં કોઈ વ્યક્તિ કે પોલીસ મળી આવ્યા નહોતા. જેથી તેમણે ફરિયાદ કરનાર વ્યક્તિને ફોન કરતાં તે પોલીસને જુદા-જુદા લોકેશન બતાવતો હતો. પોલીસની ટીમ જ્યાં ઉભી હતી ત્યા એક સ્વીફ્ટ કાર વાંકીચૂકી ચલાવીને એક ચાલક નીચે ઉતર્યો હતો અને તેણે કહ્યું હતું કે, મે જ તમને ફોન કર્યો હતો. ત્યારબાદ તેણે પોલીસકર્મીઓ સાથે બોલાચાલી કરી હતી અને ઝપાઝપી કરવા માંડ્યો હતો. પોલીસે તેને જોતાં તે ચિક્કાર નશામા હતો. તેણે પોલીસને પોતાનું નામ હિરેન હરીશ શેખાવા જણાવ્યું હતું. પોલીસે તેની કાર કબજે કરીને ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# રાદડિયા-સંઘાણી બાદ નારણ કાછડીયા ભાજપ સામે બગડ્યા

## વિપક્ષ પાસે કશુ જ નથી છતા ભાજપને હંફાવે છે, જે થેન્ક્યું ના બોલી શકે એને આપી ટિકિટ, કોંગ્રેસ-AAPના કાર્યકરો સવારે આવે અને સાંજે હોદ્દો મળે

। (એજન્સી) અમરેલી, તા.૧૦ ।

લોકસભાની ચૂંટણી પૂરી થતા જ ભાજપ ના નેતાઓનો આંતરિક વિવાદ ઉભરો બનીને બહાર ઠલવાઈ રહ્યો છે. ભાજપે કરેલા ભરતી મેળાથી ભાજપના જ અનેક નેતાઓ અને કાર્યકર્તાઓ નારાજ થયા છે. લોકસભાની ચૂંટણીમાં તેની અસર પણ જોવા મળી હતી. ત્યારે હવે લોકસભાની ચૂંટણી પત્યા પછી ભાજપના દિગ્ગજ નેતા નારણ કાછડિયાની નારાજગી સામે આવી છે. સંઘાણી બાદ ભાજપના બીજા દિગ્ગજ નેતાએ પ્રદેશ નેતૃત્વ પર લગાવ્યા ગંભીર આરોપ લગાવ્યા છે. અમરેલીમાં જેની ટિકિટ કાપીને ભરત સુતરિયાને ભાજપે ટિકિટ આપી હતી, તે નારણ કાછડીયાએ જાહેરમાં ભાજપનો વિરોધ વ્યક્ત કર્યો છે. મતદાન પૂરું થતા જ અમરેલીના નારણ કાછડીયાએ ભાજપ માટે પોતાનો વિરોધ વ્યક્ત કર્યો છે. લોકસભાની ચૂંટણીમાં ભાજપને તેમની ટિકિટ કાપી હતી. ત્યારે હવે નારણ કાછડીયાએ પક્ષ વિરોધ સ્ફોટક નિવેદનો કર્યા છે. ભાજપના ભરતી મેળા વિશે એક કાર્યક્રમમાં નારણ કાછડીયાએ કહ્યું કે, કાર્યકર્તાઓને ઉભો કરતા દસ વર્ષ લાગે છે. કાર્યકર્તાઓને તોડવાની કોઈ કોશિશ ના કરે, કાર્યકર્તાની પાછળ અમે બેઠા છીએ. કોંગ્રેસ અને આપમાંથી કાર્યકરો સવારે આવે અને સાંજે હોદ્દો મળી જાય છે. બીજે દિવસે કેબિનેટના મંત્રીના પદ મળી જાય.. સંગઠનના પદ મળી જાય.. ધારાસભ્યની ટિકિટો મળી જાય.. તમે પાર્ટીમાં નિયમ પ્રમાણો લો, આપણે સરવાળો કરવાનો છે, બાદબાકી નથી કરવાની તે અમે જાણીએ છીએ. કાર્યકર્તાઓને પાર્ટીમાં લો, પરંતુ ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓના ભોગે નહીં. આમ, પક્ષપલટુઓ પ્રત્યે નારણ કાછડીયાએ ભારોભાર નારાજગી વ્યક્ત કરી હતી. આ મુદ્દે તેમણે આગળ કહ્યું



કે, ભાજપના કાર્યકર્તા ૩૫-૩૫ વર્ષથી કામ કરતો હોય અને પાર્ટીના ઝંડા લગાવતો હોય.. નારા લગાવતો હોય.. અને તમે કાલે સવારે લઈ આવો એ સ્ટેજ પર બેસે અને સિનિયર કાર્યકર્તા સામે બેઠો હોય તે કેટલા અંશે વ્યાજબી કહેવાય?'' વધુમાં તેમણે કહ્યું કે, ભાજપના કોઈ પણ કાર્યકર્તાને સાઈડલાઈન કરીને કોઈને પદ કે હોદ્દો આપવો.. જે કાલે સવારે આવ્યા હોય.. તેમના માટે તો ક્યારે સ્વીકારી ન શકીએ.

ઓછા મતદાન વિશે કાછડીયાએ કહ્યું કે, વિપક્ષ પાસે કશું જ નથી છતાં આપણને હંફાવે છે. અમરેલી લોકસભા બેઠક પર દોઢ લાખ મત ઓછા પડ્યા હતા. ઉમેદવાર સિલેક્શન કરીને મતદારોનો દ્રોહ કર્યો છે. અમરેલીમાં બહુ બધા ઉમેદવાર લાયક લોકો હતા. જે 'થેંક્યૂ' પણ નો બોલી શકે એને ટિકિટ આપી છે. આમ, નારણ કાછડિયાએ આરોપ લગાવ્યો હતો કે ભાજપે નબળા ઉમેદવારને મેદાને ઉતાર્યા છે.

તેમણે દાવો કર્યો હતો કે કોંગ્રેસે ભાજપને હંફાવ્યા છે. તે સિવાય ભાજપમાં કોંગ્રેસ અને અન્ય પક્ષના નેતાઓને સામેલ કરવાને લઈને પણ કાછડિયાએ આકરા પ્રહારો કર્યા હતા. તેમણે ભાજપમાં થયેલી વેલકમ પાર્ટીઓ મુદ્દે આકરા પ્રહારો કર્યા હતા. ગઈકાલે દિલીપ સંઘાણીએ નામ લીધા વિના પાટીલ પર નિશાન સાધ્યું હતું. સંઘાણીએ ભાજપમાં આવતા કોંગ્રેસના નેતાઓ મુદ્દે પાટીલ પર નિશાન સાધ્યું હતું. પક્ષ પલટો કરનારાઓને પદ આપવું એને ઈલુ-ઈલુ કહેવાય છે. ઈલુ-ઈલુ કહીને સહકારી ક્ષેત્રને બદનામ કરવાનો પ્રયાસ છે. પ્રદેશ ભાજપમાં ઈફકોની ઉમેદવારી મુદ્દે સંકલનનો અભાવ છે. મેન્ડેટ આપવો એ જ સંકલનની ખામી છે. ઈફકોની જેવી સંસ્થામાં ક્યારે મેન્ડેટ અપાતા નહોતા. જયેશ રાદડિયાને પણ મેન્ડેટની જાણ નહોતી. મને પણ મેન્ડેટની જાણ નહોતી. જયેશ રાદડિયાના ફોર્મ બાદ બિપીનભાઈએ ફોર્મ ભર્યું હતું. સંકલન કર્યું હોત તો આજે આ પરિસ્થિતિ સર્જાઇ ના હોત. સંગઠનના સંકલનના અભાવના કારણે આ સ્થિતિ સર્જાઈ હતી.

### ગુજરાતમાં NEET પરીક્ષા કૌભાંડ મુદ્દે મોટો ખુલાસો

# પોલીસે બનાવેલી SIT દ્વારા તપાસ શરૂ કરવામાં આવી

। (એજન્સી) ગોધરા, તા.૧૦ ।

પંચમહાલથી સામે આવેલા નીટ પરીક્ષા કૌભાંડ મામલે જિલ્લા પોલોસ વડાએ આજરોજ મોટો ખુલાસો કર્યો છે. સમગ્ર મામલે તપાસ માટે SIT ની રચના કરવામાં આવી છે. હવે આ મામલે પોલીસે બનાવેલી SIT દ્વારા તપાસનો શરૂ કરવામાં આવ્યો છે. જેમાં પણ ચોંકાવનારી હકીકતો સામે આવી છે. પંચમહાલ પોલીસે સમગ્ર મામલાની ગંભીરતા જોતા જિલ્લા પોલીસ વડા એ તપાસ માટે SITની રચના કરી છે. સાથે જ આજરોજ જિલ્લા પોલીસ વડા દ્વારા આપવામાં આવેલી માહિતીમાં તુષાર ભટ્ટની ભૂમિકા અંગે મોટો ખુલાસો થયો છે. આરોપી તુષાર ભટ્ટે જે વિદ્યાર્થીઓ સાથે ડિલ થઈ હતી તેમને જણાવ્યું હતું કે જેટલું આવડે તેટલું ઓ એમ આર શીટમાં લખવું બાકીનું બ્લેક છોડી દેવું અને ભટ્ટે ઓએમઆર શીટમાં બાકીના જવાબો ભરવા માટે વાલીઓ જોડે સેટિંગ કર્યું હતું. હાલ આ સમગ્ર મામલે ત્રણ આરોપી પૈકી રોય ઓવરસિઝ ના માલિક પરશુરામ રોય ની ગોધરા પોલીસે ગત રાત્રી ના તેના તેની ઓફીસ થી ધરપકડ કરી લીધી છે તો બાકી ના બે આરોપી તુષાર ભટ્ટ અને આરીફ વ્હોરા ને ઝડપી પાડવા પણ અલગ અલગ ટીમો બનાવી તાપસ કરવામાં આવી રહી છે. સૌથી મહત્વની વાત એ છે કે આ મામલે હવે જે વિદ્યાર્થીઓના લિસ્ટ ભટ્ટ અને રોયની વોટ્સએપ ચેટમાં સામે આવ્યા છે તે વાલીઓની ભૂમિકા અંગે પણ તપાસ કરવા માં આવનાર છે. હાલ જે વિદ્યાર્થીઓનું લિસ્ટ સામે આવ્યું છે. તેમના વાલીઓને શોધી કાઢવા પોલીસે અલગથી એક ટીમ કામે લગાડી છે. SITની ટીમ પરશુરામ રોય ની ઓફીસમાં હાલ સર્ચ કરી રહી છે. જેના દસ્તાવેજમાંથી પણ અનેક મોટા ખુલાસાઓ સાથે કેટલાક મોટા માથાના નામો પણ સામે આવી શકે છે.

### લગ્નમાં DJ બંધ કરાવવાની અદાવતે યુવક પર વરરાજા અને તેના ભાઈનો કટારથી હુમલો

। વડોદરા, તા.૧૦ ।

વડોદરાના કલાલી પાસે આવેલા ચાણક્ય વુડાના મકાનમાં ખૂની ખેલ ખેલાયો હતો. લગ્નમાં DJ બંધ કરાવવાની અદાવતે યુવક પર વરરાજા અને તેના ભાઈનો કટારથી હુમલો કર્યો હતો. વડોદરાના અટલાદરામાં મીંઢળ બાંધેલા હાથે જ વરરાજાએ એક યુવકની કટારથી હત્યા કરી હતી. મળતી માહિતી પ્રમાણે, અટલાદરા વિસ્તારમાં પ્રકાશ ચૌહાણના લગ્નની છેલ્લી તૈયારીઓ ચાલી રહી હતી.

### બિસ્માર રોડને લઇ હાઈકોર્ટમાં વધુ એક અરજી

## નારોલ સર્કલથી સરખેજ સર્કલ સુધીનો રોડ ખરાબ હાલતમાં

### હાઈકોર્ટે મ્યુ.કોર્પોરેશન, નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઇન્ડિયા અને પોલીસ કમિશનરને નોટિસ ઇસ્યુ કરી

। (એજન્સી) અમદાવાદ, ૧૦ ।

ગુજરાત હાઈકોર્ટમાં સામાજિક કાર્યકર એઝાજખાન પઠાણ દ્વારા એડવોકેટ કે. આર. કોષ્ટિ મારફતે એક અરજી દાખલ કરવામાં આવી છે. જે જજ વૈભવી નાણાવટીની બેન્ચ સમક્ષ રજૂ થઈ હતી. જેમાં અરજદારે જણાવ્યું હતું કે, અમદાવાદમાં નારોલ સર્કલથી સરખેજ સર્કલ સુધીનો મુખ્ય રોડ અને સર્વિસ રોડ બંને ખરાબ હાલતમાં છે. આ અંગે ઓથોરિટી સમક્ષ બે વખત રજૂઆત કરી હોવા છતાં કોઈપણ જવાબ આપવામાં આવ્યો નથી. આ રોડ ઉપર ટ્રાફિક સિગ્નલ પણ યોગ્ય અવસ્થામાં નથી કે ઝેબ્રા ક્રોસિંગ પણ નથી. અમદાવાદ શહેરમાંથી પસાર થતો આ નેશનલ હાઈવે ૯૪૭ દક્ષિણ ગુજરાતથી સૌરાષ્ટ્ર તેમજ ઉત્તર ગુજરાતને જોડે છે. વર્ષ ૨૦૨૦માં આ રોડ ઉપર ૭ પ્રાણઘાતક અકસ્માત થયા હતા. ૧૧ ગંભીર અકસ્માત બન્યા હતા અને અન્ય ૧૯ અન્ય અકસ્માત બન્યા હતા. ૨૦૨૧માં ૩ પ્રાણઘાતક અકસ્માત બન્યા હતા. ૨ ગંભીર અકસ્માત બન્યા હતા.

## શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાના કેસમાં પાકિસ્તાની કનેક્શન સામે આવ્યું

। (એજન્સી) અમદાવાદ, તા.૧૦ ।

અમદાવાદની સ્કૂલોને બોમ્બ બ્લાસ્ટ કરીને ઉડાવી દેવાના મામલામાં મોટો ખુલાસો થયો છે. ક્રાઈમ બ્રાંચની તપાસમાં પાકિસ્તાની કનેક્શન ખુલ્યુ છે. નોંધનીય છે કે, ગુજરાતમાં લોકસભાની ચૂંટણીમાં મતદાનના એક દિવસ પહેલા એટલે કે ૬ મેના રોજ અમદાવાદની ૨૪ સ્કૂલોને બોંબથી ઉડાવી દેવાની ધમકીના મેઈલ મોકલાયા હતા. આ અંગે અમદાવાદ ક્રાઈમ બ્રાંચ પાસેથી મળતી માહિતી પ્રમાણે, અમદાવાદની ૨૪ શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાના કેસની તપાસમા પાકિસ્તાની કનેક્શન સામે આવ્યુ છે. અમદાવાદની શાળાઓને ઉડાવવાના ધમકીભર્યા ઈમેઈલ પાકિસ્તાનથી આવ્યા હોવાનું તપાસમાં સામે આવ્યુ છે. ક્રાઈમ બ્રાંચે મેઈલ કઈ જગ્યા પરથી આવ્યો છે તેનુ આઈડી શોધી નાંખ્યુ છે. પ્રાથમિક તપાસમાં રશિયન સર્વરમાંથી આ ધમકી આવ્યાનું અનુમાન કરવામાં આવ્યુ હતુ. જોકે ક્રાઈમ બ્રાન્ચને આ મેઈલ આપવામાં આઈએસઆઈએસની સંડોવણી હોવાની આશંકા પણ હતી. જોકે તપાસમાં પાકિસ્તાનના ફૈઝલાબાદ આર્મી કેન્ટોનમેન્ટનું લોકેશન હોવાનુ ખુલ્યું હતુ. ગુજરાતમાં ચૂંટણીના મતદાનના આગળના દિવસે જ આ ધમકીભર્યા ઈમેઈલ મળતા ખળભળાટ મચી ગયો હતો. આ ગંભીરતાને ધ્યાનમાં લઈને ક્રાઈમ બ્રાન્ચ, સાયબર ક્રાઈમ, એસ.ઓ.જી. અને અમદાવાદ પોલીસે તાત્કાલીક બી.ડી.ડી.એસ. ચેકીંગ, ડોગ સ્કવોડ દ્વારા સ્કૂલોનુ ચેકિંગ હાથ ધર્યું હતું.

## રથયાત્રાનું કાઉન્ટડાઉન શરૂ થયું અખાત્રીજે કરાઇ ત્રણેય રથની પૂજા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૦ ।

ભગવાન જગન્નાથની ૧૪૭મી રથ યાત્રાની તૈયારી શરૂ કરવામાં આવી છે. અમદાવાદ જગન્નાથ મંદિર દ્વારા તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. અખાત્રીજના પવિત્ર દિવસે રથની પૂજા કરવામાં આવી છે. ત્રણેય રથ ભગવાન જગન્નાથનાથ, બહેન સુભદ્રા અને ભાઈ બલભદ્રના વિશેષ શણગાર કરવામાં આવ્યો. ફૂલોથી રથને શણગાર કરવામાં આવ્યો છે. ત્રણે રથની વિશેષ પૂજા-અર્ચના કરવામાં આવી છે. મંત્રોચાર સાથે વિધિ કરવામાં આવી છે અને રથની આરતી કરવામાં આવી છે. આજે રથની પૂજા જગન્નાથ મંદિરના મહંત અને ટ્રસ્ટી મહેન્દ્ર ઝા દ્વારા કરવામાં આવી છે. મેયર, ધારાસભ્ય અને ભક્તો ઉપસ્થિત રહ્યા હતા ભગવાન જગન્નાથ રથયાત્રા નીકળે તે પહેલાં અને રથનું સમારકામ કરવામાં આવતું હોય છે તે સમારકામની શરૂઆત અખાત્રીજના દિવસે થી કરવામાં આવે છે ભગવાન જ્યારે રથયાત્રા નીકળે છે ત્યારે રથ પણ વિશેષ આકર્ષણનું કેન્દ્ર હોય છે રથ ના કલર આકર્ષક કેન્દ્ર બનતું હોય છે. રથના પૈડાં સહિતનું સમારકામ કરવામાં આવે છે ૧૪૬ વર્ષથી ચાલી આવતી પરંપરાને આજે પણ જીવનત રાખવામાં આવી રહી છે. ૧૪૭ મી રથયાત્રાની તૈયારી શરૂ કરવામાં આવી છે તમામ વિધિ પરંપરા પ્રમાણે કરવામાં આવે છે. રથની પૂજા બાદ રથનું કલર કામ કરવામાં આવશે તેમ પણ વિશેષ ધ્યાન રાખવામાં આવેરથનું સમારકામ, ભગવાનના વાઘા બનાવવાનું કામ શરૂ કરવામાં આવશે.

# સુરત શહેરના ૧૦ પાર્લરના આઈસ્ક્રીમમાં ભેળસેળ જોવા મળી

। (એજન્સી) સુરત, તા.૧૦ ।

ગરમીની સીઝનમાં આઈસ્ક્રીમનો ચટાકો લેતા હોય તો સાવધાન થઈ જજો. સુરતમાં આઈસ્ક્રીમમાં મોટી ભેળસેળ જોવા મળી છે. સુરત શહેરના ૧૦ પાર્લર પરના આઈસ્ક્રીમ ખાવાલાયક નહીં હોવાનો ઘટસ્ફોટ થયો છે. પાલિકાના ફૂડ વિભાગ તરફથી લેવાયેલા નમૂનાનો રિપોર્ટમાં આ ખુલાસો થયો છે

પાલિકા તરફથી ગત દિવસોમાં સુરત શહેરમાં અલગ-અલગ વિસ્તારોમાંથી ૨૫થી વધુ આઈસ્ક્રીમ વિક્રેતાઓને ત્યાંથી ૨૯ આઈસ્ક્રીમનાં નમૂના લીધા હતાં. જેનું ટેસ્ટિંગ લેબોરેટરીમાં કરવામાં આવ્યું હતું. ૨૯ પૈકી ૧૦ નમૂના ફેઈલ સાબિત થયા હતાં. મિલ્ક ફેટની માત્રા ૧૦ ટકાથી ઓછી હોવાની સાથે ટોટલ સોલીડની માત્રા પણ ૩૬ ટકાથી ઓછી મળી હતી.

રાજ્યમાં ભેળસેળની આ ઘટના નવી નથી રાજ્યમાં સુરત, રાજકોટ જેવી અનેક જગ્યાએ અનેક ખાદ્ય વસ્તુઓમાં ભેળસેળના સમાચાર સામે આવતા રહે છે. પણ મહત્ત્વની વાત એ છે કોઈ વસ્તુમાં ભેળસેળ થઈ છે કે નહીં તેનો ખુલાસો થાય ત્યાં સુધીમાં લોકો જે તે જગ્યાએથી એ વસ્તુ આરોગી લીધી હોય છે અને તંત્ર દ્વારા માત્ર અમુક રૂપિયાનો દંડ ફટકારીને સંતોષ માનવામાં આવે છે.

થોડા સમય પહેલા રાજકોટ મનપા દ્વારા લેવામાં આવેલા નમૂના ફેલ થયા હતા. જેમાં શ્રીખંડ અને ફરાળી લોટમાં ભેળસેળ ખુલી પડી હતી. ફૂડ કલર અને મકાઈનો અને ઘઉંનો લોટ ફરાળી લોટમાંથી નીકળ્યો હતો. મનપા દ્વારા વિમલ નમકીન, મંત્ર મહલ અને રાધે કેટરિંગ તેમજ આર એક ગૃહ ઉધ્યોગમાંથી લીધેલા નમૂના નાપાસ થયા છે. કોર્ટ કેસ સહિતની કાર્યવાહી મનપા દ્વારા શરૂ કરવામાં આવી છે.

રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા વિમલ નમકીન, શ્રીરામ ગૃહ ઉદ્યોગ, અશોક ગાર્ડન પાસે ઉમાકાંત પંડિત, ઉદ્યોગનગર, લક્ષ્મીનગર મેઈન રોડ, પાસેથી લેવામાં આવેલ ખાદ્યચીજ કેશર શિખંડ (લુઝ)ના નમૂના તપાસ બાદ સીન્થેટિક ફૂડ કલર ટાર્ટ્રાઝીન અને સનસેટ યેલો એફસીએફની હાજરી તેમજ મિલ્ક ફેટનું પ્રમાણ ધારાધોરણ કરતાં ઓછું હોવાને કારણે નમૂનો સબસ્ટાન્ડર્ડ જાહેર થયેલ છે.

રાજકોટ મહાનગર પાલિકાના ફૂડ વિભાગ દ્વારા રાધે કેટરર્સથી લેવામાં આવેલ ખાદ્યચીજ ફરાળી લોટ, ફરાળી પેટીશ માટેનો (લુઝ)'' નો નમૂનો તપાસ બાદ મકાઈના સ્ટાર્ચની હાજરી હોવાને કારણે નમૂનો સબસ્ટાન્ડર્ડ જાહેર થયેલ છે. રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગની ટીમ તથા એફ.એસ.એફ.વાન સાથે શહેરના નાણાવટી ચોકથી રામેશ્વર મેઈન રોડ વિસ્તારમાં આવેલ ખાધ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૨૦ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૦૮ ધંધાર્થિઓને લાઈસન્સ બાબતે સૂચના આપવામાં આવેલ.

### ચંદનના લાકડાને મશીન દ્વારા લેપ તૈયાર કરવામાં આવે છે

# અખાત્રીજનો મહિમા : સ્વામિનારાયણ ભગવાનને ચંદનનો લેપ લગાવ્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૦ ।

અખાત્રીજનો દિવસ ખાસ ગણ્યા છે. શાસ્ત્રો અનુસાર અક્ષય તૃતીયાએ બધા પાપોનો નાશ કરવા અને તમામ સુખ પ્રદાન કરવા માટે શુભ તિથિ છે. આ દિવસે કરવામાં આવેલ કોઈપણ શુભ કાર્ય નિશ્ચિતરૂપે સફળ થાય છે. તેથી, અક્ષય તૃતીયાને લગ્ન, ગૃહ પ્રવેશ, નવો ધંધો, ધાર્મિક વિધિ અને પૂજા માટે શ્રેષ્ઠ માનવામાં આવે છે. શાસ્ત્રોમાં અક્ષય તૃતીયાને શુભ કાર્યો માટે અબુજા મુહૂર્તા તરીકે જોવામાં આવે છે. આ અક્ષય તિથિ પરશુરામજીનો જન્મદિવસ હોવાથી પરશુરામ તિથિ પણ કહેવામાં આવે છે. માનવામાં આવે છે કે મહર્ષિ વેદ વ્યાસે અક્ષય તૃતીયાના દિવસથી જ મહાભારત લખવાનું શરૂ કર્યું હતું. આ સાથે સતયુગ, દ્વાપરયુગ અને ત્રેતાયુગની શરૂઆત અક્ષય તૃતીયા સાથે કરવામાં આવી છે. અક્ષયનો અર્થ જેનો ક્યારેય ક્ષય થતો નથી. સ્વામિનારાયણ સંપ્રદાયની પરંપરાગત અનુસાર ગ્રીષ્મ ઋતુ - વૈશાખ માસની ગરમીમાં ભગવાનને ઠંડક મળે તેવા હેતુથી શ્રી સ્વામિનારાયણ ભગવાન - શ્રી ઘનશ્યામ મહાપ્રભુ, શ્રી હરિકૃષ્ણ મહારાજને ચંદનના વાઘાના મનોરમ્ય શણગાર સજાવવામાં આવ્યા હતા.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨